
સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર
શ્રી સ્વામિનારાયણ
ચિંતન
એપ્રિલ - ૨૦૦૯
બે વર્ષ લવાજમ રૂ.૧૯૦/-
ખોપાળાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ દેવોનો '૨૧મો વાર્ષિક પાટોત્સવ' (તા. ૧૮-૪-૨૦૦૯)




**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વા. મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે મહામુક્તરાજ શ્રી રુકમાઈબાઈના ગામજૂની હળિયાદ (જી. અમરેલી)ને આંગણે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન નવાહ્ન પારાયણ' (તા. ૨૭-૪-૦૯ થી ૪-૪-૦૯)**

૧. કથા પ્રારંભમાં દિપ પ્રાગટ્ય કરતા વૈષ્ણવાચાર્ય પ.પૂ. શ્રી લલીતબાવાશ્રી તથા પૂ. લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી, પૂ. કોઠારી સ્વામી - ગઢપુર, પૂ. વક્તાશ્રી. ૨. પૂ. વક્તાશ્રીનું પૂજન કરતા વૈષ્ણવાચાર્ય પ.પૂ. શ્રી લલીતબાવાશ્રી. ૩. પૂ. વક્તાશ્રીનું પૂજન કરતા મુખ્ય યજમાન શ્રી જયંતિભાઈ રૈયાણી. ૪-૫-૬. કથાપારાયણ દરમ્યાન પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રી નીકળેલ ભવ્ય શોભાયાત્રા. ૭. સભામંડપમાં પૂ. વડિલ સંતો સાથે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૮. ભક્તજનોને રૂડા આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૯.મંદિરમાં બિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૦-૧૧-૧૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન-અમૃતવાણીનો તેમજ કથાપારાયણનો લાભ લેતા જૂની હળિયાદ વિસ્તારના ભક્તજનો.



:: સંસ્થાપક :: :: અધ્યક્ષ ::

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૪, અંક :- ૧૦, તા. ૨૦-૦૪-૦૯


:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

:: તંત્રી ::
સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોબર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ - પરિવારમાં આનંદ અને સંસ્કારની સોરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂા. ૧૯૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફોન નં. ૦૨૮૧ - ૨૭૮૯૨૧૧
Visit us : www.sardhardham.org
E-mail : chintansardhar@yahoo.in



આંતરરાષ્ટ્રીય શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ 2009

૨૦૮ કરોડ મંત્રલેખન • અનેક શહેરોમાં ઉપમહોત્સવો • મહામહોત્સવ - ગઢપુર

અધ્યક્ષ : ૫.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

ઉપાધ્યક્ષ : ૫.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

ગઢપુર મહોત્સવ

પ્રારંભ :- તા. ૦૩-૧૨-૨૦૦૯, માગશર વદ - ૨

પૂર્ણાહુતિ :- તા. ૧૧-૧૨-૨૦૦૯, માગશર વદ - ૧૧


## :: અનુક્રમણિકા ::


૧ 'સહજાનંદ સ્વામી રે, પ્રકટત આ સમે રે; પ્રાણી કોઈ પામત નહીં ભવપાર રે... ૦૪
- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૨ ભારતીય ભક્તિ-સંસ્કૃતિની દિવ્ય પરંપરા : નિત્ય પૂજાવિધિ ૦૫
- સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

૩ પ્રભુને 'Thank You' એટલે ? : નિત્યપૂજા ૧૦
- પાર્ષદ કુશાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૪ શ્રી સ્વા. સંપ્રદાયમાં નિત્ય પૂજાવિધિની શુભ શરૂઆત... ૧૨
- સાધુ ભાસ્કરસ્વરૂપદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૫ નિત્ય પૂજાવિધિની ક્રમિક વિધિ અને મર્મ... ૧૪
- સાધુ પ્રેમવલ્લભદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૬ સૌભાગ્ય અને બુદ્ધિનું પ્રતિક : તિલક-ચાંદલો ૧૭
- સાધુ ઘનશ્યામવલ્લભદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૭ કરતાં ભવજળ તરે તતખેવ રે...પ્રભુની પૂજા માનસી રે. ૨૨
- સાધુ નિર્દોષસ્વરૂપદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૮ સાધનાનું અનેરું સાધન : માળા ૨૫
- સાધુ મહાપુરુષદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૯ પ્રદક્ષિણા, દંડવત્ અને પ્રાર્થના... ૩૦
- સાધુ પતિતપાવનદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૧૦ અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્ય પ્રત્યે પાઠ કરવો... ૩૪
- પાર્ષદ સર્વમંગલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૧૧ સત્સંગ સમાચાર પત્રિકા... ૩૫
- સ્વામી ઘનશ્યામદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી - રઘુવીરવાડી


ઘેર બેઠાં સત્સંગનો અલૌકિક લ્હાવો લેવા માટે...
આજે જ ક્લીક કરો નીચે આપેલ વેબસાઈટ પર...

www.swaminarayanvadtalgadi.org
www.gopinathji.com www.swaminarayan-us.org

૨૨૮મા પ્રાગટ્યોત્સવે પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણને કોટિ કોટિ વંદના...

# સહજાનંદ સ્વામી રે, ન પ્રકટત આ સમે રે; પ્રાણી કોઈ પામત નહીં ભવપાર રે...

સં. ૧૮૩૭ ચૈત્ર સુદ - ૯ (ઈ.સ. તા. ૨-૪-૧૭૮૧)



- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**'સહજાનંદ સ્વામી રે, ન પ્રકટત આ સમે રે,**
**પ્રાણી કોઈ પામત નહીં ભવપાર રે;**
**મતિયાં ને પાખંડી રે, શબ્દની જાળમાં રે,**
**બાંધી બાંધી બોળત જીવ અપાર રે...સહજાનંદ૦૧**
**કામી ક્રોધી લોભી રે, ગુરુ થઈ બેસતા રે,**
**જતિ સતી જડત નહિ જગમાંય રે;**
**જ્ઞાન ને વૈરાગ્ય રે, ભક્તિ ઝૂરીને રે,**
**મરી ઝરી જાત ન લાધત ક્યાંય રે...સહજાનંદ૦૨**
**કાળીંગાની ફોજું રે, કરત અતિ જોરને રે,**
**કરી ગુરુ પંડિતમાં પરવેશ રે;**
**માંસ ને મદિરા રે, પરત્રિયા સંગ થી રે,**
**ધર્મનો રહેત નહિ લવ લેશ રે...સહજાનંદ૦૩**
**વધત વટાળ રે, ઘણો આ સંસારમાં રે,**
**વર્ણ અઢારે થઈ એકતાર રે;**
**સંત ને અસંતમાં રે, કોઈ સમજત નહિ રે,**
**ભવજળ બૂડત સૌ સંસાર રે...સહજાનંદ૦૪**
**નરકના પંથથી રે, કોઈ ન નિવારતા રે,**
**કોઈ ન કરત ભવસેતુ ઉદ્ધાર રે;**
**મુક્તાનંદ કહે છે રે, તેનાં દુ:ખ ટાળિયાં રે,**
**જાઉં એને વારણે વારંવાર રે...સહજાનંદ૦૫'**

અઢારમી સદીના ઘોર દુર્ભેદ્ય અંધકારને ઉલેચનાર સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણના કારણ ભગવાન શ્રી સ્વામિનારાયણને ખૂબ ઉચિત અંજલિ અર્પતા સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી ગાય છે : **'પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ, અધર્મ અંધારું ટાળિયું...'**

સને ૧૭૮૧માં બીજી એપ્રિલે, અયોધ્યા પાસે છપૈયા ગામે ઉચ્ચ સરવરિયા બ્રાહ્મણ કુળમાં પ્રગટેલા આ અવતારી મહાપ્રભુએ, બાળવયમાં જ તીવ્ર બુદ્ધિમત્તા, વિદ્વત્તા અને દિવ્યતાનો અસાધારણ અનુભવ કરાવ્યો; માત્ર ૧૧ જ વર્ષની કુમળી વયે ગૃહત્યાગ કર્યો; માનસ સરોવરથી લઈને નેપાળમાં મુક્તનાથ-પુલહાશ્રમસુધી ઉત્તુંગ હિમશિખરોમાં કઠોર તપશ્ચર્યા કરી; પૂર્વ ભારતના સુંદરવન જેવાં ઘોર જંગલોથી લઈને છેક કન્યાકુમારી સુધી ખુલ્લા પગે એકાકી વિચરણ કર્યું અને ભારતભરના પરિવ્રાજક બનીને છેલ્લે ગુજરાતમાં પ્રવેશ કર્યો; એ વખતે અઢારમી સદી વળાંક લઈ રહી હતી એમની તીક્ષ્ણ નિરીક્ષક બુદ્ધિએ **ભારતવર્ષનું બારીક અવલોકન** કર્યું હતું. ઈતિહાસકારો જેને

'The darkest period of history' કહી વર્ણવે છે એ અઢારમી સદીના ઘોર અંધકારમાં રિબાતા ભારતીય સમાજની દુર્દશાએ, એમના કરુણામય હૃદયને કરુણાથી છલકાવી દીધું હતું.

એક સમયે વિશ્વની 'તમામ સંસ્કૃતિઓનું પારણું' બનનાર કે 'સમગ્ર માનવજાતની જનેતા' બનીને **'વિશ્વગુરુ'** તરીકે પ્રતિષ્ઠા પામનાર ભારતવર્ષના અઢારમી સદીના એ સમયને ઈતિહાસવિદો આલેખતાં લખે છે :

"બધાં જ સ્તર પર વ્યાપેલો આવો સખત ત્રાસ ભારતમાં પૂર્વે ક્યારેય ન હતો. દેશી રાજ્યો અવ્યવસ્થિત હતાં. સમાજ વિસર્જનના આરે આવીને ઊભો હતો. લોકો આપખુદી સત્તાપીશોથી કચડાઈ ગયા હતા. અને વધારે પડતા મનસ્વી વેરાથી પાયમાલ થઈ ગયા હતા. દેશ લૂંટારાઓથી ઊભરાતો હતો. અને તેના બધા જીવન-જરૂરી સ્રોતોને દુશ્મનો દ્વારા વેરણછેરણ કરવામાં આવતા હતા. લશ્કર માત્ર લૂંટ માટે, ત્રાસ ગુજારવા માટે અને સત્તાપીશો સામે બળવો કરવા માટે હતું. સરકારનું અસ્તિત્વ મટી ગયું હતું. બાકી રહ્યા હતા ફક્ત ઘાતકી જુલમો અને કંગાલિયત."

(એચ.એચ. ડોડવેલ, 'કેમ્બ્રિજ હિસ્ટરી ઓફ ગુજરાત')

'ઈસ્ટ ઈન્ડિયા કંપની'ના મુંબઈના ગવર્નર **સર જહોન માલકમ**ના અહેવાલ પ્રમાણે જોઈએ તો એ સમયે પૂર્ણપણે અંધાધૂંધી ફેલાઈ હતી. પરસ્પરની લોહીયાળ લડાઈઓ અને લૂંટફાટને કારણે જમીનો ખેડ્યા વિનાની એમને એમ પડી રહેતી હતી. આઠ લાખની મિલ્કતનો નાશ કરીને, કાઠિયાવાડના ૧૩૯ ગામોને લૂંટીને કચ્છી લૂંટારાઓ ચાલીસ હજાર પશુઓને હાંકી ગયા હતા.

એ સમયે ધાર્મિક ક્ષેત્રે થયેલી દુર્ગતિ પણ ખૂબ હતાશા પ્રેરક હતી. ભોળી, અજ્ઞાની અને વહેમી ભારતીય પ્રજાને દબાવી દબાવીને ધર્મગુરુઓ-સાધુઓ-બાવાઓની જમાત પોતાની જંગલિયતને પોષતી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન પરમહંસ **સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી** એ સમયે તમામ સ્તરે થયેલી ચારિત્ર્યભ્રષ્ટતાની વાત કરતાં લખે છે :

**'અસત્ય ગુરુએ અવળું બતાવી, દીધો અધર્મ ધર્મ ઠરાવી; રાજા ઉન્મત્ત થઈ અપાર, કર્યો સત્ય ધર્મનો સંહાર. આપે પાપ કરે અણલેખે, તેમ પ્રજા કરે દેખા દેખે; નરનારી નિયમમાં નથી, કહીએ તેની ભૂંડાઈ શું કથી. રાજા પ્રજા તજી સત્ય રીતિ, આપ સ્વાર્થે કરે છે અનીતિ; ત્યાગી ગૃહી તજી નિજધર્મ, વિષય સારુ કરે છે વિકર્મ. નર નારી અપાર છે કામી, કરે ગોત્રમાં ગમન હરામી; નથી ધર્મમાં મતિ કોઈની, એવી ખબર લાવ્યા આ મુનિ.'**

(ભક્ત ચિંતામણી : પ્ર-૯, પ્ર-૭)

વૈદિક ધર્મના તમામ આદર્શોને વિસારી દઈને મદ્ય, માંસ અને મૈથુનમાં જ કહેવાતા ધાર્મિકોનો ધર્મ સમાઈ જતો હતો. એ અરસામાં મહેમદાવાદમાં એક બ્રાહ્મણના ઘરમાંથી જ મહાજને ૯૦ મણ માંસ કઢાવ્યું હતું જે તેણે પ્રીતિભોજન માટે તૈયાર કરાવ્યું હતું.

(ત્રિભુવન વ્યાસ, બારમું ગુજરાતી સાહિત્ય અધિવેશન અહેવાલ)

આવા અંધકારમય યુગમાં **સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય** કેટલું સમસામયિક, ઉચિત અને એ અંધકારને વિદારનારું બની રહ્યું હતું !!!

ગુજરાતના સાક્ષર **શ્રી યશવંત શુક્લ** લખે છે : "જ્યાં અનિશ્ચિતતા હતી, અંધાધૂંધી હતી, અવ્યવસ્થા હતી ત્યાં આવી તેમણે ૩૦ વર્ષ કાર્ય કર્યું. ૧૮૦૧માં તેમનું ગુજરાતમાં આવવું, એટલે કે અઢારમી સદીનું પુરું થવું ને ૧૯મી સદીનો આરંભ થવો, તે સમયે એટલે કે બરાબર યુગના વળાંક ઉપર ભગવાન સ્વામિનારાયણ અહીં આવ્યા, પોતે એક **યુગસર્જક** બની ગયા."

અને કવીશ્વર **ન્હાનાલાલ**ના શબ્દોમાં કહીએ તો 'મહાપુરુષો સંસારને **સંજીવની** છાંટે છે. સ્વામિનારાયણે આપણા ગુજરાતના સંસારને સંજીવની છાંટી સજીવન કીધો હતો. સ્વામિનારાયણે શું કર્યું ? એ ઈતિહાસ પ્રશ્નનો ઉત્તર એક જ સૂત્રમાં પૂછો તો એટલો જ છે કે શ્રીજીમહારાજે ગુજરાતને સરયૂનીરથી ધોઈ બ્રહ્મભીનો કીધો. **નવયુગના પ્રભાતના સ્વામિનારાયણ પ્રભાતસૂર્ય** હતા.'

પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક **શ્રી કિશોરલાલ મશરુવાળાએ** તત્કાલીન **સમાજ સંદર્ભના પરિપ્રેક્ષ્યમાં** લખ્યું છે : "જે સમયે ગુજરાત-કાઠિયાવાડમાં અંધકાર છાઈ રહ્યો

**અનુસંધાન પેજ - ૯ પર...**



"....છેવટે ગુજરાત, સહજાનંદજીને યાદ કરશે તે સંત તરીકે નહીં, ધર્માચાર્ય તરીકે નહીં, સાહિત્યપ્રેરક તરીકે નહીં.... પણ એમણે જનતામાંથી માંસ, દારુ, વ્યભિચાર, અસત્ય ને ચોરી – એ પાંચ મુખ્ય બદીઓ દૂર કરી તેને માટે, એમણે ગુજરાતના પશુ જેવા માણસોને માણસો બનાવ્યા તેટલા માટે. સહજાનંદ સ્વામી ન હોત તો આપણે ગુજરાતને 'ગરવી' કહીએ એવું ન હોત, ગુજરાતમાં જે સદાચાર છે તેને સ્થાને એ જોવું ન ગમે તેવું ગંદુ હોત..."

શ્રી ચંદ્રવદન મહેતા
(ગુજરાતના જાણીતા સાક્ષર)



પરમાત્માનો આભાર વ્યક્ત કરતી તેમજ મનની શાંતિ ને મનોબળ પ્રાપ્ત કરવા માટે અને કલ્યાણની પ્રાપ્તિ માટે પ્રતિદિન કરાતી...

# ભારતીય ભક્તિ-સંસ્કૃતિની દિવ્ય પરંપરા: નિત્ય પૂજાવિધિ

- સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી
(વેદાંતાચાર્ય)



આપણા ઈષ્ટદેવની નિયમિતપણે **પ્રતિદિન થતી પૂજા** એટલે જ **નિત્યપૂજા.**
મહાભારતના અનુશાસનપર્વમાં ભગવાન શ્રી વેદવ્યાસજી કહે છે :

'तमेव चार्चयन् नित्यं भक्त्या पुरुषमव्ययम् ।
ध्यायन् स्तुवन्नमस्यंश्च यजमान स्तमेव च ।।
अनादि निधनं विष्णुं सर्वलोकमहेश्वरम् ।
लोकाध्यक्षं स्तुवन् नित्यं सर्वदुःखातिगो भवेत् ।।'

"અર્થાત્ જે મનુષ્ય અવિનાશી પરમપુરુષનું હંમેશા ભક્તિપૂર્વક પૂજન અને ધ્યાન કરે છે અને સ્તુતિ-ઉપાસના કરે છે તે મુમુક્ષુજનો અનાદિ, અનંત, સર્વવ્યાપી, સર્વલોક મહેશ્વર, અખિલાધિપતિ પરમાત્માની નિત્ય સ્તુતિપૂર્વક પૂજનાદિક કરવાથી સંપૂર્ણ દુઃખોથી મુક્ત થાય છે." (મહાભારત : અનુશાસનપર્વ - ૧૪૯/૫-૬)

પરમાત્માની નિત્યપૂજા આદિકાળથી અનેકાનેક પ્રકારે થતી આવે છે. વેદો કહે છે : 'अहरहः सन्ध्यामुपासीत' - 'દરરોજ સંધ્યાવંદન કરવું જોઈએ.' 'स्वाध्यायोऽध्येतव्यः' - 'સ્વાધ્યાયનો પાઠ કરવો જોઈએ.' 'यावज्जीवमग्निहोत्रं जुहोति' - 'જીવનપર્યંત અગ્નિહોમ કરે છે.'

આપણા ઋષિમુનિઓની પ્રવર્તાવેલી વેદોની આ પ્રાચીન આજ્ઞાઓથી ખ્યાલ આવે છે કે, પરમાત્માની પૂજા પ્રતિદિન થવી જોઈએ. ભારત વર્ષમાં ઘરોઘર થતી નિત્ય પૂજાવિધિઓ માત્ર કર્મકાંડ નથી, પરંતુ ભગવાન પ્રત્યેના પ્રેમની અદ્‌ભુત અભિવ્યક્તિ છે. મહાપ્રભુ પ્રત્યે **શ્રદ્ધા અને વિશ્વાસનું પ્રતિક** એટલે પૂજાવિધિ. હૃદયની ઊર્મિઓ પરમાત્મા પ્રત્યે ઠાલવવાનું સ્થાન એટલે નિત્યપૂજા.

પરમાત્માની પૂજા-અર્ચના કરવાથી મનને **શાંતિ** મળે છે, જાણે-અજાણે પાપો થયા હોય તેમાંથી **મુક્તિ** મળે છે, આત્મવિશ્વાસ વધે છે, સારા કાર્યો કરવામાં મનની એકાગ્રતા થાય છે. નિત્ય પૂજાથી જીવનમાં એક નવી જ **રોશની** પ્રગટે છે. સમર્પણભાવ, અહંકાર રહિત થવા માટે નિત્યપૂજાવિધિમાંથી **પ્રેરણા** મળે છે. નિત્ય પૂજાથી ખરાબ કાર્યોથી બચવાની **સહાયતા** મળે છે તેમજ ચિંતા, તણાવમુક્ત મન બને છે. સાચા મનથી, શ્રદ્ધાથી અને શુદ્ધ ભાવનાથી પૂજાવિધિ કરવામાં આવે તો ઉપરોક્ત શક્ય બને છે.

આપણને કોઈ વ્યક્તિએ આપત્કાળમાં સહાય કરી હોય તેને આપણે પ્રસંગોપાત ભાવનાવશ થઈ આદર આપીએ છીએ, કહેતા પૂજીએ છીએ. પણ પછી સહજપણે એ ઉપકારને ભૂલી જઈએ છીએ. **ઉપકારને યાદ રાખવો જોઈએ** અને અપકારને ભૂલવો જોઈએ. ઉપકારને યાદ રાખવાથી, 'મારા જીવનમાં અન્યની સહાય છે' એ વિચારથી માનવી **નમ્ર** બને છે. વળી એ ઉપકાર સમા સદ્‌ગુણ પ્રત્યે પણ માનવી પ્રેરાય છે. એથી અન્યને મદદરૂપ થવા પ્રેરાય છે. ઉપકારી વ્યક્તિના અન્ય સદ્‌ગુણોની પણ **પ્રેરણા** પામે છે. ભગવાન શ્રીહરિના તો આપણા પર અગણિત ઉપકારો છે. આ ભવસાગરમાંથી તરવા માટે ભગવાનની જ સહાયતાની જરૂર પડે છે. આવી વિષમપરિસ્થિતિમાંથી પરમાત્મા આપણને જરૂર ઉગારી લે છે. તેથી જ તો એમના ઉપકારોને સતત યાદ કરવા માટે જ આવશ્યક છે **નિત્યપૂજા.**

નિત્ય પૂજાવિધિમાં ભગવાનની સેવા કર્યાનો આનંદ છે, ભગવાનને ભેટ્યાનો આનંદ છે. **ભગવાનનો નિત્યનો મેળાપ એટલે જ નિત્યપૂજા.** ભગવાનનું **સામીપ્ય** અનુભવવું ને **સામીપ્યને આદરથી વધાવવું** એ જ નિત્યપૂજા. ઉપકારના ભાવથી ક્રિયા તેજ પૂજાવિધિ. આ ક્રિયાથી, નિત્ય પૂજાવિધિથી ભાવ જાગ્રત રહે છે, વૃદ્ધિ

પામતો રહે છે.

**નિત્યપૂજા શા માટે ?** ૧. પરમાત્માએ આપેલ અમૂલ્ય માનવદેહ બદલ આભાર-ભાવ વ્યક્ત કરવા માટે, ૨. મનની શાંતિ અને મનોબળ પ્રાપ્ત કરવા માટે, ૩. આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ માટે અને ૪. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાપાલન માટે નિત્યપૂજા કરવાની છે.

જે પરમાત્માએ દેવોને દુર્લભ એવું **અમૂલ્ય મનુષ્યદેહ** આપણને આપ્યું છે. અમેરિકાના પ્રો. મોરો વિટ્ઝે આત્મા વગરના દેહની કિંમત **છ હજાર ટ્રીલીયન** એટલે છ ઉપર પંદર શૂન્ય ચડાવો તેટલા ડોલર્સ આંકી છે ! એક વખત શરીરમાંથી જીવાત્મા નીકળી જાય પછી પુનઃ તે માનવ જીવિત થતો નથી અને મનુષ્યદેહ સિવાય અન્ય દેહ વડે ભવરોગથી મુક્ત થઈને મુક્તિ પ્રાપ્તિ થતી નથી. માનવ શરીર એ પરમાત્માની **અણમોલ ભેટ** છે. ભગવાન કેવળ પોતાની અપરંપાર કરુણાથી જીવને માનવદેહ આપે છે. દેહ આપ્યા પછી પણ પરમાત્મા અન્ન, પાણી, હવા, પ્રકાશ વગેરે વિના ખર્ચે આપે છે. તે બદલ નિત્યપૂજા કરીને **પરમાત્માનો આભાર** માનવો જોઈએ.

આજના યંત્રયુગના માનવીના અશાંત મનને પ્રભુના શ્રીચરણોમાં જોડી દેવાથી જે પરમાત્માના દિવ્ય ચરણકમળમાંથી શાંતિનું ઝરણું વહ્યા કરે છે તે પરમાત્મા જરૂર સુખ અને શાંતિ આપશે માટે જ પ્રતિદિન **મનની શાંતિ માટે** પ્રભુની નિત્યપૂજા કરીએ.

ધ્રુવ, પ્રહ્લાદ, જનક, અંબરીષ, મીરાંબાઈ, નરસિંહ મહેતા જેવા અનેક ભક્તજનોને સમસ્યાઓ આવી. પરંતુ સમસ્યાઓ સામે એ ભાંગી ન પડ્યાં. કારણ કે તેમની પાસે હરિબળ હતું. નિત્ય પ્રભુ-આરાધનાની શક્તિ હતી. માટે **મનોબળ પ્રાપ્ત કરવા માટે** પણ નિત્યપૂજાની અતિ **આવશ્યકતા** છે.

જેને જન્મ-મરણથી રહિત થઈને પ્રભુના સામીપ્યમાં પહોંચીને **આત્યંતિક કલ્યાણ** પામવું છે તેને માટે નિત્યપૂજા આવશ્યક છે. આત્યંતિક કલ્યાણ એટલે **ભવરોગથી મુક્ત** થઈને અપાર સુખના સ્થાનમાં રહેવાનું ઠેકાણું. જગતમાં કલ્યાણ તો અનંત ભાતનું છે. ઘરે-ઘરે ભિક્ષા માંગવા આવતા ભૂદેવો અને સાધુ-બાવાઓ **'स्वस्ति कल्याणमस्तु'** કહેતા હોય છે. એવા કલ્યાણોથી જગતમાં કાંઈક સુખ જણાય છે, પરંતુ સદા શાશ્વત પરમસુખની પ્રાપ્તિ તેનાથી થતી નથી. **પરમસુખના પ્રદાતા** કેવળ પૂર્ણ પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણ જ છે. સર્વથી પર, સર્વથી અધિક સુખકારી મહાપ્રભુને રહેવાનું **અક્ષરધામ** કેવળ **ભગવાન શ્રીહરિની કરુણા વડે જ** પ્રાપ્ત થાય છે. તે પરમાત્માની કરુણા આપણા ઉપર ક્યારે થાય, તો પ્રભુનું ભજન-સ્મરણ-ધ્યાન-પૂજન વગેરે આજ્ઞાનું પાલન કરવામાં દેહનિષ્ઠા રાખીએ ત્યારે જ તે સુખના અધિકારી બની શકાય છે. માટે જો સર્વોત્તમકલ્યાણની આશા હોય તો **દૈનિક** ભગવાન શ્રીહરિની **નિત્યપૂજા** કરવી જોઈએ. શ્રીજીમહારાજ શ્રી સત્સંગિજીવનમાં સર્વ સત્સંગી વૈષ્ણવોને પ્રતિદિન કરવાનાં **છ કર્મો** કહે છે :

स्नानं ध्यानं हरेः पूजा जपश्च गुणकीर्तनम् ।

सत्सङ्गश्चेति सर्वेषां षट्कर्माणि दिनेदिने ॥

૧. **સ્નાન**-પવિત્ર જળથી સ્નાન, ૨. સવારમાં ઊઠીને શ્રીહરિના સ્વરૂપના ચિંતનરૂપી **ધ્યાન**, ૩. આચાર્યે ઉપદેશ કરાયેલો શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનો **જપ**, નિયમપૂર્વક માળા ફેરવવી તે, ૪. શ્રીહરિની **માનસી પૂજા** અને **બાહ્યપૂજા**, ૫. શ્રીકૃષ્ણની લીલાના ગુણોનું **કીર્તન**, અને ૬. શાસ્ત્રોક્ત લક્ષણવાળા સાધુનો સમાગમરૂપી **સત્સંગ** : આ **છ કર્મો** સર્વ મારાં આશ્રિતોએ પ્રતિદિન કરવાં.

(શ્રી સત્સંગિજીવન : ૨/૭/૧૦)

બધા ભક્તિ સંપ્રદાયોમાં ચાલતી પૂજાવિધિમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે વૈદિક પૂજાવિધિઓના સારરૂપે વ્યક્તિગત નિત્યપૂજાનું નવલું સાધન આપીને સૌ કોઈ માટે નિત્ય ભક્તિનો આનંદ વહેંચ્યો છે. વ્યક્તિગત (પોતાની) પૂજાથી જ વ્યક્તિને સારી પ્રેરણા મળે, બળ મળે, અંતરના દોષો દૂર થાય. વ્યક્તિગત ઘડતર માટે જ વ્યક્તિગત પૂજા આવશ્યક છે. વ્યક્તિગત પૂજા એ ભગવાનની અંગત મુલાકાત છે. આ નાશવંત જગતના પણ કોઈ આબરૂદાર વ્યક્તિની જો અંગત વ્યક્તિગત મુલાકાત થઈ હોય તો હૃદય આનંદથી મહેકી ઉઠે છે, ત્યારે આ અનંતકોટિ બ્રહ્માંડોના માલિકની અંગત વ્યક્તિગત પૂજા શા માટે નહિ ?

નિત્યપૂજામાં કોની મૂર્તિઓ રાખી શકાય ? સામાન્યપણે એવું કહેવાય છે કે - 'अश्माऽपि याति देवत्वं महद्‌भिः सुप्रतिष्ठितः ।' મહાપુરુષો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પ્રતિષ્ઠીત થયેલી પથ્થર મૂર્તિ પણ એક દેવ બની જાય છે. મૂર્તિમાં પ્રાણનું આવાહન એ મહત્ત્વનું અંગ છે. આ પ્રાણ-આવાહન કઈ વ્યક્તિ દ્વારા થાય છે તે પ્રમાણે મૂર્તિમાં દૈવત રહે છે આ પ્રમાણે લોકોક્તિ પણ છે.

**મૂર્તિઓ કેવી હોવી જોઈએ ?** સર્વોપરિ, સર્વકારણના કારણ, અનંત વિશ્વના સર્જક પોષક ધારક રક્ષક, પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ એક જ છે. માટે હાથીના પગલામાં બધાં જ પ્રાણીઓનાં પગલાં આવી જાય છે તેમભગવાન શ્રી સ્વામિનારાયણમાં બધું જ આવી જાય છે. આથી આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સિધ્ધાંત અનુસાર એક





ભગવાન શ્રી સ્વામિનારાયણની જ મૂર્તિઓ આપણી નિત્યપૂજામાં રાખી શકાય. ભગવાન શ્રીહરિ શિક્ષાપત્રીના ૬૨માં શ્લોકમાં લખેછે કેઃ-

'आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् ।
कृष्णस्वरूपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ।।'

(શિક્ષાપત્રી : શ્લોક - ૬૨)

ધર્મવંશી આચાર્યે ભગવાનનું જે **સ્વરૂપ** પૂજા કરવા આપ્યું હોય અથવા જે મૂર્તિની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપ **સેવવા યોગ્ય** છે. એ સિવાયના બીજા સ્વરૂપ અર્થાત્ જે સ્વરૂપ ધર્મવંશી આચાર્યે સેવવા ન આપ્યું હોય અથવા જે સ્વરૂપની પ્રતિષ્ઠા ધર્મવંશી આચાર્યે ન કરી હોય તે સ્વરૂપ સેવવા યોગ્ય નથી પણ માત્ર વંદના કરવા યોગ્ય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના જીવનસમય દરમિયાન અર્ચાસ્વરૂપોની પ્રતિષ્ઠા કરીને મંદિરોમાં પધરાવવા માટે અર્ચાસ્વરૂપો આપ્યા. પરંતુ શિક્ષાપત્રી લખ્યા પછી પોતાના સ્વરૂપો માટે એટલો વિવેક બતાવ્યો કે ભગવાન શ્રી સ્વામિનારાયણની પોતાની જ મૂર્તિ (અર્ચા) હોય પરંતુ તે જો ધર્મવંશી આચાર્યે પ્રતિષ્ઠા કરેલી ન હોય અથવા ધર્મવંશી આચાર્યે સેવવા માટે આપી ન હોય તો એ સેવ્ય સ્વરૂપ ન કહેવાય, કેવળ વંદના કરવા યોગ્ય (અન્ય અવતારોના સ્વરૂપોની માફક અથવા માત્ર અવગણના નહિ કરવા યોગ્ય) કહેવાય.

આ ભગવાન શ્રી સ્વામિનારાયણનો **હૃદયગત અભિપ્રાય** તેમના વચન મુજબ જોતા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં અન્ય વ્યક્તિઓએ પ્રાણ પ્રતિષ્ઠા કરી હોય તો તેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો આવિર્ભાવ થતો નથી. મૂર્તિ એ ભગવાનનું સ્વરૂપ છે એટલે તે મૂર્તિ વંદન કરવા યોગ્ય છે પરંતુ સેવા કરવા યોગ્ય તો કદાપિ ક્યારેય બની શકે જ નહિ. કારણ કે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રવર્તક શ્રીજીમહારાજનો આ **સર્વોપરી સિદ્ધાંત** છે. હા, એ વાત ખરી. પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણ સંસ્થાપિત પરંપરાગત શુદ્ધ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી દેશકાળ અનુસાર કોઈને પ્રતિષ્ઠા કરવાની આજ્ઞા કરે તો તેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો આવિર્ભાવ થાય છે. કારણ કે તેમાં ધર્મવંશી આચાર્યશ્રીની **આજ્ઞાથી** એ **પ્રતિષ્ઠા** થતી હોવાથી તે પ્રતિષ્ઠા કરનાર આચાર્યશ્રીના **પ્રતિનિધિસ્વરૂપ** છે.

નિત્યપૂજાની મૂર્તિઓ હંમેશા સ્પષ્ટ હોવી જોઈએ અને આખી મૂર્તિઓ હોવી જોઈએ. દિવાળી કાર્ડ વગેરે કે અન્ય **અર્ધપ્રતિમાઓ પૂજામાં ન રાખવી.** ખંડિત થયેલી, ફાટી ગયેલી, મૂર્તિઓ બદલી લેવી. (નિષેધ કરેલી મૂર્તિઓ પાણીમાં પધરાવી દેવાથી દોષ લાગતો નથી.)

ભગવાન શ્રી સ્વામિનારાયણે દર્શાવેલ પૂજા એટલે **પૂર્ણ પૂજાવિધિ;** કેવી રીતે ? તો શ્રીજી મહારાજ વડતાલના ૮ માં વચનામૃતમાં લખે છે કે:- ''જેમ દેવને પૂજવાને તત્પર થાય તે દેવ સરખો પવિત્ર થઈને જો દેવની પૂજા કરે ત્યારે તેની પૂજાને દેવ અંગીકાર કરેછે.''

અને ભગવાન શ્રીહરિએ લોયાના ૭માં, પંચાળાના બીજા વચનામૃતમાં તેમજ ગઢડા અંત્ય પ્રકરણના ૩૭મા વચનામૃતમાં તથા ગીતામાં કહ્યું છે કેઃ- 'ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति । समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ।।' અર્થાત્ બ્રહ્મરૂપ થાયછે તે મારી ભક્તિનો અધિકારી થાયછે.

(શ્રીમદ્ ભગવદ્ ગીતા : - ૧૮/૫૪)

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં કહ્યું છે કેઃ- 'निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ।।' - 'અને સ્થૂળ, સૂક્ષ્મઅને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વકાળને વિષે કરવી.'

(શિક્ષાપત્રી : શ્લોક - ૬૨)

ઉપાસનામાં **ઉપાસ્ય સ્વરૂપની** શુદ્ધિ તથા **ઉપાસકની** શુદ્ધિ બંને **મહત્વના પાસા** છે. ઉપાસ્ય સ્વરૂપને સર્વોપરિ, સર્વાવતારી, સર્વકર્તા, પ્રગટ દિવ્ય સાકાર સમજવું એ તેનો **મહિમા** છે, તેની શુદ્ધિ છે. ઉપાસક પોતે દેહભાવે વર્તે ત્યાં સુધી ભક્તિ શુદ્ધ થતી નથી, ભક્તિનો આનંદ આવતો નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રવર્તાવેલી **નિત્યપૂજા** ઉપાસકને માટે શુદ્ધ થવાની, ભક્તિના પાત્રરૂપ થવાની તથા ઉપાસ્ય સ્વરૂપને પામવાની ઉત્તમ **સોપાન શ્રેણી** છે.

નિત્યપૂજાની પદ્ધતિમાં **આસન પ્રાણાયામ** એ યોગદર્શનની પ્રક્રિયા છે. જેમાં કદાચ ઈન્દ્રિયોનો સંયમ-નિગ્રહ પણ નિર્દિષ્ટ છે.

ધ્યાનમાં સંકલ્પોના ત્યાગ દ્વારા દેહના વિચારો, દેહભાવનો ત્યાગ કરી આત્મવિચાર કરી આત્મસત્તારૂપને પામી **માનસી પૂજા** દ્વારા પરમાત્માની પૂજા-ભક્તિ કરીએ છીએ. મંત્રજાપ-પ્રદક્ષિણા દ્વારા ધ્યેયની દૃઢતા કરીએ છીએ. **તપની માળા** દ્વારા વૈરાગ્યની ખુમારી જગાવીએ છીએ અને **શિક્ષાપત્રીવાંચન** દ્વારા ધર્મપાલન કરવાનું બળ મેળવીએ છીએ. તેમજ **ગુરૂમંત્રની માળા** દ્વારા ઈંદ્રિયો-અંતઃકરણના અહંભાવોની બહાર ગતિ રોકાય છે. અને પોતાના હૃદયકમળમાં બ્રહ્મના પ્રકાશને જોવું અને તે પ્રકાશમાં ભગવાનના દર્શન થાય છે. અંતમાં **પ્રાર્થના** દ્વારા પુનઃ ધ્યેયની દૃઢતા તથા ભગવાનનું સામીપ્ય તથા ભક્તિ ઈચ્છીએ છીએ અને ભૂલોની **ક્ષમાપના** પણ વાંછીએ છીએ.

અનુસંધાન પેજ ૫નું ચાલું...

હતો, તે વખતે પોતાના પ્રતાપથી અનેકનાં હૃદયોને પ્રકાશ પમાડનાર, અનેકનાં ચિત્તનું આકર્ષણ કરી તેમને ગુરુવચને ચૂરેચૂરા થઈ જાય એવા સ્વવશ કરી મૂકનાર, કાઠી-કોળી જેવા અનેકની ચૌર્યવૃત્તિઓને ચોરી લેનાર, લુપ્ત થયેલા બ્રહ્મચર્યાશ્રમને પુનઃ સ્થાપનાર, નિરંકુશ અને સ્વચ્છંદી બનેલા ત્યાગાશ્રમને ઉજ્જવલ કરનાર, પતિત થયેલા ગુરુઓ અને આચાર્યો માટે સંયમનો આદર્શ બેસાડનાર, સ્ત્રીઓને સમાજ તથા સંપ્રદાયમાં ચોક્કસ સ્થાન આપી તેમની ઉન્નતિ કરનાર, અહિંદુને હિંદુ ધર્મમાં શામિલ કરનાર, શુદ્રોને આચારશુદ્ધિ શીખવનાર, સાહિત્ય-સંગીત તથા કળાના પોષક, અહિંસામય યજ્ઞના પ્રવર્તક, ક્ષમા ધર્મના ઉપદેશક, શૌચ અને સદાચારના સંસ્થાપક, શુદ્ધ ભક્તિમાર્ગ અને શુદ્ધ જ્ઞાનમાર્ગના ચાલક, ભાગવતધર્મના શિક્ષક તથા વ્યાસસિદ્ધાંતના બોધક એવા **શ્રી સહજાનંદ સ્વામી** હતા."

"શ્રી સહજાનંદ સ્વામીએ લગભગ ૩૦ વર્ષ સુધી સતત પરિશ્રમલઈ લોકોને શુદ્ધ માર્ગે ચઢાવ્યા; પોતાના પ્રતાપથી અનેકનાં હૃદયોને પ્રકાશ પમાડ્યો. ઊંચી, હલકી, હિન્દુ, અહિન્દુ સર્વ કોમોને પોતાનો સંદેશો પહોંચાડવા એમણે જે યોજક બુદ્ધિ ખર્ચી, જોખમો ખેડ્યાં અને સાધકો તૈયાર કર્યા તે બુદ્ધદેવની સ્મૃતિ કરાવે છે. **પોતાના કાળના પ્રસિદ્ધ પુરુષોમાં સહજાનંદ સ્વામી સૌથી મહાન હતાં.** તે કાળના મુમુક્ષુઓને **પુરુષોત્તમ** તરીકે ઉપાસના કરવા યોગ્ય હતા."

ભગવાન શ્રી સ્વામિનારાયણના વિરાટ વ્યક્તિત્વને અંજલિ અર્પતા ગુજરાતના જાણીતા સાક્ષર **શ્રી ચંદ્રવદન મહેતા** પોતાના શબ્દોમાં લખે છે : "છેવટે ગુજરાત, સહજાનંદજીને યાદ કરશે તે સંત તરીકે નહીં, ધર્માચાર્ય તરીકે નહીં, સાહિત્યપ્રેરક તરીકે નહીં.... પણ એમણે જનતામાંથી માંસ, દારુ, વ્યભિચાર, અસત્ય ને ચોરી - એ પાંચ મુખ્ય બદીઓ દૂર કરી તેને માટે, એમણે ગુજરાતના પશુ જેવા માણસોને માણસો બનાવ્યા તેટલા માટે. **સહજાનંદ સ્વામી ન હોત** તો આપણે ગુજરાતને **'ગરવી'** કહીએ એવું ન હોત, ગુજરાતમાં જે સદાચાર છે તેને સ્થાને એ જોવું ન ગમે તેવું ગંદું હોત.

આજે જે ગુજરાતનું નામસાંભળી આપણું હૈયું ઊછળે છે તેને બદલે **સહજાનંદ સ્વામી ન હોત** તો ગુજરાતનું નામ સાંભળતાં આપણને શરમના માર્યા નીચું જોવું પડત. એટલે આજે, ગુજરાતમાં જે સદાચાર છે, અહિંસા છે, ગુજરાત ગુણવંતું છે, તેમાં શ્રી સહજાનંદજીનો ફાળો જેવો તેવો ન કહેવાય.

ગુજરાતને અધમદશામાંથી ઉગારનાર અને અણીને વખતે આવીને ગુજરાતનો ઉદ્ધાર કરનાર, અધમોદ્ધારક ને પતિતપાવન સહજાનંદજીને **દરેક ગુજરાતીના વંદન** છે."

એટલું જ નહિ, પરંતુ કળિકાળના કપરા સમયમાં પણ સ્વયં પ્રાદુર્ભાવ પામીને તે સમયમાં (સને ૧૮૦૦ના સૈકામાં) ભયંકર બનેલા સમગ્ર ભારત દેશને પણ ભવ્ય અને નવ્ય બનાવવા માટે સમગ્ર દેશમાં પગપાળા જ પર્યટન કરીને તેને પાવન કરનાર, સુખકારી સદ્ધર્મ અને કલ્યાણકારી ભક્તિમાર્ગનું સ્થાપન કરી, દિવ્ય પૂજા પદ્ધતિ વગેરેનું સ્વયં (ભગવાન હોવા છતાં) આચરણ કરીને પણ સ્વ-આશ્રિતોને તે માર્ગે ચલાવનાર અને આ રીતે અનેક પ્રકારે પૃથ્વી ઉપરથી અધર્મનું ઉન્મૂલન કરી, શાંતિમય સદાચારનું શાસ્ત્રોક્ત પ્રમાણે સામ્રાજ્ય સર્વત્ર સ્થાપન કરનાર એક અદ્વિતીય પુરુષ, **પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણને** તેઓશ્રીના **૨૨૮મા પ્રાદુર્ભાવ-જન્મજયંતિ પ્રસંગે** પૃથ્વીમાં આસમુદ્રાન્ત દેશ-વિદેશમાં આઠે દિશામાં વસતા **સમગ્ર ભારતવાસીઓના પણ કોટિ કોટિ વંદન...** સહ **જય શ્રી સ્વામિનારાયણ.......**

સ્વાત્મ-શ્રેયાર્થે અમૂલ્ય માનવતન પ્રદાતા,
તેમજ શ્વાસોશ્વાસ સંચાલક-અન્નદાતા

# મહાપ્રભુને આભારરૂપે 'Thank You' એટલે ? : નિત્યપૂજા



- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

અરે ! પરમાત્મા તું પણ આટલો બધો **નિષ્ઠુર** બન્યો ? તે દયાને શું વિદાય આપી દીધી ! અંતિમ શ્વાસ લેતા યુવાનના આ શબ્દો.

હિન્દુસ્તાનમાં આજે હાહાકાર મચ્યો છે, ચારે બાજુ જાણે લોહીની નદીઓ ફૂટી નીકળી છે. અંગ્રેજો જાણે આજે ભારતનો શ્વાસ રોકતા હોય ! **એક બાજુ ગાંધીજીની લાકડી** તો બીજી તરફ હિન્દુસ્તાનની અંતિમ ઘડીઓ ગણાવી દે એવી **વિશાળ તોપો...**

બાપુ ! કઈ આશાએ આપ અંગ્રેજ સામે જઝૂમો છો ? ક્યાં લાકડી અને ક્યાં તોપ ? એક યુવાને પ્રશ્ન કર્યો.

પ્રભુ પાસે હું **નિત્યપૂજા** કરું છું, **પ્રાર્થના** કરું છું અને એ મારી **સત્યતા ભરી આશાએ** મેં અંગ્રેજની તોપની સામે **આંખ** ઊંચી કરી છે.

કોઈ પાણી ભરેલ ગ્લાસ આપણને આપે તો આપણે કહીએ 'Thank You' (આભાર). કોઈ પાંચ મિનિટ લખવા માટે પેન આપે તો કહીએ 'Thank You.' સમાજમાં કોઈએ સેવાનું કાર્ય કર્યું હોય તો આપણે તેનો **'અભિવાદન સમારોહ'** ઉજવીએ છીએ. સુશોભિત મંચ ઉપર આમંત્રિત કરી સોફાસેટ પર બેસાડીએ છીએ, ફૂલહાર અથવા શાલથી એનું સન્માન કરીએ છીએ. વળી, સાથે સાથે બે બોલ વ્યક્તિના સેવાકાર્ય બદલ આભારવિધિના બોલીએ છીએ. આ શું છે ? આ તેની પૂજા છે ! તેનો **આભાર વ્યક્ત કરવાની** આ એક **વિધિ** છે. આ બધું શું કરવાની જરૂર, થયો કોઈ દિવસ પ્રશ્ન ?

એક સામાન્ય માણસનું જો આપણે અભિવાદન કરવાનું ન ચૂકતા હોઈએ તો જેમણે આ માનવ તન આપણને આપ્યું છે તેમને જરાયે પણ 'Thank You' નહિ કહેવાનું ? તેમનો આભાર વ્યક્ત કરવા થોડો પણ સમય નહિ કાઢવાનો ?

નથી થતો જેમણે આપણને મનુષ્યદેહ આપ્યો એવા પરમાત્મા સાથે અન્યાય ? માનવી તું કેમઆટલો બધો સ્વાર્થી બન્યો કે જેઓએ આ અમૂલ્ય તન આપ્યું તેમને 'Thank You' કહેવાનો આપણી પાસે 'Time' નથી ?

અમેરિકાના મહાન વૈજ્ઞાનિક પ્રોફેસર મોરોવીટ્સ અત્યંત સૂક્ષ્મદષ્ટિથી આ માનવશરીરની કિંમત આંકે છે. તેઓ કહે છે કે, 'Six Thousand Trillion Dollar' (સિક્સ થાઉઝન્ડ ટ્રિલીયન ડોલર) એટલે કે છ ઉપર પંદર શૂન્ય ચડાવો તેટલા ડોલર ! એને રૂપિયામાં ગણવું હોય તો ૨૪૦ ઉપર પંદર શૂન્ય ચડાવો અને જેટલા રૂપિયા થાય તેટલી કિંમત આ માનવ તનની થાય. કોઈ પાંચ-પચ્ચીસ હજાર રૂપિયા આપે તો 'Thank You' કહીએ અને જેમણે બધો ધનરાશિ આપણી ઉપર સાવ મફતમાં લૂંટાવ્યો તેમને જરા પણ હાથ જોડીને આભાર (Thank You) નહીં કહેવાનો ? માનવી તું ભારે સ્વાર્થી ?

વળી, આ શરીરનું દર્શન કરો. તેમાં હૃદય છે, ફેફસાં છે, કિડની છે, જઠર છે. હૃદય એ શરીરમાં રુધિરાભિસરણ તંત્રને ગતિમાન રાખે છે. ફેફસાં શ્વાસોશ્વાસની ક્રિયામાં મહત્ત્વનાં છે. કિડની રુધિરની શુદ્ધ કરે છે. જઠરમાં ખોરાકનું પાચન થાય છે. જો આ બધાં જ કાર્યો **મશીનો દ્વારા** અને **માણસો દ્વારા** કરાવવાનાં હોત તો આપણી **દશા** શું થાત ?

આપણે આરામથી ખાઈ-પીને સૂઈ જઈએ છીએ ને સવારે ઊઠીએ તો ભોજન બધું પચી જાય છે. આપણે સૂઈ જઈએ તો પણ હૃદય ચાલુ રહે છે, શ્વાસ ચાલુ રહે છે. નહિતર બાપ સૂઈ જાય અને દીકરો નાકમાંથી દોરી તાણ્યા કરે ત્યારે શ્વાસ લેવાતો હોત તો ? મશીનો દ્વારા કે અન્ય માણસો દ્વારા જો આ કરાવવાનું હોય, તો આ **મનુષ્ય શરીરની કિંમત** સમજાય.

તો શા માટે આપણે પરમાત્માને 'Thank You' કરવાનું

ભૂલી જઈએ છીએ ?

મોરોવીટ્સે માત્ર આ માનવ શરીરની, માત્ર આ ખાલી બોડીની જ કિંમત આંકી છે. પરંતુ ભગવાને આપણને જે મન, બુદ્ધિ, ચિત્ત વગેરે આપ્યાં છે તેની કિંમતનો અંદાજ મોરોવીટ્સ લગાવી શક્યા નથી. હવા, પાણી, ખોરાક તેનું શું ? દુનિયાનો મહાન સમ્રાટ સિકંદર ફક્ત **એક પાણીના ગ્લાસ માટે** સાધુની પાસે પોતાની **તમામ સલ્તનત** લૂંટાવવા તૈયાર થયો હતો ! એવા કિંમતી હવા, પાણી પ્રભુએ આપણને સાવ મફતમાં આપ્યા. ડગલે-પગલે પરમાત્માને જો 'Thank You' કહીએ તોપણ એનો **આભાર** માનવો ઓછો પડે !

એની ચર્ચા જવા દઈએ. પરંતુ રાત્રે સૂતા પછી પ્રભુ આપણને સવારે જગાડે જ નહિ તો ? આપણે કયા પોલિસ સ્ટેશનમાં **ફરીયાદ** નોંધાવત ? આપણે કઈ કોર્ટમાં કેસ લડત ? આપણે રાત્રે સૂઈ જઈએ પછી ગુમનામ થઈ જઈએ છીએ. હું બાળક-યુવાન કે વૃદ્ધ છું, ગૃહસ્થ છું કે સાધુ છું, હું અમીર છું કે ગરીબ એવી કોઈ જાતની ખબર રહેતી નથી, સ્મૃતિ રહેતી નથી. બસ ગુમનામ... વળી સવારે પરમાત્મા ઊઠાડે છે. કેવા કોમળ સ્વરથી ઊઠાડે છે !

"ઊઠ બેટા, તું તારા વ્યવહારના કામમાં મશગુલ રહે છે, રચ્યોપચ્યો રહે છે, આસક્ત રહે છે. તું મને યાદ કરતો નથી પણ હું તને યાદ કરું છું."

પરમાત્માએ આપણને એક **નૂતન દિવસ** ભેટ આપ્યો એટલા માટે **સવારમાં** પ્રભુને **અભિવાદન** કરવાનું છે. પરમાત્મા સમક્ષ કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરવાનો છે. એટલા માટે નિત્યપૂજાની જરૂર છે, આવશ્યકતા છે, અનિવાર્યતા છે.

**મેઘપુરના સુંદરજી સોની** ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ભક્ત હતા . તેમને શ્રીજીમહારાજ પ્રત્યે અપાર શ્રદ્ધા હતી. પોતે સોનીનો ધંધો કરતા હોવાથી સોના-ચાંદીની ખરીદી કરવા માટે પગપાળા ચાલીને જામનગર આવ્યા હતા. ખરીદી કરતા કરતા સૂર્યાસ્ત થયો. તેમણે પોતાના પરિચિતને ત્યાં રાત્રિવાસો કર્યો. પછી વહેલી સવારે સુંદરજી સોની સોના-ચાંદીનો જે સામાન હતો, તે પહેલાનાં જૂના જમાનામાં સામાન ભરવાની ખલેચી આવતી, તેમાં ભરી ખલેચી ખભે લટકાવી 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' સ્મરણ કરતા ચાલતા થયા.

સુંદરજી સોની શ્રીજીમહારાજનું સ્મરણ કરતાં કરતાં પંથ કાપે છે. ચાલતાં ચાલતાં ઊંડ નદીનો પ્રદેશ આવ્યો. આ બે કિલોમીટરનો પ્રદેશ ખૂબ જ ભયંકર હતો. આ પ્રદેશમાં ચારેય બાજુ ઊંડી કોતરો અને ગીચ ઝાડીઓ હતી. અહીં ધોળે દિવસે અનેક લોકો લૂંટાયાના પ્રસંગો બનેલા. સુંદરજી સોનીએ વિચાર કર્યો કે, અરે ! દર વખતે તો દેવીસિંહ વળાવિયા તરીકે મારી સાથે હોય છે. પરંતુ આજે તે ન આવી શક્યા. હે મહારાજ ! હવે શું થશે ?

સુંદરજી સોની હજુ તો વિચાર જ કરે છે, ત્યાં જ પાછળથી અચાનક તબડક... તબડક... તબડક... ઘોડાના ડાબલાઓનો અવાજ આવ્યો. સુંદરજી ભક્તે પાછળ નજર કરી તો કરડો જુવાન જામનગરનો વાઘેર હથિયાર બંધ આવી રહ્યો હતો. ભગતને ડર લાગ્યો. થોડીવારમાં તો પેલો વાઘેર તેમની નજીક આવી ગયો. તેણે ઘોડા ઉપરથી જ સુંદરજી સોનીને ઠેબું માર્યું અને કહ્યું : "એય, કઈ બાજુ જાય છે ? આ ખલેચીમાં શું છે ?"

સુંદરજી ભક્તને ગભરાટના માર્યા પરસેવો વળી ગયો. તેમણે થોથવાતી જીભે જવાબ આપ્યો : "સામે ગામ મેઘપુર જાઉં છું. આ ખલેચીમાં મારો ઘરસામાન છે."

વાઘેર સુંદરજી સોનીને નદીના કોતર પ્રદેશમાં લઈ ગયો. વાઘેરે ઘોડાને એક ઝાડની ડાળી સાથે બાંધ્યો અને પછી સુંદરજીને કહે : "લાવ તારો ખલેચો. એમાં શું છે, તે મને જોવા દે." વાઘેરે ભક્તનો ખલેચો તપાસ્યો તો તેમાંથી સોનું-ચાંદી નીકળ્યાં.

વાઘેરે સોનું-ચાંદી લઈ લીધું અને કહ્યું : "તારા ખિસ્સામાં હજુ કાંઈ હોય તે બહાર કાઢીને ઢગલો કરી દે, એટલે તને માર્યા પછી મારે તારું મડદું ચૂંથવું ન પડે ! જલ્દી કર."

આ સાંભળીને સુંદરજી ભક્ત તો ડરના માર્યા થરથર ધ્રૂજવા લાગ્યા. તેમણે વાઘેરને કહ્યું : "બાપા ! તમારે જે જોઈએ તે લઈ લ્યો. પરંતુ મને મારશો નહિ. મને મારવાથી તમને શું ફાયદો થશે ?"

વાઘેર કહે : "તને મારી નાખવાનો મારે હેતુ એ છે કે મારા સાગરીતોએ પહેલાં એવી ભૂલ કરી હતી. તેમણે જેને જેને લૂંટ્યા એ બધાયને દયા કરીને જીવતા છોડી દીધા. પછી એ જીવતા બચેલા લોકો અમારા માટે મુસીબત પેદા કરી. તેથી હવે કોઈને લૂંટ્યા પછી જીવતા છોડતા જ નથી."

આ સાંભળીને સુંદરજી સોનીને નક્કી થઈ ગયું કે આ હવે મને જીવતો છોડશે નહિ, એટલે તેમણે વાઘેરને કહ્યું : "સારું ભાઈ, તમે મને મારી નાખશો એનો મને જરાય વાંધો નથી. પણ પાંચ મિનિટ માટે મને મારા પ્રભુની પૂજા કરી લેવા દો."

વાઘેર કહે : "હા, ભલે તારે જે કરવું હોય તે કરી લે. એ દરમ્યાન હું તારો બધો સામાન સગેવગે કરી દઉં."

આટલું કહીને વાઘેર સોનું-ચાંદી એકઠું કરવા લાગ્યો અને આ બાજુ સુંદરજી ભક્તે પ્રાતઃપૂજાનો પ્રારંભ કર્યો. શ્રીજીમહારાજની સ્મૃતિ સાથે

અનુસંધાન પેજ - ૨૯ પર...

### શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં

# નિત્ય-પૂજાવિધિની શુભ શરૂઆત



- સાધુ વ્યાપકસ્વરૂપદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી









આજે તો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના લગભગ બધા જ આશ્રિતો પ્રાતઃકાળે સ્નાનાદિક કરીને નિત્ય પૂજાવિધિ કરીને જ વ્યવહારનાં કાર્યો કરે છે. આ નિત્યપૂજામાં સત્સંગીઓ ધાતુની કે પથ્થરની મૂર્તિ પૂજતા નથી, પરંતુ ચિત્રપ્રતિમાનું પૂજન કરે છે. ચિત્રપ્રતિમાની **નિત્યપૂજાની શુભ શરૂઆત** ભગવાન શ્રી સ્વામિનારાયણે ક્યારે કરી એની ચોક્કસ માહિતિ ઉપલબ્ધ નથી, પરંતુ સં. ૧૮૭૯માં એનો પ્રારંભ થયાનો ઉલ્લેખ મળે છે.

શ્રીજીમહારાજે સંપ્રદાયનું સૌપ્રથમ મંદિર અમદાવાદમાં સં. ૧૮૭૮માં બંધાવ્યું. એ પહેલા સંપ્રદાયનું કોઈ મંદિર નહોતું. એ અગાઉ સંતો-હરિભક્તો નિત્યપૂજા શેની કરતા હતા એ વિષે કેવળ અનુમાન બાંધી શકાય. સંપ્રદાયના ગ્રંથોનું અધ્યયન કરતાં એવી છાપ ઊઠે છે કે સંપ્રદાયમાં સંતો બાળસ્વરૂપ **'લાલજી'**ની મૂર્તિ અથવા શાલિગ્રામને પોતાની પૂજામાં રાખતા અને નિત્યપ્રભાતે એનું પૂજન કરતા.

ઉપરોક્ત અનુમાનનું કારણ એટલું જ કે ભગવાન શ્રીહરિની આજ્ઞા મુજબ નારાયણજીભાઈ સુતારે શ્રી નરનારાયણદેવ આદિની **ત્રણ મુદ્રા** તૈયાર કરી આપી અને સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામીએ તે કાગળ પર છાપીને તેની હજારો નકલો તૈયાર કરી આપી. પછી શ્રીજીમહારાજે સં. ૧૮૭૯ની જન્માષ્ટમીના દિવસે આ છાપચિત્ર સંતો, બ્રહ્મચારી, પાર્ષદો અને હરિભક્તો વગેરેને 'નિત્યપૂજા' માટે વહેંચવાનો પ્રારંભ કર્યો.

(સ્વામિનારાયણ ચિત્રકલા : પેજ - ૪૧, પ્રકાશક : શ્રી સ્વા. મંદિર - કાલુપુરના આધારે)

ભગવાન શ્રી સ્વામિનારાયણે સુરતથી આવ્યા પછી ગઢડામાં નવ પ્રકારની ચિત્રપ્રતિમા અને તેના ધાતુનાં બીબાં બનાવવાનો વિચાર કર્યો. શ્રીજીમહારાજ સં. ૧૮૮૧માં સુરત ગયા હતા. તેથી તેઓશ્રીએ સં. ૧૮૮૧માં નારાયણજી સુતારને ગઢડા બોલાવ્યા. નારાયણજી મૂળ કચ્છના, પણ તે વખતે તેઓ જૂનાગઢ રહેતા હતા, તેમને તેડાવી નવ પ્રકારની ચિત્રપ્રતિમા અને એનાં ધાતુનાં બીબાં તેમની પાસે તૈયાર કરાવવાનો નિર્ધાર કર્યો. જેની નોંધ લેતા **પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી** સ્વ-રચિત **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં લખે છે :

**'સુરત જઇ આવ્યા પછી, માવે એક સમય મોઝાર;**
**વાસ વસી ગઢપુર વિષે, વળી ચિત્તમાં કીધો વિચાર.**
**વાલે ચિત્તમાં કીધો વિચાર, ચિત્રમૂર્તિ પુજાવું આવાર;**
**જે જે રૂપ થાપ્યાં છે મેં મારાં, તે છે કલ્યાણનાં કરનારાં.**
**મૂર્તિ અષ્ટ પ્રકારની થાય, ચિત્રમૂર્તિયો તેમાં ગણાય;**



**એવા શાસ્ત્રના મત અનુસારે, ચિત્રપ્રતિમા પૂજાવવી મારે.**
**બીબાં ધાતુનાં સારાં કરાવું, મારી મૂર્તિયો તેથી છપાવું;**
**કરે સંત ને હરિજન સેવા, નિત્ય દર્શનનો લાભ લેવા.**
**ભુજના નારાયણજી સુતાર, રહે છે જુનાગઢની મોઝાર;**
**કરી જાણે ઉત્તમ કામ આવું, માટે તેહને આંહી તેડાવું.**
**એવું ધારીને તેને તેડાવી, છાપો નવ કરવાની ઠરાવી;**
**બોલ્યા નારાયણજી પ્રતિ આપ, એક તો કરી છે તમે છાપ.**
**તેમાં શિક્ષાના વચન અમારાં, બનાવ્યાં છે તમે બહુ સારાં;**
**રાધાકૃષ્ણ હરિકૃષ્ણ રૂપ, સમજી બેય મારાં સ્વરૂપ.**
**કહ્યું એક કરો છાપ એવી, જેમાં જુક્તિ દિસે જોયા જેવી;**
**બીજી છાપ માંહી કરો સારી, ભક્તિધર્મ સહિત છબી મારી.**
**ત્રીજી નરનારાયણ પાસ, હોય ઉદ્ધવ નારદદાસ;**
**ચોથી નર ને નારાયણકેરી, કરો ત્રીજીથી તેહ નાનેરી.**
**કરો પાંચમી છઠ્ઠી રુપાળી, ભક્તિધર્મવાસુદેવવાળી;**
**સાતમી તો તપસ્વી આકારે, કરો મૂર્તિ તે મુજ અનુસારે.**
**સહજાનંદ નામ પ્રકાશ, ભક્તિ ધર્મ ઉભાં હોય પાસ;**
**આઠમી શિક્ષાપત્રીની મૂર્તિ, જેને જોતાં મારી થાય સ્ફુરતિ.**
**નવમી છાપમાં મુજ પાય, જેમાં રેખાઓ ચિહ્ન જણાય;**
**નવ મુદ્રા એવી રીતે કરવી, મારી આજ્ઞા સુણી અનુસરવી'**

(શ્રીહરિલીલામૃત : ૮/૩૯)

ઉપરોક્ત પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણે નારાયણજી સુતાર પાસે ગઢડામાં સં. ૧૮૮૧માં **નવ પ્રકારની ચિત્રમૂર્તિનાં** ધાતુનાં બીબાં બનાવડાવ્યાં હતાં.

આમ, પહેલુવહેલું મંદિર અમદાવાદમાં સં. ૧૮૭૮માં રચાયું, તે પહેલાં બે વરસ અગાઉ સં. ૧૮૭૬માં નારાયણજી સુતાર પાસે શ્રી નરનારાયણ દેવ આદિની ત્રણ **ચિત્રપ્રતિમાઓનાં** બીબાં બનાવી, તેની હજારો નકલો સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી પાસે કાગળ પર તૈયાર કરાવી, સંતો-હરિભક્તોને નિત્યપૂજા માટે વહેંચાવડાવી. ફરી સં. ૧૮૮૧માં નારાયણજી સુતાર પાસે શ્રીજીમહારાજે પોતાની સૂચના મુજબ નવ પ્રકારની ચિત્રપ્રતિમાઓ બનાવડાવી તેનાં ધાતુનાં બીબાં તૈયાર કરાવ્યાં.

આ હકીકત જોતા સંપ્રદાયના સંતો તેમજ સત્સંગીઓને ચિત્રપ્રતિમા પૂજામાં રાખી નિત્યપૂજન કરવાની શરૂઆત સંપ્રદાયમાં સં. ૧૮૭૬માં શ્રીજીમહારાજે કરી હોય એમ જણાય છે. સંપ્રદાયની નિત્યપૂજા વિષે રસિકલાલ છો. પરીખ અને હરિપ્રસાદ શાસ્ત્રી નોંધે છે : "ઘર ઘરમાં **ભક્તિ અને ઉપાસનાનું** તથા **સંસ્કારનું વાતાવરણ** ઊભું થઈ શકે તે માટે **નિત્યપૂજાની પદ્ધતિ** પણ સહજાનંદ સ્વામીએ દાખલ કરી અને તે કારણે સંપ્રદાયની **વિશિષ્ટ ચિત્રકલા** શૈલીનો પણ **વિકાસ** થયો."

(ગુજરાતનો સાંસ્કૃતિક અને રાજકીય ઇતિહાસ ગ્રંથ-૮ : પેજ - ૫૦૮)

ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે જ્યારે ભૂજ પધારતા, ત્યારે **સુંદરજી** અને **હીરજી** - એ બે ગુર્જર સુતાર ભાઈઓને ત્યાં જ પોતાનો ઉતારો રાખતા. બંને ભાઈઓને સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી થકી સત્સંગ થયેલો. ભગવાન શ્રીહરિએ જેતપુરમાં ધર્મધુરા સંભાળી ત્યારથી સુંદરજી અને હીરજી તેમના ચુસ્ત અનુયાયી બન્યા હતા. આ પૈકીના **હીરજીભાઈના પુત્ર** તે જ **નારાયણજીભાઈ.** તેમનો જન્મ સં. ૧૮૫૫માં થયેલો માનવામાં આવે છે. નારાયણજીભાઈએ પોતાનું જીવન અને કલાકૌશલ્ય શ્રીજીમહારાજનાં ચરણોમાં ધરી દીધું હતું. સંપ્રદાયનાં મંદિર-સ્થાપત્ય અને ચિત્રકલાના સર્જનમાં એમનો મહત્ત્વનો ફાળો હતો, એટલું જ નહિ પણ સંપ્રદાયના પ્રથમ ચિતારા પણ તેઓ જ હતા. નારાયણજી સુતાર અગાઉ કચ્છના રાજકુટુંબમાં કિંમતી ઝવેરાત અને આભૂષણો પર નંગ જડવાની કામગીરી કરતા હતા. સોનાચાંદીથી મઢેલાં સિંહાસનોનું નકશીકામ, મીના કારીગરી, ત્રાંછણી વગેરે કામમાં પણ તેઓ નિષ્ણાંત હતા. ગઢડા મંદિરના સ્થાપત્યકીય નકશા-ડ્રોઈંગ, ત્યાંની પ્રખ્યાત ગોપીનાથજી મહારાજની અને રાધિકાજીની મૂર્તિ વગેરેના સર્જનમાં પણ તેમનો ફાળો હતો.

(સ્વામિનારાયણ ચિત્રકલા : પેજ - ૮૯, પ્રકાશક : શ્રી સ્વા. મંદિર - કાલુપુરના આધારે)

નારાયણજી સુતારે પહેલીવહેલી શ્રીજીમહારાજની ચિત્રપ્રતિમા બનાવી તે મહારાજની કિશોરવયની સન્મુખની છબી હતી. પાછળથી નારાયણજી સુતારે જે છબીઓ ચીતરી હતી તે બધી એકચક્ષુ ચિત્રમૂર્તિઓ હતી.

આમ, **સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી** અને **નારાયણજીભાઈ સુતારે** ભગવાન શ્રીહરિની આજ્ઞા મુજબ સં. ૧૮૭૬માં **સૌપ્રથમ નિત્યપૂજા** માટે **ચિત્રપ્રતિમાઓ** તૈયાર કરી હતી.





શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં દરરોજ
સવારમાં કરવામાં આવતી

# નિત્ય-પૂજાવિધિની ક્રમિક વિધિ અને મર્મ

- સાધુ પ્રેમવલ્લભદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## પ્રભાતે શ્રીહરિધ્યાનમ્

પ્રભાતકાળે આપણી આંખો ખૂલતા જ જીવનમાં એક નવો દિવસ સામે આવે છે. જીવનનું એક નવું કોરું પાનું ખૂલે છે. એનો આરંભ શુભ હોય, માંગલિક હોય, સુખમય હોય કે આનંદમય હોય એવું જ આપણે સહુ કોઈ ઈચ્છતા હોઈએ છીએ. પરમાત્માનું નામોચ્ચારણ, ચિંતન, મનન કે ધ્યાન કરીએ તો આખો દિવસ શુભકારી નીવડે છે.

દરરોજ પ્રાતઃકાળે ઊઠતાની સાથે ભગવાન શ્રીહરિની નયનરમ્ય, લાવણ્યમૂર્તિનું ધ્યાન, ચિંતન કરીને પછી પ્રાતઃકર્મ કરવું જોઈએ. શાસ્ત્રકારો કહે છે :-

'प्रातःस्मरामि हरिकृष्णमुखारविन्दं बिम्बाधरं स्मितसुधाहतविश्वतापम् ।
कारुण्यपूर्णनयनं शुभनासिका द्वयं पुण्ड्राढ्यभालमवलं सलसत्कपोलम् ।।'

પ્રાતઃકાળમાં કંસ, રાવણ, શિશુપાળ આદિક અસુરાંશોને યાદ કરીએ તો આપણને પણ કોકનું પડાવી લેવાના વિચારો આવશે. અનીતિ ઘેરો ઘાલશે, ધન અને સત્તાની સર્વોપરિતા સિદ્ધ કરવાના વિચારો આવશે. ઈર્ષ્યા, રાગ-દ્વેષ, માન-અભિમાનમાં આપણે જ અથડાઈશું. પરંતુ ભગવાન અને ભગવાનના એકાંતિક ભક્તોને યાદ કરીએ તો ? અંતરમાં ધર્મ, જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિ જાગશે. દયા, કરુણા, પ્રેમ, ક્ષમા, ઉદારતા વગેરે શુભ ગુણોથી હૈયુ તરબતર થઈ જશે. અંતરમાં શાંતિ ઊભરાશે. અંતર આનંદના હિલોળે મહેકી ઉઠશે. કારણ અનંતકોટિ બ્રહ્માંડના ધણીમાં એવા ગુણો સ્વયં રહેલા છે.

વળી શાસ્ત્રોમાં પણ બ્રાહ્મમુહૂર્તનો ઘણો જ મહિમા કહેલો છે. સ.ગુ શ્રી શતાનંદ સ્વામી સત્સંગિજીવન ગ્રંથમાં લખે છે કે:-

'ब्राह्मे मुहूर्ते उत्थाय निशायाः प्रहरेऽन्तिमे ।
मदीयैः कीर्तनीयानि हरेर्नामानि नित्यदा ॥'

અર્થ :- રાત્રિના છેલ્લા પહોરમાં બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠીને નિદ્રાનો ત્યાગ કરી મારા આશ્રિત ગૃહસ્થો તથા ત્યાગી સર્વ જનોએ વિશેષપણે ભગવાનના અને તેમના ભક્તોના નામો ઉચ્ચારણ કરવાં. (શ્રી સત્સંગિજીવન : ૨/૭/૯)

ઋગ્વેદમાં પણ કહ્યું છે :

'प्राता रत्नं प्रातरित्वा दधाति तं चिकित्वान्प्रतिगृह्या निधत्ते ।
तेन प्रजां वर्धयमान आयु रायस्पोषेण सचते सुवीरः ।।'

અર્થાત્ પ્રાતઃકાળે સૂર્યોદય પહેલા ઊઠવાવાળાને ઉત્તમ સ્વાસ્થ્યની

પ્રાપ્તિ થાય છે. એટલા માટે બુદ્ધિમાન વ્યક્તિ આ સમયને વ્યર્થ જવા દેતા નથી. પ્રાતઃકાળે વહેલા ઊઠવાવાળા પુષ્ટ, સ્વસ્થ, બળવાન, સુખી, દીર્ઘાયુ અને વીર થાય છે. (ઋગ્વેદ : ૧/૧૨૫/૧)

તેમજ આ સમયે આળસ છોડી પ્રભુસ્મરણ કરવા ચેતવણી આપતા મનુસ્મૃતિમાં કહેવાયું છે કેઃ- 'ब्राह्मे मुहूर्ते या निद्रा सा पुण्यक्षयकारिणि ।। ८-१२ ।।' - 'બ્રાહ્મમુહૂર્તની નિદ્રા આપણા પુણ્યનો નાશ કરનારી છે.' અથર્વવેદમાં કહ્યું છે : 'उद्यन्त्सूर्यम् इव सुप्तानां द्विषतां वर्च आ ददे ।। ७/१४/२।।' - 'સૂર્યોદય થયા પછી પણ જે વ્યક્તિ જાગતો નથી તેનું તેજ નાશ પામે છે.' સવારથી જ આળસ ધરાવતો માનવી પ્રગતિ શું કરવાનો ? એક નિદ્રાનો ત્યાગ માનવ ન કરી શકતો હોય તો પ્રભુસ્મરણ તો એકબાજુએ રહ્યું.

બ્રાહ્મમુહૂર્તમાં ભગવાનની પૂજા જેવો દિવસનો મંગળ પ્રારંભ બીજો કયો હોઈ શકે ? સવારે મન અન્ય કાર્યોમાંથી નિવૃત્ત થયેલું, સંકલ્પ-વિકલ્પ રહિત હોય. આથી ભગવાન શ્રીહરિની પૂજાવિધિમાં સહેજે એકાગ્ર થવાય છે. મંત્રજાપ પણ સારી રીતે થઈ શકે. શાંત મનમાં પરમાત્માનો વિચાર સ્થિર થતાં મન વધુ પવિત્ર અને શાંત બને છે. જીવનનું ધ્યેય વધુ સ્પષ્ટ બને છે, ભગવાન અને સત્પુરૂષોમાંથી મળતી પ્રેરણાઓ પણ વધુ સ્પષ્ટ થાય છે. જેથી દૈનિક ક્રિયાઓમાં પણ એનું સહેજે અનુસંધાન રહે છે. ભગવાનના વિચાર સાથે થતી અન્ય સર્વ દૈનિક ક્રિયાઓ પણ ભક્તિમય બની રહે છે. કહો ને કે દિવસ ભક્તિમય, સુખમય પસાર થાય છે. દિવસ ઉત્સવ બની જાય છે. દિવસને ભક્તિમય બનાવવા માટે, ઉત્સવરૂપ બનાવવા, આનંદ સાથે પ્રવૃતિ કરવા, અશુભ કાર્યોથી દૂર રહેવા માટે જ પ્રભાતકાળે પૂજા કરવી આવશ્યક છે.

## પ્રાતઃ કર્મ

ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં લખે છે :

'प्रत्यहं तु प्रबोद्धव्यं पूर्वमेवोदयाद्रवेः ।
विधाय कृष्णस्मरणं कार्यः शौचविधिस्ततः ।।'

અને અમારા સત્સંગી તેમણે નિત્યે સૂર્ય ઊગ્યાથી પ્રથમ જ જાગવું અને શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું. (શિક્ષાપત્રી : શ્લોક - ૪૯)

પ્રાતઃકર્મમાં દૈહિકવિધિમાં શૌચાદિક-દન્તધાવનવિધિ અને સ્નાનવિધિનો સમાવેશ થાય છે. શાસ્ત્રમાં શૌચના બે પ્રકાર છે :

## ૧. બાહ્યશૌચ અને ૨. આંતરશૌચ

બાહ્યશૌચમાં બહિર્ભૂમિ જઈ માટી વડે ડાબો હાથ દસ વખત અને બંને હાથ ભેગા કરી સાત વખત ધોવાથી હાથ શુદ્ધ થાય છે. આ વાતની નોંધ 'નિત્યપૂજા પ્રકાશ'માં પણ કહી છે :


'तिसृभिश्चातलात् पादौ शोध्यौ गुल्फात् तथैव च ।
हस्तौ त्वामणिबन्धाच्च लेपगन्धापकर्षणे ।।'

જમણા હાથ વડે જ લોટા કે વસ્ત્રોનો સ્પર્શ કરો. કાછડી વાળીને અગાઉથી રાખી મૂકેલ માટીના ત્રણ ભાગોમાંથી હાથ ધોવા અને કોગળો કરવાના નિયત સ્થળે આવો. પશ્ચિમ બાજુ બેસીને માટીના પહેલા ભાગથી ડાબા હાથને દસ વાર અને બીજા ભાગથી બંને હાથને પહોંચા સુધી સાત વખત ધુઓ. જળપાત્રને ત્રણવાર ધોઈ, ત્રીજા ભાગથી પહેલા જમણા પગને અને પછી ડાબા પગને ત્રણ ત્રણ વાર માટી અને જળ લઈ ધૂઓ.

(નિત્યપૂજા પ્રકાશ : પેજ - ૧૩, પ્રકાશક : ગીતા પ્રેસ, ગોરખપુર)

અત્યારના સમયમાં ઘણા ભક્તો સાબુ વાપરે છે. કોઈપણ વસ્તુને મળ કે મળનો સ્પર્શ થયેલ અન્ય વસ્તુ અડે એટલે તે વસ્તુ આખી અપવિત્ર થઈ કહેવાય. માટે સાબુથી શુદ્ધિ અને પવિત્રતા બંને થતા નથી. માટીના અભાવે અથવા શહેરના બંગલાઓમાં માટીની સુવિધા ન હોય તો પછી પાઉડરથી શુદ્ધિ કરવામાં આવે છે ચાલે, પરંતુ સાબુ તો ન જ વાપરવો. ત્યારબાદ બંને પગને ત્રણ વખત માટીથી ધુએ અને ફરીથી શુદ્ધ માટીથી હાથને પવિત્ર કરી, બાર કોગળા કરવા.

ત્યારબાદ શું કરવું ? તો ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીના ૫૦મા શ્લોકમાં કહે છે : ' उपविश्यैव चैकत्र कर्तव्यं दन्तधावनम् ।' - અને પછી એક સ્થાનકને વિષે બેસીને



દાતણ કરવું. શાસ્ત્રકારો પણ કહે છે :-

'मुखे पर्युषिते नित्यं भवत्यप्रयतो नरः ।
दन्तधावनमुद्दिष्टं जिह्वोल्लेखनिका तथा ।।
अतो मुखविशुद्ध्यर्थं गृह्णीयाद् दन्तधावनम् ।
आचान्तोऽप्यशुचिर्नित्यमकृत्वा दन्तधावनम् ।।'

મુખશુદ્ધિ વિનાનાં પૂજા-પાઠ, મંત્રજાપ આદિ નિષ્ફળ થાય છે, માટે પ્રતિદિન મુખ-શુદ્ધિ અર્થે દંતધાવન અથવા મંજન વગેરે અવશ્ય કરવાં જોઈએ.

(આચાર. સૂત્રા./ નિત્યપૂજા પ્રકાશ : પેજ - ૨૦, પ્રકાશક : ગીતા પ્રેસ, ગોરખપુર)

વર્તમાન સમયમાં દાતણોની વપરાશ બહુ ઓછી થઈ છે ત્યારે આયુર્વેદિક ટુથપેસ્ટનો ઉપયોગ કરવો. પરંતુ બીજી અન્ય કોઈ ટુથપેસ્ટ વાપરવી નહિ. કારણ કે અન્ય ટુથપેસ્ટોમાં હાડકાં આદિકનો પાઉડર વાપરવામાં આવે છે. માટે ધર્મનો લોપ ન થાય તેવું કાર્ય કરવું. દન્તધાવનવિધિ બાદ 'स्नात्वा शुच्यम्बुना धौते परिधार्ये च वाससी ।।' (શિક્ષાપત્રી : શ્લોક - ૫૦) - 'અને પછી પવિત્ર જળે કરીને સ્નાન કરીને પછી ધોયેલું વસ્ત્ર એક પહેરવું અને એક ઓઢવું.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્નાનનું મહત્ત્વ દર્શાવતા 'નારાયણગીતા'માં કહે છે :

स्नानं च द्विविधां पूजामकृत्वा प्रत्यहं हरेः ।
सर्वैरन्नं न भोक्तव्यं विना रोगादिपीडितान् ।।

સ્નાન અને શ્રીહરિની માનસી પૂજા તથા બાહ્યપૂજા દરરોજ કર્યા વિના,રોગાદિની પીડા વગર મારા આશ્રિત સર્વે જનોએ અન્ન જમવું નહિ. (શ્રી સત્સંગિજીવન : ૨/૭/૧૦)

સવારનો સમય એટલે પ્રભુભક્તિનો સમય, ભગવાન શ્રીહરિની મૂર્તિમાં મનને પરોવવાનો સમય. આ સમય પરમાત્માનો છે એટલે તે સમયમાં સ્નાનવિધિ ઝડપથી પતાવવી જોઈએ. શરીર-શુશ્રુષામાં વધારે સમય લગાડવાથી દેહાધ્યાસ થઈ જાય છે અને ભગવદાસક્ત થવાનું ભૂલી જવાય છે. સ્નાન કરતાં થકા શ્રીજીમહારાજનું સ્મરણ કરવું. તેમજ ઉન્મત્તગંગા (ઘેલા), ગોમતી, ગંગા-યમુના-કાવેરી આદિક પ્રાસાદિક નદીઓ સમુદ્રો અને અક્ષરમુક્તો, પ.પૂ. આચાર્ય મહારાજશ્રીઓ અને સંતો-ભક્તોને પણ યાદ કરતાં થકા સ્નાન કરે તો તેને બધા જ તીર્થોના સ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે. ભગવાન શ્રીહરિના સ્મરણ રહિત સ્નાનને રક્ત સ્નાન કરવા બરાબર કહ્યું છે. સુરાખાચર આદિક ભક્તજનોએ પ્રભુ સ્મરણ કર્યા વગર સ્નાન કર્યું તો ભગવાન શ્રીહરિએ તેમને લોહીમાં સ્નાન કર્યા બરાબર ગણીને ફરીથી પ્રભુ સ્મરણ સાથેનું સ્નાન કરાવ્યું. તે કહ્યું છે :-

**'જેઓ પ્રભુ કેરી સ્મૃતિ વિસારી,**
**ગંગા વિષે સ્નાન કરે પધારી;**
**તે સ્નાન તો શોણિત તુલ્ય જાણો,**
**અશુદ્ધ એનું શરીર પ્રમાણો.**
**એવું સુણીને મન ધારી લીધું,**
**તે કાઠિયોયે ફરી સ્નાન કીધું;**
**પગે પ્રભુને પછી આવી લાગી,**
**પ્રસન્નતા લીધી મુખેથી માગી.'**

(શ્રીહરિલીલામૃત : ૬/૨૪)

આંતરશૌચ એટલે - અંતઃકરણની પવિત્રતા. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર પવિત્ર કરવા. કામ, ક્રોધ, લોભ-મોહાદિક દોષોને જીતીને ભગવાનના સ્વરૂપમાં મનની વૃત્તિઓ જોડવી. આંતરશૌચ વિનાની બાહ્યશૌચયુક્ત પૂજાનો કોઈ અર્થ નથી અને તેનું ફળ પણ મળતું નથી.

શ્રી વ્યાઘ્રપાદ આચારેન્દુમાં દક્ષસ્મૃતિમાં કહે છે :

'गङ्गातोयेन कृत्स्नेन मृद्भारैश्च नगोपमैः ।
आमृत्योश्चाचरन् शौचं भावदुष्टो न शुध्यति ।।'

જો પર્વત જેટલી માટી અને ગંગાના સમસ્ત જળથી જીવનપર્યંત કોઈ બાહ્યશુદ્ધિ કરતો રહે પણ તેની પાસે 'આંતરિક શૌચ' ન હોય તો તે શુદ્ધ થઈ શકતો નથી.

(આચારેન્દુ : દક્ષસ્મૃતિ - ૫/૨/૧૦, નિત્યપૂજા પ્રકાશ, પ્રકાશક : ગીતા પ્રેસ, ગોરખપુર)

## નિત્યપૂજાની ઉપયોગી સામગ્રી...

૧. બે આસન - એક ઠાકોરજીને વિરાજમાન કરવા માટે સુંદર મખમલ આદિકનું સુંદર આસન અને એક પોતાને માટે બેસવાનું આસન.
૨. મૂર્તિ : આપણે જે શ્રીહરિનું સ્વરૂપ ધ્યાન કરતા હોય તે મૂર્તિ, શ્રીહરિની એક ચક્ષુની હોય તે મૂર્તિ, શ્રીહરિની જમતી હોય તે મૂર્તિ અને શ્રીહરિના ચરણારવિંદની મૂર્તિ. આ મૂર્તિઓ પણ ચરણકમળ, હસ્તકમળ અને મુખકમળ તેમ સર્વાંગે સંપૂર્ણ સ્વરૂપ યુક્ત હોવી જોઈએ.
૩. ગૌમુખી-માળા
૪. શિક્ષાપત્રી
૫. તિલક-ચાંદલાની ડબ્બી, ચંદનની ગોટી, ચંદન ઘસવાનું ઓરસીયું, તથા નાનો અરીસો.
૬. આચમન કરવામાં નાની ચમચી અને લોટી.
૭. પ્રભુને નૈવેદ્ય ધરવાની નાની વાટકી, જળપાત્ર અને પ્રસાદીનો ડબ્બો.
૮. પૂજામાં પહેરવા માટેના વસ્ત્રો : રેશમી ધોતી અને ઉપવસ્ત્ર (શાલ)
૯. પૂજા પૂર્ણ થયા બાદ ઠાકોરજીને પધરાવવા માટે પૂજાની નાની પેટી.

# શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતો માટે નીચે પ્રમાણે નિત્યપૂજાવિધિ કરવામાં આવે છે.



### ૧. પૂજાનો આદર્શ સમય

- સૂર્યોદય પહેલા ભગવત્ સ્મરણ સહિત જાગ્રત થઈ શૌચ-સ્નાનાદિક ક્રિયાથી પરવારી સૌ પ્રથમપૂજાવિધિનું કાર્ય કરવું.

- વહેલી પ્રભાતે શાંત વાતાવરણમાં કરેલી પૂજાથી વિશેષ સફળતા થાય છે. મન સરળતાથી ભગવાનમાં પરોવાયછે.

### ૨. વસ્ત્રો

- પૂજાના વસ્ત્રો અલગ રાખવા તે ધોયેલા અને સ્વચ્છ રાખવા આ વસ્ત્રોમાં એક રેશમી ધોતીયું અને એક રેશમી ઉપવસ્ત્ર (ઓઢવાનું) રાખવું. તે ઉત્તમછે. પૂજા બાદ આ વસ્ત્રોને સંકેલીને અલગ મૂકી દેવા. (પુરુષોએ આ પૂજાના વસ્ત્રો પોતાના હાથે જ ધોવા અથવા પોતાના પુત્ર-ભ્રાતા વગેરે પુરુષો પાસે જ ધોવરાવવા. કારણ કે શિક્ષાપત્રી ભાષ્યમાં તે સ્ત્રીઓએ ધોયેલા પૂજાના વસ્ત્રો પુરુષો માટે પૂજામાં અશુદ્ધ ગણેલા છે.

(શિક્ષાપત્રી અર્થદીપિકા : શ્લોક - ૫૦)

- પેન્ટ-શર્ટ પહેરીને પૂજા ન કરવી.

- પૂજા દરમ્યાન ટુવાલ, લુંગી કે ચડ્ડી તો ન જ પહેરવા. આપણે કોઈ સારા વ્યક્તિને મળવા જઈએ ત્યારે આવું પહેરીને જઈએ છીએ ? તો પૂજામાં તો ભગવાનને મળવાનું હોય છે. તેથી આવા વસ્ત્ર ન પહેરવા અને વળી પૂજા દરમ્યાન વાતચીત ન કરવી અને આડું અવળું ન જોવું.

### ૩. સ્થાન

પોતાના ઘરમાં જે કોઈ સ્વચ્છ, પવિત્ર શક્ય એટલું શાંત, સ્વચ્છ અને જ્યાં કોઈ વિક્ષેપ ન થાય તેવું એકાંત સ્થાન પૂજા માટે પસંદ કરવું. અને જો અનુકુળતા હોય તો મંદિરમાં જઈને પૂજા કરવી વધુ ફળદાયી અને દિવ્ય બને છે.

### ૪. આસન અને દિશા : પૂર્વ અને ઉત્તર

ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં આજ્ઞા કરતા કહે છે :-

'उपविश्य ततः शुद्ध आसने शुचिभूतले ।
असङ्कीर्णं उपस्पृश्यं प्राङ्मुखं वोत्तरामुखम् ॥'

અને તે વાર પછી પવિત્ર પૃથ્વીને વિષે પાથર્યું અને શુદ્ધ ને કોઈ બીજા આસનને અડ્યું ન હોય અને જે ઉપર સારી પેઠે બેસાય એવું જે આસન તેને વિષે પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને આચમન કરવું. (શિક્ષાપત્રી : શ્લોક - ૫૧)



- એક ઊનનું આસન અથવા સુતરાઉ સિવાયનું કોઈ પણ આસન પાથરી તેના પર બેસવું. (સુતરાઉ આસન પ્રતિદિન ધોયેલું ન હોય અને મલિન હોય તો તેવા આસનનો પૂજામાં ઉપયોગ કરનાર દારિદ્રયને પામે છે. (શિક્ષાપત્રી ભાષ્ય : શ્લોક - ૫૧) ઊન વગેરેના આસનનાં **વિવિધ લાભો** પણ આ શ્લોકમાં જ કહ્યા છે.) સામે બીજું એક ઊન અથવા મખમલનું આસન ઠાકોરજી માટે પાથરવું, તેના પર પ્રથમઆહ્વાન કર્યા વગરની મૂર્તિઓ, શિક્ષાપત્રી અને માળા વગેરે મુકવું તેમજ બાજુમાં તિલક-ચાંદલો કરવાના ઉપચારો વ્યવસ્થિત રીતે મુકવા.

પૂર્વદિશામાં સૂર્યનો 'ગ્રેવિટેશન ફોર્સ' - ગુરુત્વાકર્ષી બળ હોય છે. તે આપણા મનને ચુંબકીય રીતે આકર્ષિત કરે છે. એટલે મન વધારે સ્થિર થાય છે અને સરળતાથી શ્રીહરિમાં મન પરોવાય છે. સૂર્ય પૂર્વમાં ઊગે છે. એના ઊગતાની સાથે જ જગતમાં જીવપ્રાણીમાત્રમાં ચેતનાનો સંચાર થાય છે. ઊગવું કોને ન ગમે ?

વળી ઉત્તર દિશા સ્થિરતાની સૂચક છે. ઉત્તરદિશા મુક્તિપથની દિશા છે. જીવનમાં મુક્ત થવું, સ્થિર થવું, વ્યક્તિની પ્રજ્ઞા સ્થિર થવી એ પણ એક ઉચ્ચ આદર્શ છે. પૂર્વ દિશામાં મુખ રાખી જીવનમાં ઊગવાની પ્રેરણા અને આગળ વધવાની પ્રેરણા મળે છે.

ઉત્તર દિશામાં દેવતાઓનો નિવાસ છે. તેમજ ઉત્તર દિશામાં મુખ રાખી સ્થિરત્વ પ્રાપ્ત કરવું એ જ શુભ ભાવનાથી પૂજા કરતી વખતે પૂર્વાભિમુખ કે ઉત્તરાભિમુખ બેસી પૂજા કરીએ છીએ.

## ૫. આચમન વિધિ

- જમણા હાથનો અંગુઠો મધ્યમા (પહેલી આંગળીની બાજુની) આંગળીના મધ્યપર્વ ઉપર રાખીને અને જળ જમણા હાથની હથેળીમાં લઈને ડાબો હાથ જમણી હથેળીને તળે અટકાવીને ૩ વખત આચમન કરવું. (આ આચમન તિલક-ચાંદલો કર્યા પછી પણ ફરીથી કરવાનું હોય છે.)

**પહેલા આચમન સમયે - ૐ નારાયણાય નમઃ**
**બીજા આચમન સમયે - ૐ વાસુદેવાય નમઃ**
**ત્રીજા આચમન સમયે - ૐ વિષ્ણવે નમઃ**

- ક્રમશઃ આ ત્રણ મંત્ર બોલી ૩ વાર આચમન કરવું, આચમન કર્યા બાદ શુદ્ધ જળથી હાથ ધોઈ નાખવા.

(ત્રણ વખત આચમન કરવાનું કારણ એ છે કે, તેનાથી કાયિક, માનસિક, વાચિક આ ત્રણેય પ્રકારના પાપો નાશ પામે છે. ત્રણ વાર આચમન કરવામાં ઋગ્વેદમાં પણ કહ્યું છે :

'प्रथमं यत् पिबति तेन ऋग्वेदं प्रीणाति ।
यद् द्वितीयं तेन यजुर्वेदं प्रीणाति यद् तृतीयं तेन सामवेदं प्रीणाति ।।'

અર્થાત્ ત્રણવાર આચમન કરવાથી ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એમત્રણેય વેદો પ્રસન્ન થઈને મનોકામના પૂર્ણ કરે છે.)

## ૬. શિખાબંધન

- ત્રણ વાર આચમન કર્યા બાદ નીચેનો મંત્ર બોલતા થકા શિખાબંધન કરવું.

**શિખામંત્ર** :- 'હે શિખા ! તું બ્રહ્મતેજને વધારનારી થા' આ પ્રમાણે ભાવનાપૂર્વક નીચે મુજબ બોલવું :

**"શ્રીધર ! શ્રીપતે ! સ્વામિન્ ! ભક્તાનામભયંકર ! ।**
**તિષ્ઠ દેવ શિખાબન્ધે સ્વામિનારાયણ પ્રભો ! ॥"**

સ્નાન, દાન, જપ, હોમ, સંધ્યા અને દેવપૂજન-કર્મોમાં શિખા બાંધ્યા વિના કોઈપણ કર્મ ન કરવું જોઈએ, તે માટે કહ્યું છે :

'स्नाने दाने जपे होमे संध्यायां देवतार्चने ।
शिखाग्रन्थिं विना कर्म न कुर्याद्वै कदाचन ।।'



કાત્યાયન સ્મૃતિમાં પણ કહ્યું છે :-

'सदोपवीतिना भाव्यं सदा बद्धशिखेन च ।
विशिखो व्युपवीतश्च यत्करोति न तत्कृतम् ।।'

અર્થાત્ શિખાબંધન કર્યા વિના જે કાંઈ પણ યજ્ઞ, દાન, તપ-વ્રત આદિ કરાય છે તે સર્વે નિષ્ફળ થાય છે. અર્થાત્ તેનું ફળ મળતું નથી. (કાત્યાયન સ્મૃતિઃ ૧/૪)

## ૭. તિલક ચાંદલો

- સૌ પ્રથમકપાળ મધ્યે તિલક કરવું ત્યારે "ૐ વાસુદેવાય નમઃ" બોલવું. તિલકની મધ્યમાં કુંકુમનો અથવા ચંદનનો ચાંદલો કરવો, ત્યાર બાદ હૃદયને વિષે તિલક કરવું ત્યારે "ૐ સંકર્ષણાય નમઃ" બોલવું. ત્યાર બાદ જમણા હાથની ભુજા પર તિલક કરતી વખતે "ૐ પ્રદ્યુમ્નાય નમઃ" બોલવું, ડાબા હાથની ભુજા પર તિલક કરતી વખતે "ૐ અનિરૂદ્ધાય નમઃ" બોલવું અને ત્રણેય જગ્યાએ તિલકની વચ્ચે ચંદનના ચાંદલા કરવા. (૨) ત્યારબાદ ફરીથી પૂર્વોક્ત પ્રમાણે **ત્રણવાર આચમનવિધિ** કરવી.

## ૮. ધ્યાન

- પદ્માસન કે સિદ્ધાસનમાં બેસી નેત્ર મીંચવા, પદ્માસન ન ફાવે તો સાદી પલાંઠી વાળી ટટ્ટાર બેસવું.
- સંસારના તમામસંકલ્પો પડતા મુકીને શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરી ધ્યાનસ્થ થવું.
- મનની એકાગ્રતા માટે ભગવત્ સ્મરણ કરી શકાય.

## ૯. ધ્યાનમાં શું શું કરવું ?

**૧. આત્મવિચાર**

- હું આત્મા છું, પ્રકાશમાન છું, આ દેહ થકી જુદો છું.
- મારા આત્મામાં શ્રીજી મહારાજ અખંડ બિરાજી રહ્યા છે.

**૨. ધ્યેય**

- મારે કોઈ પણ ભોગે, કોઈ પણ સંજોગોમાં શ્રીહરિને, આચાર્ય મહારાજશ્રી અને સંતો-ભક્તોને રાજી કરવા જ છે.
- મારે બ્રહ્મરૂપ થઈને મહારાજની સેવામાં અખંડ રહેવું છે.

**૩. માનસી પૂજા**

માનસી પૂજામાં ભગવાનની ષોડ્શોપચારથી પૂજા કરવી, આ સઘળા ઉપચારો, નેત્રમીંચી મૂર્તિનું ધ્યાન કરતા થકા ગદ્ ગદ્ભાવે ચિંતવવા. પ્રાતઃકાળનો સમય છે. હીરા, માણેક જડીત મહેલની અંદર મહારાજ પોઢ્યા છે. હું સ્નાનાદિક કરી પવિત્ર થઈ મહારાજને જગાડવા ગયો. પાંચ દંડવત્ કરી મધુર સ્વરે એક કીર્તનનું પદ બોલી પ્રાર્થના કરી કે, હે મહારાજ ! રાત્રી વીતી ગઈ છે, સવાર થયું છે માટે આપ જાગો, શ્રીહરિએ નેત્રકમળ ખોલ્યા, આળસ મરડીને બેઠા થયા બે મિનિટ સ્વસ્વરૂપનું ધ્યાન કરી સ્નાનાર્થે સ્નાનગૃહમાં પધાર્યા. સુવર્ણના બાજોઠ ઉપર વિરાજમાન થયા. લીલું કંચન, માખણ જેવું કોમળ, ટીપીને કુચો કરેલું અને આખી રાત્રી એલચી તથા તજ-લવિંગ યુક્ત પાણીમાં રાખવાથી સુંગધીમાન થયેલું બાવળનું દાતણ દંતમંજન માટે આપવું. દંતમંજન કરી લીધા પછી સુગંધીમાન જળથી મુખ શુદ્ધિ કરાવી. પછી સુવર્ણના બાજોઠ ઉપર મહારાજને વિરાજમાન કરી પંચામૃત તથા સુંગધીમાન જળે કરીને, અંગો ચોળી ચોળીને શ્રીહરિને હેતે કરીને સ્નાન કરાવ્યું. સ્નાન કર્યા પછી કોમળ નવા રૂમાલથી મહારાજનું શરીર લુછવું. એક શ્વેત ધોતી પહેરવા આપી અને શ્વેત ખેસ ધારણ કરી ચાંખડીઓ પહેરી શ્રીહરિ સવારનો



નાસ્તો કરવા પધાર્યા. સુંદર સુવર્ણના બાજોઠ ઉપર મખમલની ગાદલી બિછાવી છે. તેના પર પ્રભુ વિરાજમાન થયા. સામે બીજા બાજોઠ ઉપર સુવર્ણનો થાળ, વાટકા, ચમચી, જળનો લોટો વગેરે મુક્યા. કેસર, બદામ, સાકર વગેરે નાખીને ઉકાળેલું દુધ, મગજ, ગાંઠીયા, ચેવડો, ઘારી, બરફી વગેરે પીરસીને મહારાજને શીરામણ કરાવ્યું. પછી જળપાન કરાવી હાથ અને મુખ શુદ્ધિ કરાવી, મુખવાસ અર્પણ કર્યો. ત્યાર પછી મહારાજને સોનેરી સુરવાળ, જામો, ખેસ, માથે પાઘ, કાનમાં કુંડળ, કંઠમાં સોનાનો દોરો, ગુલાબ-મોગરાના પુષ્પોના હાર, હાથમાં કડા, આંગળીઓમાં વીંટીઓ, પગમાં તોડા એ આદિક વસ્ત્રાલંકારો ધારણ કરાવ્યા પછી ભાલમાં કુંકુમનો ચાંદલો ને કેસર ચંદનની અર્ચા કરી, ભાવથી પૂજા કરી. સુંદર સિંહાસન પર વિરાજમાન કર્યા આરતી ઉતારી સ્તુતિ પ્રાર્થના કરી પછી પ્રભુ મારી પૂજામાં પધાર્યા છે તે મને દર્શન આપે છે એવી ભાવના કરી **પ્રાતઃકાળની માનસી પૂજા પૂર્ણ** કરવી.

## ૧૦. મૂર્તિઓની ગોઠવણી

| | | | |
|---|---|---|---|
| શ્રીહરિના ચરણારવિંદ ની મૂર્તિ | શ્રીહરિની એક ચક્ષુની હોય તે | આપણે જે શ્રીહરિનું સ્વરૂપ ધ્યાન કરતા હોય તે મૂર્તિ | શ્રીહરિની જમતી હોય તે મૂર્તિ |

- મૂર્તિ સ્થાપના બાદ નીચે મુજબ ઉત્થાન મંત્ર સહિત **આહ્વાન મંત્ર** બોલી હાથ જોડી ભગવાનને પૂજામાં પધારવા **પ્રાર્થના** કરવી.

'ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ, સ્વામિનારાયણ પ્રભો । ધર્મસુનો દયાસિન્ધો, સ્વેષાં શ્રેયઃ પરં કુરુ ॥ ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ગોવિંદ, ઉત્તિષ્ઠ ગરૂડ ધ્વજ । ઉત્તિષ્ઠ કમલાકાંત, ત્રૈલોક્યં મંગલં કુરુ ॥ આગચ્છ ભગવન્ દેવ, સ્વસ્થાનાત્ પરમેશ્વર । અહં પૂજાં કરિષ્યામિ, સદાત્વમ્ સન્મુખો ભવ ॥'

અર્થ :- હે ધર્મના પુત્ર ! હે દયાસિંધુ ! હે નાથ ! હે સ્વામિનારાયણ ! હે પ્રભુ ! જાગો અને પોતાના ભક્તોનું પરમકલ્યાણ કરો.

હે પરમેશ્વર ! હે દેવ ! હે ભગવાન ! આપ અક્ષરધામમાંથી મારી પૂજામાં પધારો. સદા માટે મારી સન્મુખ વિરાજમાન થાવ, હું આપની પૂજા કરવા ઇચ્છું છું.

- આમ, આહ્વાન કરી સુંદર મખમલના કપડાના નાના ટુકડાવડે મૂર્તિનું માર્જન કરવું. (લુંછવી)

## ૧૧. માળા જાપ - મંત્રજાપ

- સ્મૃતિ સહિત મૂર્તિના દર્શન કરતા માળા ફેરવતા સ્વામિનારાયણ મંત્રનો જાપ કરવો.
- શ્રદ્ધા પ્રમાણે પાંચ, અગિયાર કે તેથી વધુ માળા ફેરવી શકાયછે.

## ૧૨. તપની માળા

- ત્યાર બાદ એક પગે ઉભા રહી બંને હાથ ઉંચા રાખી એકથી બે માળા ફેરવવી.
- તપની માળા કરતી સમયે નીલકંઠવર્ણીની તપ કરતી મૂર્તિની સ્મૃતિ કરવી. આ દ્વારા ભગવાનની પ્રાપ્તિ માટે કંઈ પણ કઠણ સાધન વેઠવાનું બળ અને તૈયારી રાખવાનું જાણપણું મળે છે.

## ૧૩. પ્રદક્ષિણા

- ત્યારબાદ માળા ફેરવતા, મંત્રજાપ કરતા ઘડિયાળના કાંટા ફરે તે રીતે આપણા જમણા હાથ તરફ ઠાકોરજીને રાખી શ્રદ્ધા પ્રમાણે પ્રદક્ષિણા કરવી.

## ૧૪. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ

- ત્યાર પછી છ દંડવત્ કરવા, જાણ્યે-અજાણ્યે થયેલ અપરાધોની ક્ષમા માટે



સાતમો દંડવત્ કરવો.

### ૧૫. નૈવેદ્ય

- ઠાકોરજીને પ્રણામકરીને નૈવેદ્ય અર્પણ કરવું. અનુકૂળતા પ્રમાણે કાજુ, બદામ, કિસમિસ કે સાકર ધરાવી શકાય છે.

### ૧૬. પ્રાર્થના

- દંડવત્ બાદ આસન પર બેસીને હાથ જોડીને ગદ્‌ગદ્ ભાવે પ્રાર્થના કરવી.
- હે મહારાજ ! હે પ્રભુ !
- અહં મમત્વરૂપી માયા થકી મારી રક્ષા કરજો.
- ઈન્દ્રિયો અંતઃકરણરૂપ શત્રુ થકી રક્ષા કરજો.
- જાણે અજાણ્યે આપનો અથવા આપના ભક્તનો દ્રોહ થઈ ગયો હોય તો ક્ષમા કરજ્યો.
- કુંડાપંથી, શક્તિપંથી, શુષ્કવેદાંતી, નાસ્તિક આ ચાર પ્રકારના કુસંગીથી રક્ષા કરજો.
- આપ અને આપના ભક્તોમાં સદાય દિવ્યભાવ અને નિર્દોષ બુદ્ધિ રહે તેવી કૃપા કરજ્યો.

ત્યારબાદ પ્રત્યેક મૂર્તિઓનો જમણા હાથથી ચરણસ્પર્શ કરી આંખે સ્પર્શ કરવો.

### ૧૭. ક્ષમાયાચના મંત્ર

'અપરાધ સહસ્રાણિ ક્રિયન્તે અહર્નિશં મયા ।
દાસોઽયમિતિ માં મત્વા ક્ષમસ્વ પુરુષોત્તમ॥'

અર્થ :- હે પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રભુ મારાથી આપના હજારો હજાર અપરાધો જાણે અજાણે થઈ જાય છે, પરંતુ 'આ મારો દાસ છે' એમજાણીને તે મારા સર્વ અપરાધોને ક્ષમા કરો.

### ૧૮. વિસર્જન

- પૂજા પુરી થતી હોવાથી નીચેનો વિસર્જન મંત્ર બોલી મૂર્તિઓને ક્રમપ્રમાણે ભેગી કરવી.

'સ્વસ્થાનં ગચ્છ દેવેશ, પૂજામાદાય મામકીમ્ ।
ઈષ્ટકામપ્રસિદ્ધ્યર્થં, પુનરાગમનાય ચ ॥'

અર્થ :- હે દેવેશ ! મારા અભિલાષિત કાર્યની સિદ્ધિ અર્થે આપે મારી પૂજા અંગીકાર કરી, હવે આપ આપના સ્વસ્થાનમાં કહેતા મારા હૃદયરૂપી મંદિરમાં બિરાજો અને આવતી કાલે પૂજા અંગીકાર કરવા પુનઃ પધારજો.

### ૧૯. શિક્ષાપત્રી વાંચન

- ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા મુજબ શિક્ષાપત્રીનું વાંચન અવશ્ય કરવું.
- ક્રમશઃ ઓછામાં ઓછા પાંચ શ્લોક તો અવશ્ય વાંચવા જ.

### ૨૦. ગુરુમંત્ર માળા

- જેણે પ.પૂ.ધ.ધુ ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી પાસે ગુરુમંત્ર લીધો હોય તેમણે દરરોજ ઓછામાં ઓછી બે માળા ફેરવવી. જેમણે ગુરુમંત્ર ન લીધો હોય તેમણે આચાર્ય મહારાજશ્રી પાસેથી વહેલીતકે મંત્ર લઈ લેવો અને સ્ત્રીભક્તોને આચાર્ય મહારાજશ્રીના ધર્મપત્ની પૂ. ગાદીવાળા માતૃશ્રી પાસેથી મંત્ર લેવો.

**નોંધ :-**

આ પૂજાવિધિમાં ષોડશોપચારની પ્રત્યક્ષ ક્રિયાઓ પણ શ્રદ્ધા પ્રમાણે ઉમેરી શકાય છે.



જેના વિના યજ્ઞ-દાનાદિ કે નામ-જપાદિ કોઈપણ સાધનોની ફળસિદ્ધિ પ્રાપ્ત નથી થતી એવું કલ્યાણના સાધનોનું અજોડ ઉપકરણ

# સૌભાગ્ય અને બુદ્ધિનું પ્રતિક : તિલક-ચાંદલો

ભગવાન શ્રી સ્વામિનારાયણ **શિક્ષાપત્રીમાં** કહે છે :-

धार्ये नित्यं चोर्ध्वपुण्ड्रं ललाटादी द्विजातिभि: ॥

અને લલાટ, હૃદય અને બે હાથ એ ચારે ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. ॥૪૧॥

तत्तु गोपीचन्दनेन चन्दनेनाथवा हरे: ।

कार्यं पूजावशिष्टेन केसरादियुतेन च ॥४२॥

અને તે તિલક જે તે ગોપીચંદને કરીને કરવું, અથવા ભગવાનની પૂજા કરતાં બાકી રહ્યું અને કેશર કુંકુમાદિકે યુક્ત એવું જે પ્રસાદી ચંદન તેણે કરીને તિલક કરવું. ॥૪૨॥

तन्मध्य एव कर्तव्य: पुण्ड्रद्रव्येण चन्द्रक: ।

कुङ्कुमेनाथवा वृत्तो राधालक्ष्मीप्रसादिना ॥४३॥

અને તે તિલકના મધ્યને વિષે જ ગોળ એવો જે ચાંદલો તે જે તે ગોપીચંદને કરીને કરવો અથવા રાધિકાજી અને લક્ષ્મીજી તેનું પ્રસાદી એવું જે કુંકુમતેણે કરીને તે ચાંદલો કરવો. ॥૪૩॥



તિલક કહો કે ચાંદલો કહો, પૂર્વકાળમાં તો એ એક **સૌંદર્યપ્રતીક** પ્રસાધન હતું. માનવી જાતજાતની રંગબેરંગી માટીના રંગોથી ટીલાં ટપકાં કરતો, મુખ્યત્વે કપાળ પર, જે સુંદરતામાં અભિવૃદ્ધિ કરતું. આથી જ કોઈ પણ વ્યક્તિ પ્રત્યે **આદર દર્શાવવા**, પૂજન કરવા તેના કપાળમાં **તિલક** અથવા **ચાંદલો** કરવામાં આવતો. રાજા ગાદી પર બેસે ત્યારે તેની પૂજા કરી તેને પણ ચાંદલો કરવામાં આવતો, જેને પાછળથી **રાજતિલક** કહેવામાં આવતું.

વર્તમાન આધુનિક યુગમાં પણ વ્યક્તિ પોતાને કંઈક વિશેષ પ્રાપ્ત થયું છે અને એ પોતાનું સદ્ભાગ્ય છે, એ દર્શાવવા જુદાં જુદાં પ્રતીકોનો સહારો લે છે. લાયન્સ, રોટરી કે અન્ય કલબના સભ્ય હોવું એ મોભો ગણાય, સદ્ભાગ્ય ગણાય એ વ્યકત કરવા લાયન્સ કલબનો બિલ્લો વ્યક્તિ હોંશે હોંશે શર્ટ પર કે કોટ પર પહેરે છે.રાજકીય ક્ષેત્રે પોતાની આગવી પ્રતિભા વ્યકત કરવા કોંગ્રેસીઓ ખાદી પહેરશે. તો ભાજપના પ્રતિનિધિઓ કેસરી ટોપી ધારણ કરશે. દેશ-પરદેશમાં પોતાની મનપસંદ રમતટુકડી(ટીમ)ના નામથી અંકિત અથવા તે ટીમના ચિહ્નથી અંકિત

શર્ટ-ટીશર્ટ, કેપ, બેલ્ટ, જોડા વગેરે છોકરાઓ રાજીખુશીથી પહેરે છે.

સમાજમાં પણ સ્ત્રીને યોગ્ય પતિ મળે એ એનું સારું ભાગ્ય-**સૌભાગ્ય** ગણાય છે. સારો પતિ મળ્યાના હર્ષમાં સ્ત્રી પોતાના કપાળમાં ચાંદલો કરતી હોયછે કે સેંથો પૂરતી હોયછે.

ભક્તિ સંપ્રદાયોમાં ભક્ત માટે ભગવાન પણ તેના સ્વામી છે. સ્વામીની પ્રાપ્તિના આનંદમાં ભક્ત પણ પોતાના કપાળમાં ચાંદલો યા તિલક ધારણ કરે છે. ભક્ત દાસત્વભાવે પ્રભુની સેવા કરે છે. **ભગવાનની પ્રાપ્તિનું સૌભાગ્ય ચિહ્ન** એટલે જ **તિલક-ચાંદલો** છે.

મસ્તક એ વ્યક્તિનું **આત્મગૌરવ** છે. વિચારોમાં, બુદ્ધિમાં જ તે વ્યક્તિનું વ્યક્તિત્વ સમાયેલું છે. અન્ય પ્રતિ આદર વ્યક્ત કરવા માનવી તેને પોતાનું મસ્તક નમાવે છે. મહાન વ્યક્તિના ચરણોમાં મસ્તક મૂકે છે. ભક્ત પોતાનું મસ્તક પ્રભુનાં ચરણોમાં સમર્પિત કરી દે છે. આથી પ્રેમની સમર્પણભાવનાવશ ભક્ત પ્રભુનાં ચરણોની છાપ પોતાના કપાળમાં (બુદ્ધિમાં ભગવાનનો વાસ થાય તો શુભ વિચારો થાય એ ભાવનાથી), બળસૂચક બાહુઓ પર (ભુજાઓમાં ભગવાન વસે તો સત્કાર્યો થાય એ ભાવનાથી) તથા પ્રાણના આધાર સમા હૃદય પર (હૃદયમાં ભગવાન વિરાજે તો શુભ ભાવનાઓ ધબકે એ હેતુથી) અંકિત કરે છે. આમ, વિચાર, ભાવના અને કર્મના શુભ હેતુ માટે ચાર સ્થાને તિલક-ચાંદલો કરવામાં આવે છે.

આ જ છે ભક્તિ સંપ્રદાયોનાં તિલક, પ્રત્યેક સંપ્રદાયમાં આ તિલક કરવાની પદ્ધતિ જુદી જુદી જુદી છે. તથા તિલક-દ્રવ્યમાં પણ વિવિધતા છે. કોઈ સફેદ માટીથી કરે, કોઈ રક્તવર્ણથી કરે તો કોઈ ભસ્મથી પણ તિલક કરે છે. પરંતુ આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં કેસર ચંદન અને કુંકુમદ્વારા તિલક-ચાંદલો કરવામાં આવે છે.

**તિલક-ચાંદલો કરવાથી શો ફાયદો ?**

તિલક-ચાંદલો દાસત્વભાવ વ્યક્ત કરે છે. આથી અંતરમાં 'હું ભગવાનનો દાસ છું' એવું સતત અનુસંધાન રહે. જીવનમાં નમ્રતા આવે. **નમે તે પ્રભુને ગમે.** પ્રભુને ગમે તે સૌને ગમે.

વળી, ભગવાનની નાની-મોટી આજ્ઞાઓ પાળવાનું પણ સતત જાણપણું રહે. કદાચ આપણે ભૂલ કરી બેસીએ તો ભગવાન અન્ય વ્યક્તિઓમાં રહીને આપણને સન્માર્ગે વાળે. આથી જીવનમાં ખોટું કામ કરતા આપણે સહેજે અટકીએ છીએ. નૈતિક બળ વધે છે. દુર્જનો આપણને ભક્ત જાણીને જાતે જ દૂર રહે છે. આથી ખોટી સોબતથી સહજપણે બચી શકાય છે. લોકલાજ તૂટે છે. ભગવાનના ભક્તપણાની અસ્મિતા જાગૃત થાય છે. હિંમત પ્રગટ થાય છે. તેથી ભક્ત મનનો ગુલામ નથી બનતો પણ મનનો સ્વામી બને છે. પરિણામે, આંતરિક દોષો પર પણ વિજય પ્રાપ્ત થાય છે. આત્મબળ પ્રગટે છે અને ભગવાનના આશરાનું બળ પણ પ્રગટ થાયછે.

લોકમાં પણ આ જ હેતુથી વિશેષ જવાબદારી બજાવતી વ્યક્તિઓને અમુક જ પહેરવેશ પહેરવાની ફરજ પાડવામાં આવે છે. દા.ત. પોલીસ, નર્સ, જજ વગેરે. પોલીસને ખાખી કપડાંથી શક્તિ વધતી નથી, નર્સને સફેદ વસ્ત્રોથી સેવાની ભાવના વધી જતી નથી. જજને કાળા કોટથી ન્યાયબુદ્ધિ વધતી નથી, પણ એમને પોતાની **જવાબદારીનું ભાન** રહે તે માટે બાહ્યોપચાર લાભદાયક છે. આ જ રીતે તિલક-ચાંદલો પણ દાસત્વભાવનું, ભક્તપણાનું સતત જાણપણું આપતું **લાભદાયક ચિહ્ન**છે.

તિલક-ચાંદલો કર્યા વિના પૂજા કે યજ્ઞ-દાનાદિ કોઈપણ સત્કર્મની **ફળસિદ્ધિ** થતી નથી. તે શિક્ષાપત્રી ભાષ્યમાં તથા પ્રયોગ-પારિજાતમાં કહ્યું છે :-

'ललाटे तिलकं कृत्वा संध्याकर्म समाचरेत् ।
अकृत्वा भालतिलकं तस्य कर्म निरर्थकम् ।।'

**શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં તિલક-ચાંદલાની વિશેષતા...**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે ઓળખાતા ઉદ્ધવ સંપ્રદાયને વિષે ભગવાન શ્રી સ્વામિનારાયણે સૌપ્રથમ પોતે સ્વ-અભિલષિત સંપ્રદાયની સ્થાપના કરવા માટે અગાઉથી આ પૃથ્વીમાં મોકલેલા ઉદ્ધવવાતાર શ્રી રામાનંદ સ્વામીએ - ભગવાન શ્રીહરિની દિવ્ય પ્રેરણાથી તેમજ પોતાની આગવી સૂઝથી ભાવિ સંપ્રદાય માટે પંચરાત્રાદિ શાસ્ત્રોમાં દર્શાવ્યા પ્રમાણે એક અદ્‌ભુત **તિલક-ચાંદલાની પસંદગી** કરેલી, જેને ભગવાન શ્રી સ્વામિનારાયણે પંચાળાના ફૂલદોલ-ઉત્સવના સમૈયામાં સંતોને પોતાના સ્વહસ્તે આદર્શ રૂપ તિલક-ચાંદલો કરી બતાવીને આ તિલક-ચાંદલાને **આગવું સ્થાન** આપેલું છે.

સંવત્ ૧૮૭૭માં શ્રીજી મહારાજે પંચાળામાં ફૂલદોલનો ઉત્સવ કર્યો. આ વખતે મહારાજે પંચાળાની ચંદન જેવી માટીની ગોટીઓ તૈયાર કરાવી સંતોને આપી અને બીજે દિવસે તિલક કરી આવવા જણાવ્યું. બીજે દિવસે સંતો જાતજાતનાં આડાં ઊભાં તિલક કરીને આવ્યા. પછી મહારાજે સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીને બોલાવી કપાળમાં ચંદનનું ઊર્ધ્વપુંડ્ર તિલક અને વચ્ચે ગોળ કુમકુમનો ચાંદલો કરી બતાવ્યું અને આવી રીતે સહુ કોઈને તિલક-ચાંદલો કરવાની આજ્ઞા આપી. ત્યારથી સંપ્રદાયમાં હાલ જે રીતે થાય છે તે પ્રમાણે તિલક-ચાંદલો અસ્તિત્વમાં આવ્યાછે.





મુક્તાનંદ એવી રીતે પૂજા માનસી રે,
કરતાં ભવજળ તરે તતખેવ રે...પ્રભુની પૂજા માનસી રે.

# તત્કાળ ભવસાગર તર્યાનો ઉપાય: માનસી પૂજા

-સાધુ નિર્દોષસ્વરૂપદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

માનસી પૂજા એટલે મનોમયી મૂર્તિની મનોમય પદાર્થોથી પૂજા કરવી એને **માનસી પૂજા** કહેવાય છે.

ભગવાન શ્રીહરિ કહે છે : "જે ભગવાનનો ભક્ત હોય તે નિત્ય ભગવાનની માનસી પૂજા કરે." (વચ.ગ. અંત્ય. પ્ર. ૨૩) કેવી રીતે કરે ? તો શ્રીજીમહારાજ મધ્ય પ્રકરણના ૧૯મા વચનામૃતમાં કહે છે : "ભગવાનની માનસી પૂજા હેતે કરીને કરવી."

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે : "જો ભગવાનને વિષે પ્રેમે કરીને અતિ **રોમાંચિત ગાત્ર** થઈને તથા **ગદ્‌ગદ્‌ કંઠ** થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા એવી રીતે જ ભગવાનની માનસી પૂજા કરે છે તો એ બેય શ્રેષ્ઠ છે અને પ્રેમે કરીને રોમાંચિત ગાત્ર અને ગદ્‌ગદ્‌કંઠ થયા વિના કેવળ શુષ્ક મને કરીને ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે, તોય ન્યૂન છે અને માનસી પૂજા કરે છે તોય ન્યૂન છે."

(વચનામૃત સારંગપુર પ્રકરણ : ૩)

ભગવાન પ્રત્યક્ષ સ્વરૂપે વિરાજતા હોય ત્યારે વિવિધ ઉપચારોથી ભગવાનની સેવા કરીએ. ભગવાન પ્રત્યક્ષ ન હોય ત્યારે અર્ચાસ્વરૂપની પણ પ્રત્યક્ષ ઉપચારો વડે સેવા શક્ય બને. પરંતુ ક્યારેક અર્ચાસ્વરૂપ પણ ન હોય, તો ક્યારેક ઉપચાર દ્રવ્યો (વસ્તુઓ) આપણી પાસે ન હોય તો ? એ સમયે ભગવાનની મનોમય મૂર્તિની મનોમય પદાર્થો વડે પૂજા કરવી, સેવા કરવી તે જ માનસી પૂજા. બીજા શબ્દોમાં **મન દ્વારા થતી પૂજા** એટલે **માનસી પૂજા.**

પ્રત્યક્ષ પૂજાની જેમ જ સમય સમયની માનસી પૂજા થઈ શકે છે. ભગવાનને મધુરે સ્વરે જગાડવા, કોમળ દાતણ વડે દંતધાવન કરાવવું, મુખપ્રક્ષાલન કરાવવું, સ્નાન કરાવવું વગેરે સેવા મનથી પણ થઈ શકે છે. **ઋતુ અનુસાર** વસ્ત્રો, પુષ્પહાર વગેરે ધારણ કરાવી શકાય. વચનામૃત ગ.અં. પ્રકરણના ૨૩માં શ્રીજીમહારાજે માનસી પૂજા કેવી રીતે કરી શકાય તેનું સુંદર **માર્ગદર્શન** આપ્યું છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં મૂળ અક્ષરમૂર્તિ એવા સ.ગુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ **પાંચ સમયની માનસીપૂજા** પ્રવર્તાવેલી છે. (૧) **પ્રાતઃ માનસી -** ભગવાનને જગાડવા, સ્નાનાદિક વિધિ કરાવવી, ભગવાનને વિવિધ શણગારો ધરાવવા. સમય મર્યાદા - ૫ થી ૬ (૨) **રાજભોગ માનસી -**

ભગવાનને વિવિધ વાનગીઓનો થાળ ધરાવવો અને વામકુક્ષી અર્થે આરામ કરાવવો. સમય મર્યાદા - ૧૧ થી ૧૨ (૩) **ઉત્થાન માનસી** - બપોરના આરામમાંથી ઠાકોરજીને જગાડી મુખ પ્રક્ષાલન વગેરે કરાવી, જળ તથા ફળફળાદિના મેવા ધરાવવાં. સમય મર્યાદા૩-૩૦ થી ૪ (૪) **રાત્રી ભોજન માનસી** - રાત્રીએ ભગવાનને જુદી જુદી વાનગીઓનો થાળ ધરાવવો, સભામાં વિરાજમાન કરવા વગેરે. સમય મર્યાદા - ૭ થી ૮ (૫) **શયન માનસી** - રાત્રીએ ઠાકોરજીના વસ્ત્રો બદલાવી પોઢાડવા. સમય મર્યાદા -૯ થી ૧૦.૦૦.

માનસી પૂજા-ધ્યાન એ આરાધના છે, ઉપાસના છે અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ આરાધના અને ઉપાસના પર આધારિત છે. માટે માનસી પૂજા-ધ્યાન કેવળ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનું જ કરવું.

માનસી પૂજામાં મનની એકાગ્રતા ખૂબજ જરૂરી છે. સ્થૂળ શરીર એટલે આપણું દૃશ્યમાન શરીર, સૂક્ષ્મશરીર - પંચ જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય, અંતઃકરણ અને કારણ શરીર એટલે નિદ્રા-મોહ-આળસ વગેરે **ત્રણ શરીરથી પર થઈને** ભગવાન શ્રીહરિનું **માનસી પૂજારૂપી ધ્યાન** થતું હોય છે. આ જગત અને આપણા દેહને વિસરીને ધ્યાન જે થાય તે અવિચળ પ્રાપ્તિ આપનારું છે. ધ્યાન દરમ્યાન એક વાત ખૂબજ સમજવાની છે. જ્યારે શરીરને કીડી-મંકોડા-માખી-મચ્છર આદિક જીવજંતુઓ કરડે કે હેરાન-પરેશાન કરે તોપણ પદ્માસનવાળી ટટ્ટાર થઈને નેત્રો મીંચીને શરીરની કોઈપણ ચેષ્ટાઓ ન કરે તો સ્થૂળ શરીર જીતાણું કહેવાય. માનસી પૂજા દરમ્યાન પ્રભુની સેવા સિવાય બીજો સંકલ્પ ન થાય તો મન જીતાણું કહેવાય એટલે કે સૂક્ષ્મશરીર જીતાણું કહેવાય અને શરીર કે દેહ સંબંધીઓ તથા જગત સંબંધીની આસક્તિ તોડી ધ્યાન કરાય તો કારણ શરીર જીત્યું કહેવાય છે. અમદાવાદ દેશના આદિ **આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી** ધ્યાન કે માનસીપૂજા કરતાં હોય ત્યારે વાંસામાં વીંછી ચડ્યો હતો તોપણ માનસી પૂજામાંથી જાગૃત ન થયા.

માનસી પૂજા દ્વારા અર્પણ કરાતી વસ્તુ ભગવાન **પ્રત્યક્ષપણે અંગીકાર** કરે છે. અગતરાઈના મહામુક્તરાજ **પર્વતભાઈ** ખેતરમાં હળ હાંકતા હતા અને બપોરે થાળ-માનસીનો સમય થઈ ગયો. તેઓ હળ ઊભું રાખીને, ઊભા ઊભા જ ભગવાનને દહીં-રોટલો જમાડવા લાગ્યા. પાછળ એમનો સાથી બીજું હળ ચલાવતો હતો. તેણે પર્વતભાઈ ઊંઘે છે તેમધારી લાકડીથી સહેજ તેમને ધક્કો માર્યો. તરત પર્વતભાઈના હાથમાંથી દહીં-રોટલો નીચે પડ્યાં. માનસી પૂજા ક્રિયા, ભાવ-તન્મયતાથી પ્રત્યક્ષ બની જાય છે.

બોટાદના નગરશેઠ **શિવલાલ શેઠ** એ વખતે નવ લાખ રૂપિયાના આસામી ગણાતા પણ સવારે નિત્યનિયમ મુજબ ભગવાનની માનસી પૂજા કરતા. તેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યક્ષ પધારતા. તે દર્શન કરવા કેટલાક સંતો એ શેઠ પૂજા કરે ત્યારે બેસતા. આમ, માનસી પૂજા દ્વારા પ્રત્યક્ષ પૂજા જેવું જ કદાચ એથી પણ અધિકું સુખ અનુભવી શકાય છે.

**માનસી પૂજાથી ફાયદો શું થાય ?** તો માનસી પૂજાનો વિશેષ ફાયદો એ છે કે આપણા બધા જ ભક્તિભાવ તેમાં પૂરા કરી શકીએ છીએ. આપણને ગમતા પદાર્થો ભગવાનની સેવામાં વાપરીએ. આપણને ભાવતાં ભોજનો ભગવાનને જમાડીએ. આપણી ઈચ્છાનુસાર શણગારો ધરાવીએ. આ પ્રકારે સેવા કરતાં, માનસી પૂજાથી આપણને બીજા ઘણા ફાયદા થાય છે. જેવા કે, આપણી આસક્તિ સેવામાં રૂપાંતર થાય છે. ગરીબ પણ વગર ખર્ચે વિવિધ ભોગ ધરાવી શકે છે. મનની સ્થિરતા તથા એકાગ્રતા વધે છે. ચિત્તમાં શાંતિનો સહજ અનુભવ થાય છે. વચનામૃત સારંગપુર -૩ પ્રમાણે મૂર્તિનો સાક્ષાત્કાર કરવા મનન નિદિધ્યાસન જરૂરી છે તે માનસી પૂજા દ્વારા શક્ય બને છે.

માનસી પૂજા કરવાથી **ભગવાન શ્રીહરિમાં હેત વધે છે** અને **ચંચળ મન** સમય જતાં **શાંત** થઈ જાય છે. જો કે શરૂઆતમાં માનસીપૂજા કરતાં મનજી ભાઈ કૂદાકૂદ કરે છે, પરંતુ દરરોજના ક્રમથી તે સરળ થઈ જાય છે.

શ્રીજીમહારાજે શિયાળો, ઉનાળો અને ચોમાસુ એમ ત્રણે ઋતુની **અલગ-અલગ માનસી પૂજા** કરવાની અલૌકિક રીત વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણના ૨૩માં પ્રગટ કરેલ છે - તેમાં પણ **માનસી પૂજાનું મહત્ત્વ** સમજાવતાં **ભગવાન શ્રીહરિ કહે છે** : "એવી રીતે ત્રણે ઋતુમાં ભિન્ન ભિન્ન પૂજા કરે તો તે ભક્તને ભગવાનને વિષે હેતની વૃદ્ધિ થાય છે ને તેના જીવને બહુ સમાસ થાય છે માટે જેણે આ વાત સાંભળી છે તે રાખજ્યો ને **નિત્યે આવી રીતે ભગવાનની માનસી પૂજા કરજ્યો** ને આવી વાત અમે કોઈ દિવસ કરી નથી."

સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી રચિત એક સુંદર **માનસીપૂજાનું પદ** છે - જેના શબ્દો મધુર ધોળ-રાગમાં ગાન કરીને આપણા મનને ભગવાનની સેવા-પૂજામાં જોડી શકાય.

**'શ્રી સહજાનંદ સ્વામીના દાસજી રે,**
**કરે પ્રીતે નિત્ય ઊઠી પરભાત રે;**
**પ્રભુની પૂજા માનસી રે.'**

આ પદનું ગાન કરતા કરતા જાણે આપણે માનસી પૂજા કરી રહ્યા હોઈએ એવો ભાવ સહેજે થઈ જાય છે. એવી અદ્ભુત રચના આ પ્રભાતી કીર્તનની કરવામાં આવેલ છે.



મંત્રજાપથી પાપને ટાળી મનને ભગવાનના સ્વરૂપમાં સ્થિર કરી મહાત કરવાનું...

# સાધનાનું અનેરું સાધન: માળા

- સાધુ મહાપુરુષદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

મનુષ્યના મનમાં જે વાત વારંવાર ઘૂંટાય છે, તે વાત મૂર્તિમાન બનતી હોય છે. પ્રત્યેક વ્યક્તિ પોતપોતાના ક્ષેત્ર અનુસાર અમુક ચોક્કસ વિચાર અથવા આદર્શોને સ્વીકારીને તેનું વારંવાર રટણ કરતી જ હોય છે. પોતાના વ્યવસાયમાં પ્રગતિ માટે પ્રયત્નશીલ વેપારી ખૂબ પૈસા કમાવા છે અથવા કરોડપતિ થવું છે એવા વિચારોને ઘૂંટતો જ હોય છે. ઉત્સાહી કિશોર અથવા યુવાનના મનમાં રમતવીર થવું છે, ઓફિસર થવું છે અથવા નેતા બનવું છે એવા વિચારોનું રટણ થતું જ હોય છે. અને આ રીતે જીવનમાં અમુક વિચારોને પકડીને તેનો વારંવાર અભ્યાસ કરવાથી જ વ્યક્તિ કંઈક પામી શકે છે. આ વિચાર એ જ મંત્ર. **મનનાત્ ત્રાયતે** - મનન કરવાથી જે **ઉદ્ધાર કરે** છે તે મંત્ર. જીવનનું ધ્યેય સ્પષ્ટ કરે તે મંત્ર.



રાષ્ટ્રપિતા **મહાત્મા ગાંધીજી**ના મનમાં મંત્ર સ્ફૂર્યો - **હિંદ છોડો**: આ વિચારનું વારંવાર મનન થયું. એમણે આ **મંત્ર** અનેકને આપ્યો. તેઓના મનમાં પણ આ જ મંત્રનું **રટણ** થયું. ફળસ્વરૂપે અંગ્રેજોને ભારત દેશને છોડવો પડ્યો. મંત્ર સાકાર સ્વરૂપને પામ્યો.

ટૂંકમાં કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધનાર- સફળ થનાર વ્યક્તિએ પોતાના જીવનમાં ચોક્કસ વિચારોને અપનાવવા, તેમને પોતાનો જીવનમંત્ર બનાવી વારંવાર તેનું રટણ કર્યું જ છે. આ દૃષ્ટિએ કઈ મહાન વ્યક્તિએ પોતાના જીવનમાં મંત્રને સ્થાન નથી આપ્યું ?

આ થઈ લૌકિક સફળતા અપાવનાર મંત્રની વાત. આ જ રીતે આધ્યાત્મિક માર્ગમાં પણ પારલૌકિક ગતિ પામવા માટે **મંત્રની આવશ્યકતા** સ્વીકારાઈ છે.

ભગવાનના **મહિમાને અભિવ્યક્ત કરતો શબ્દ** અથવા **વાક્ય** એટલે મંત્ર.



ભગવાનના મહિમાના વિચારથી અંતરમાં પ્રભુપ્રેમ પ્રગટ થાય છે. મહિમાનું, **મંત્રનું પુનરુચ્ચારણ** એ જ જાપ. વારંવાર એનું સ્મરણ કરવાથી મહિમા દૃઢ થાય છે અને અંતરમાં પરમાત્મા પ્રગટ થાય છે. આથી જ **મંત્ર** એ પણ **ભગવાનનું સ્વરૂપ** કહેવાય છે.

**'સ્વામિનારાયણ' મંત્ર કેવી રીતે ગણાય છે ?**

વહાલા ભક્તો ! મૂળ શબ્દ નર છે. **'ર'** અર્થાત્ નાશ, જેનો નાશ ક્યારેય 'ન' થાય તે **નર** કહેવાય. નરના બે અર્થ થાય છે, એક ભગવાન અને બીજો શુદ્ધ આત્મા. તેમાં પ્રથમ નારાયણ મંત્રની વ્યુત્પત્તિ સમજીએ. **"નરાત્ જાતમ્ નારમ્"**

અર્થ:- નરમાંથી પ્રગટે તે **નાર** કહેવાય. અને તે નાર તેજને કહેવાય. તે તેજમાં જેનું અયન (રહેવું વગેરે) છે તેઓને **નારાયણ** કહેવાય. નારાયણ મંત્રમાં જે અયન શબ્દ છે તેમાં જે નકાર છે તેનો ણકાર **"સંજ્ઞાયામ્ અગ:"** સૂત્રથી થાય છે. અને આજ સૂત્રના પ્રમાણથી નારાયણ મંત્ર સૃષ્ટિના મૂળકારણરૂપ પરમતત્ત્વની **યોગરુઢ સંજ્ઞા** બને છે. (શબ્દના અર્થપૂર્વક વ્યક્તિ વિશેષનો બોધ કરાવે છે તેને યોગરુઢ કહેવાય છે.) આ રીતે વિચારતા પરમતત્ત્વ સિવાય બીજા

કોઈને નારાયણ ન કહી શકાય, તેથી કોઈની પાછળ નારાયણ શબ્દનો પ્રયોગ આવે તો તેને ગૌણ સમજવો. જેમકે સૂર્યનારાયણ, વૈરાજનારાયણ વગેરે....તો નર એટલે ભગવાન અને નાર એટલે તેજ. (કોઈ ઠેકાણે નર એટલે મહાપુરુષ અને નાર એટલે તેના અંગમાંથી ઉત્પન્ન થયેલું જળ પણ કહેવાય છે.) તથા તે તેજમાં જેનું અયન (રહેવાનું છે) છે માટે નારાયન અને "સંજ્ઞાયામ્ અગઃ" સૂત્રથી નકારનો ણકાર :- નારાયણ. તથા **બીજો અર્થ** : નર એટલે આત્માઓ. અનંત આત્માઓની (મુક્તોની) મધ્યે બેઠા છે તેને **નારાયણ** કહેવાય છે. અને અનંતકોટિ બ્રહ્માંડોમાં અંતર્યામીપણે વિરાજમાન છે તથા દરેક જીવપ્રાણીમાત્રના નિયામક (સ્વામિ) છે. તેઓ સહુના ઉપરી છે, પરંતુ તેઓના કોઈ ઉપરી નથી માટે **સ્વામિ એવા નારાયણ**, તેજ **"સ્વામિનારાયણ"** ભગવાન. આવી રીતે સમજીને મંત્રજાપ કરવાથી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસન્નતા પ્રાપ્તિ થાય છે.



## મંત્રજાપ કેવી રીતે કરવો જોઈએ ?

મનની સ્થિરતા, એકાગ્રતા, મંત્રજાપમાં મહત્વનું અંગ છે. મનના અન્ય સર્વે સંકલ્પોને વિરામઆપી, કેવળ ભગવાનની પ્રસન્નતા માટે, પોતાના કલ્યાણ માટે જ **મંત્રજાપ** કરવો જોઈએ.

દુન્યવી કાર્યોમાં આસક્ત થયેલું મન કે પછી અન્ય રાગદ્વેષથી ઉત્તેજિત થયેલું મન ભગવાનમાં સ્થિર થઈ શકતું નથી. આથી મંત્રમાં મન લાગતું નથી. મંત્રજાપ થતો નથી. આ માટે શાંત એકાંત સ્થળે, પવિત્ર આસન ઉપર બેસીને, હૃદયાકાશમાં અથવા તો નજર સમક્ષ ભગવાનની મૂર્તિનાં દર્શન કરતાં, ચારેબાજુ ફેલાયેલી વૃત્તિને સમેટી મન અને જીભ બંને દ્વારા મંત્રનું ઉચ્ચારણ (બીજાને ન સંભળાય તે રીતે) કરવું. આને મનુસ્મૃતિમાં **ઉપાંશુ જાપ** કહ્યો છે.

**મંત્રજાપથી શા લાભો થાય છે ?**

ભગવાન શ્રી સ્વામિનારાયણ લોયાના છઠ્ઠા વચનામૃતમાં કહે છે કેઃ- મનને વિષે અનેક પ્રકારના ખરાબ ઘાટ-સંકલ્પ થાય ત્યારે પણ એ જ મહામંત્રનું ભજન કરવાથી સર્વે ઘાટ-સંકલ્પ ટળી જાય છે. તથા ગ.પ્ર.પ્રકરણના ૫૬માં **વચનામૃત**માં કહે છે કેઃ- ગમે તેવો પાપી હોય ને અંતસમે જો તેને **'સ્વામિનારાયણ'** એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપ થકી છૂટીને **બ્રહ્મમહોલ**ને વિષે **નિવાસ** કરે. તેમજ **સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી**એ પણ વાતોમાં કહ્યું છે કે :- "સ્વામિનારાયણ મહામંત્ર બહુ બળિયો છે. એ મંત્રનું ભજન કરવાથી કાળા નાગનું ઝેર ઉતરી જાય છે. એ મંત્ર જપવાથી વિષય વાસનાથી રહિત થવાય છે. એ મંત્રનો જપ કરવાથી બ્રહ્મરૂપ થવાય છે અને કાળ-કર્મ તથા માયાનું બંધન છૂટી જાય છે એવો બહુ બળીયો એ મંત્ર છે." માટે શ્રદ્ધાપૂર્વક પ્રાર્થનાના રૂપમાં કરવામાં આવતા મંત્રજાપને કારણે ભગવાન પ્રસન્ન થઈને ભક્તના શુભ સંકલ્પો પણ પુરા કરે છે.

આ સાથે અન્ય **શારીરિક લાભો** પણ પામી શકાય છે. મનની વૃત્તિઓ વિરામ પામે છે, આથી સમગ્ર ચેતનાતંત્ર શાંત થતાં શરીરનાં અંગ-ઉપાંગોને પણ **વિરામ** મળે છે. **લોહીનું પરિભ્રમણ** યથાયોગ્ય થાય છે, તો અંતઃસ્રાવી ગ્રંથીઓ પણ યોગ્યક્રમે કાર્યરત બની જાય છે. જે ઘણું જ **લાભદાયી** છે.

આ ઉપરાંત માણસ લોકજીવનમાં પણ **સ્થિર** બને છે. સ્થિરબુદ્ધિથી લેવાતા નિર્ણયોથી માનવીના જીવનમાં, વ્યવહારમાં **પ્રગતિ** સધાય છે અને કૌટુંબિક સંબંધોમાં **સુખ-શાંતિ** સ્થપાય છે. અન્યથા વ્યગ્ર ચિત્તને કારણે લેવાતા અયોગ્ય નિર્ણયોને લીધે જ તો જીવનમાં પ્રશ્નોની પરંપરા સર્જાતી હોય છે. આમ, ઐહિક અને પારલૌકિક બંને લાભ મંત્રજાપથી મળે છે.

**માળા એટલે શું ?**

વ્યવહારિક કાર્યોમાં વ્યસ્ત રહેનાર માનવ ગળાડૂબ પ્રવૃત્તિને લીધે અથવા તો આળસને લીધે દિવસમાં એક વાર પણ પરમાત્માનું સ્મરણ કરી શકતો નથી હોતો. આવા મનુષ્યને સંતો દિવસમાં એક વાર પણ નામસ્મરણ કરવા પ્રેરે છે. અને પછી આગળ વધતાં પાંચ વખત...અગિયાર વખત નામ લેવા તૈયાર કરીને ભગવાનના માર્ગે આગળ વધારવા પ્રયત્ન કરે છે. પોતે ગ્રહણ કરેલ નિયમાનુસાર મંત્રજાપ થયો છે

તેવો વિશ્વાસ અને સંતોષ પ્રાપ્ત થાય તેમજ મંત્રજાપનું પ્રમાણ પણ જળવાઈ રહે એવા હેતુથી જપગણના માટેના માધ્યમની આવશ્યકતા ઊભી થઈ. પરિણામે, **જપની ગણતરીની સરળતા માટે** માળા અસ્તિત્વમાં આવી; એમશાસ્ત્રોક્ત પ્રમાણે કહી શકાય.

**માળામાં ૧૦૮ મણકા જ શા માટે રાખવામાં આવે છે ?**

હરેક પળમાં મનુષ્યના સ્વાભાવિક શ્વાસની સંખ્યા ૬ છે. આવી ૨॥ પળની એક મિનિટ થાય. આથી એક મિનિટમાં ૧૫ શ્વાસો લેવાય છે. આ હિસાબ અનુસાર ૨૪ કલાકમાં આપણા **૨૧,૬૦૦** શ્વાસો શાસ્ત્રમાં ગણત્રી કરેલાંછે.

'षट् शतानि दिवारात्रौ सहस्राण्येकविंशतीः ।
एतत्संख्यात्मकं मन्त्रं जीवो जपति नित्यशः ॥'

(ચુડામણિ ઉપનિષદ ૩૨/૩૩)

આવી રીતે રાત્રીના ૧૨ કલાક બાદ કરીને દિવસના ૧૨ કલાકમાં આપણે **૧૦,૮૦૦** શ્વાસો લઈએ છીએ.ભક્તની તો સ્વાભાવિકપણે શ્વાસે-શ્વાસે ભગવાનનું નામ લેવાની ઈચ્છા રહે, પરંતુ આટલી વિશાળ સંખ્યામાં જપનો અવકાશ ન રહે તે માટે જો વિધિવત્ **'ઉપાંશુજપ'** કરવામાં આવે તો પ્રત્યેક મંત્રનું ૧૦૦ ગણું ફળ થાય - એ શાસ્ત્રોક્ત વિધાન અનુસાર દિવસમાં ૧૦૮ મંત્રોનો જપ થવો જોઈએ તેવું સ્વીકારાયું. મનુસ્મૃતિમાં કહ્યું છે કેઃ- 'उपांशुः स्यात् शतगुणः ।'(૨/૮૬)

આ રીતે ૧૦૮ મણકાની એક માળા ઉપાંશુ જપ યુક્ત ફેરવવાથી **શ્વાસેશ્વાસે ભજન** કર્યું ગણાય એ ભાવનાથી માળાના મણકાની સંખ્યા ૧૦૮ રાખવામાં આવીછે.

બીજો એક મત એવો પણ છે કે માનવજીવન પર સૂર્યની અસર ઘણી નોંધનીય છે. સૂર્ય-ચંદ્રને આધારે પૃથ્વી પર **ઋતુચક્ર** ચાલે છે. સૂર્યના માર્ગને પ્રાચીન ઋષિ-વૈજ્ઞાનિકે ૨૭ વિભાગોમાં વહેંચીને પ્રત્યેક વિભાગમાં રહેલા તારાઓના સમૂહને **'નક્ષત્ર'** સંજ્ઞા આપી છે. આ નક્ષત્રમાળાના આધારે આપણી જપમાળાની કલ્પના કરવામાં આવી છે. પ્રત્યેક નક્ષત્રને ચાર ચરણ હોય છે. આથી ૨૭ નક્ષત્રોનાં કુલ મળીને **૧૦૮ ચરણ** થાય છે. તેથી માળાના મણકાની સંખ્યા પણ **૧૦૮** રખાઈ છે.

બ્રહ્માંડની નક્ષત્રમાળા જેને કેન્દ્રમાં રાખી ફરે છે તે સ્થાનને **'સુમેરુ પર્વત'** ના નામથી શાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યું છે. આ જ પ્રમાણે જપમાળાના બંને છેડા જ્યાં મળે છે તેને કેન્દ્ર સમું મહત્ત્વનું સ્થાન ગણતાં, તે સ્થાને આવતાં સર્વોચ્ચ મણકાને **'સુમેરુ'** કહેવામાં આવેછે.

## માળા કેવી રીતે ફેરવવી જોઈએ ?

જમણા હાથની મધ્ય આંગળી પર, પહેલી આંગળીનો સ્પર્શ ન થાય તે રીતે માળાને રાખીને અંગુઠા વડે માળા ફેરવવી. પહેલી આંગળ ીને **તર્જની** કહેવાય છે. તર્જન કરવું અર્થાત્ નિંદા કરવી, તિરસ્કાર કરવો, ધિક્કારવું વગેરે. આવી ક્રિયા સમયે આ પહેલી આંગળીનો ઉપયોગ થતો હોય છે. મંત્રજાપમાં ઉપરોક્ત મલિન વિચારોના ત્યાગના નિર્દેશ અર્થે જ મંત્રજાપ દરમ્યાન માળાને પહેલી આંગળીનો સ્પર્શ થવો વર્જ્ય ગણાયો હશે.

દરેક મણકે 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ કરવો. એક માળા પૂર્ણ થયે ૧૦૮ વાર 'સ્વામિનારાયણ' નામ લેવાય છે. માળા પૂર્ણ થયા પછી **'સુમેરુ'** આવતાં તેને ઓળંગ્યા વિના માળાને ઉલટાવીને ફેરવવી. મંત્રજાપમાં ઉપરોક્ત થતી માળા પવિત્ર છે. એને અયોગ્ય પદાર્થનો કે સ્થાનનો સ્પર્શ ન થઈ જાય એ હેતુથી જ માળાને ગૌમુખી (ગાયના મુખ જેવી માળા રાખવાની નાની ઝોળી)માં રાખી મંત્રજાપ કરવાનો રીવાજ છે. વળી, બીજો પણ મત એમછે કે, ખુલ્લી માળા ફેરવવાથી માળાનું ફળ આસુરી તત્ત્વોને મળે છે. તેથી વસ્ત્ર ઢાંકીને યા ગૌમુખી રાખીને માળા ફેરવવી જોઈએ.

## સુમેરુને શા માટે ઉલ્લંઘાય નહીં ?

નક્ષત્રો સુમેરુને કેન્દ્રમાં રાખી ફરે છે. સુમેરુ સ્થિર છે. નક્ષત્રોની ગતિ પૂર્વથી પશ્ચિમપ્રતિ છે. કારણ, પૃથ્વી તેની ઉત્તરદક્ષિણીય ધરી પર પશ્ચિમથી પૂર્વ તરફ ફરે છે. આથી કોઈપણ નક્ષત્ર દક્ષિણથી ઉત્તર તરફ ગતિ કરતું દેખાતું નથી. આથી ઉત્તરધ્રુવના સ્થાને આવેલ સુમેરુ પર્વતને કોઈ ઓળંગી શકતું નથી. સૌ કોઈ સુમેરુની મર્યાદા જાળવે છે. માળા નક્ષત્રમાળનું રૂપક છે. તેથી તેમાં રહેલ સુમેરુનું પણ એવું જ માહાત્મ્ય સ્વીકારી, ભક્ત તે સુમેરુનો સ્પર્શ કરી, માળાની દિશા ફેરવી મંત્રજાપ પુનઃ શરૂ કરે છે. આ પ્રમાણે સુમેરુ **ભગવાનનું સ્વરૂપ** છે તેથી તેનું ઉલ્લંઘન ન કરતા ચરણસ્પર્શ કરી માળા ઉલ્ટાવાયછે.

**તપની માળા શું છે ? તેનો શો હેતુ છે ?**

તપ એટલે પુરુષાર્થ, શરીર અને ઈન્દ્રિયોનું દમન. કોઈ પણ ક્ષેત્રમાં કાર્યની સિદ્ધિ માટે તપ એ અગત્યનું પાસું છે. **દેહનું લાલન-પાલન કરવામાં જ રચ્યો-પચ્યો રહેનારો ક્યારેય સિદ્ધિના શિખરે પહોંચી ન શકે.** અવકાશયાત્રીઓને કે હિમાલયના શિખરો સર કરવા નીકળનારાઓને પણ કેવી કેવી કષ્ટદાયક તાલીમોમાંથી પસાર થવું પડે છે ! અમુક પ્રકારનો જ ખોરાક લેવાય, પાણી પણ અમુક પ્રમાણમાં જ પિવાય. અમુક માઈલ દોડવાનું જ, વજન ઊંચકવાનું, કસરતો કરવાની, અમુક દિવસો ભૂખ્યા-તરસ્યા પણ રહેવાનું વગેરે. આમ, દરેક ક્ષેત્રમાં **સિદ્ધિ પ્રાપ્ત કરવા ભોગનો સંયમ**અથવા **શરીરનું દમન** જરૂરી ગણાયું છે. ભલે દુઃખોના ડુંગરો તૂટી પડે પણ મારે આ સિદ્ધિ મેળવવી જ છે. એવી ભાવના સાથે મનને અને શરીરને ગમે તેવા વિકટ સંજોગો માટે તૈયાર કરવાનાં, એનું જ નામતપ. આ આધુનિક પ્રકારનું તપછે.

ભક્ત પણ 'ગમે તે સંજોગોમાં મારે પરમાત્માની પ્રાપ્તિ કરવી જ છે' એ વિચાર સાથે મનનો સંયમતથા શરીરનું દમન કરે છે.

સામાન્યતઃ આપણે મંત્રજાપ કરતી વખતે પદ્માસનમાં કે સિદ્ધાસનમાં અથવા તો પલાંઠી વાળીને બેસીએ છીએ. મંત્રજાપ એટલે પ્રભુને પામવાના આપણા ધ્યેયની કામનાને દૃઢાવવી. આ કામનાની ઉત્કટતા સાથે એક પગે ઊભા રહી, બે હાથ ઊંચા કરી મંત્રજાપ કરતાં ધ્રુવજીને દર્શન આપવા વિષ્ણુ સાક્ષાત્ દોડી આવ્યા.

ધ્રુવજીની આ અડગ મુદ્રામાં રહી ફેરવવામાં આવતી માળાને **'તપની માળા'** કહેવામાં આવે છે. જાણે ગમે તેટલું કષ્ટ પડે પણ **મારે આ ધ્યેય સિદ્ધ કરવું જ છે** એવી માનસિક તેમજ શારીરિક તૈયારીથી ભક્ત **કૃતનિશ્ચયી** બને છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વનવિચરણ દરમ્યાન નીલકંઠવર્ણીવેશે પુલહાશ્રમમાં, આવી જ શારીરિક મુદ્રામાં કઠિન તપ આદર્યું હતું. ભક્તો તપની માળા વખતે આ જ તપોમુદ્રામાં મંત્રજાપ કરતા **મહાપ્રભુ શ્રી નીલકંઠવર્ણીની સ્મૃતિ** કરે છે.

આવી રીતે ભગવાનને પ્રસન્ન કરવા માટે કષ્ટો સહન કરવાની ભાવનાને દૃઢાવવા અને ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલી **તપશ્ચર્યાની સ્મૃતિ** કરવા **તપની માળા** કરવામાં આવે છે.

## ગુરુમંત્રની માળા શા માટે ?

ગુરુમંત્ર એટલે બ્રહ્મસંબંધ, તેનાથી **ભગવાન સાથે જોડાણ** થાય છે. ગુરુમંત્રની માળા દ્વારા ઈંદ્રિયો-અંતઃકરણના અહંભાવોની બહાર ગતિ રોકાય, અર્થાત્ ભગવાન વિના બીજા વિષયમાં પ્રચાર વિના ભગવાનમાં રોકાય અને પોતાના હૃદયકમળમાં બ્રહ્મના



પ્રકાશને જોવા પૂર્વક તે પ્રકાશમાં **ભગવાનના દર્શન** થાય છે.

આ ગુરુમંત્રનો અર્થ તથા જપનું ફળ શ્રી સત્સંગિજીવનના પ્રથમપ્રકરણના અધ્યાય ૫૮માં શ્લોક ૧૮ થી ૨૭ સુધી **વિસ્તારપૂર્વક વર્ણન** કરેલ છે. તેમજ તૃતીય પ્રકરણમાં અધ્યાય ૩૦માં પણ **જપવિધિ** તેના માહાત્મ્ય સહિત **સંપૂર્ણ** કહ્યો છે.

**અનુસંધાન પેજ ૧૧નું ચાલું...**

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... જપ કરે અને આંખમાં આંસુ સાથે દીનભાવે મહારાજને **પ્રાર્થના** કરે : "હે મહારાજ ! જેવી તમારી ઈચ્છા ! હે પ્રભુ ! દયા કરો, રક્ષા કરો."

એ દરમ્યાન પેલા વાઘેરે જે સામાન હતો તે સગેવગે કર્યો. હાથમાં ખુલ્લી તલવાર લીધી અને ત્રાડ નાખી : "તારે જેને યાદ કરવા હોય તેને યાદ કરી લે, હવે તારું મોત આવ્યું છે." એમ કહીને જ્યાં તલવાર ખેંચી ત્યાં તો બાજુના ઝાડનાં ઝૂંડમાંથી ચિબરીએ કાળો કકળાટ કર્યો અને તે જ ક્ષણે સિંહની ભયંકર ગર્જના થઈ. વાઘેર હજુ સિંહ સામે જુએ ન જુએ ત્યાં તો તેની પીઠ ઉપર ફુફાંગ કરતો સિંહનો વિકરાળ પંજો પડ્યો. વાઘેરના રામરમી ગયા.

આ બાજુ સુંદરજી ભક્તને છોગલાધારી સ્વરૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણે સિંહમાંથી દિવ્ય દર્શન દઈને રક્ષા કરી.

આ **પ્રાતઃપૂજાનો મહિમા** છે. આવા વિકટ સમયમાં તેમને પ્રાતઃપૂજા યાદ આવી કે હું પૂજા કરી લઉં. અને છતાં આપણને પ્રશ્ન એમ થાય છે કે પૂજા શા માટે ? માટે પ્રાતઃપૂજા તો અવશ્ય કરવી જ જોઈએ.

તન્મયતાથી જે ભગવાન શ્રીહરિની આરાધના કરે છે, લીન થઈને જે પ્રભુને આરાધે છે, પ્રભુના સ્વરૂપમાં તાર જોડે છે, જેમ પ્રભુભજનમાં એકતારો ગુંજતો હોય તેમ હૃદયનો તાર 'તૂંહી તૂંહી' બોલતો હોય એવી રીતે પરમાત્મામાં સંલગ્ન બનીને પ્રભુની પૂજા કરવી તે **પૂજાનો સાચો અર્થ** છે.

પૂજા કર્યા પછી તૃપ્તિનો આનંદ થવો જોઈએ. જેવી રીતે, આપણે ભોજન કરવા બેસીએ છીએ ત્યારે કોઈ વસ્તુ છોડવી એ આપણને પસંદ નથી. બરાબર કસ કાઢીને ભોજન કરીએ છીએ. થાળી-વાટકાને પણ ચાટી જાય તેવા કેટલાક મુરબ્બીશ્રીઓ આ જમાનામાં હોય છે ! તેવી રીતે પૂજા કર્યા પછી પરમાત્મા આરાધનાની તૃપ્તિ ક્યારેય આવી ? પૂજા કર્યા પછી જે ધરાઈને, ભરાઈને ઊભો થતો હોય તે જ સાચી પૂજા કરે છે.

એક સરસ બાબત સમજવા જેવી છે કે, **'જેની પ્રાતઃપૂજા સુધરી તેનું સંપૂર્ણ જીવન સુધર્યું.'** જેને પૂજામાં વિધિસર બેસવા છતાં મન લાગતું નથી, ભાવ આવતો નથી; તો એ વ્યાવહારિક પ્રવૃત્તિઓમાં પરોવાશે ત્યારે હરિસ્મરણ કઈ રીતે કરશે ? અને જેને પ્રાતઃપૂજામાં વિધિસર બેસવામાં મન લાગે છે, એને જ સ્મરણનો દોર ઝિલાયો છે. એ જ્યારે જગતના વ્યવહારકાર્યમાં જશે ત્યારે પણ 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' જપ કરશે. માટે કોણ કેટલો સારો સાધુ થશે અને કોણ કેટલો સારો સત્સંગી થશે તેનું **માપદંડ** તેમની પ્રાતઃપૂજા ઉપરથી છે. **પ્રાતઃપૂજા સાધનાનું પ્રથમ સોપાન સૂત્ર** છે.

જે શ્રીહરિનું ચિંતન કરે છે, તેની ચિંતા સ્વયં શ્રીહરિ કરે છે. તો આપણે પણ શા માટે પ્રભુને 'Thank You' કહેવાનું ભૂલીએ...!!!

અસ્તુ અવિનાશી પ્રભુના આભાર સહ... જય શ્રી સ્વામિનારાયણ...

ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વ યામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ...

# પ્રદક્ષિણા, દંડવત્ અને પ્રાર્થના



- સાધુ પતિતપાવનદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**પ્રદક્ષિણા**

પદ્મપુરાણમાં 'હરિપૂજાવિધિ' વર્ણનમાં કહ્યું છે :

'हरिप्रदक्षिणे यावत्पदं गच्छेत् शनैः शनैः ।
पदपदेऽश्वमेधस्य फलं प्राप्नोति मानवः ।।
यावत्पादं नरो भक्त्या गच्छेद्विष्णुप्रदक्षिणे ।
तावत्कल्पसहस्त्राणि विष्णुना सह मोदते ।।
प्रदक्षिणीकृत्य सर्वं संसारे यत्फलं भवेत् ।
हरिं प्रदक्षिणीकृत्य तस्मात्कोटिगुणं फलम् ।।'

અર્થાત્ ભગવાનને પ્રદક્ષિણા કરવાથી મનુષ્યને પ્રદક્ષિણાના દરેક પગલે **અશ્વમેધ યજ્ઞનું ફળ** થાય છે. એટલું જ નહિ પરંતુ દેહાન્તે ભગવદ્ધામની પ્રાપ્તિ પણ થાય છે.

(પદ્મપુરાણ : હરિપૂજાવિધિ, ૧૧૫-૧૧૭)

પ્રદક્ષિણા એ પૂજાવિધિનું જ એક અંગ છે. પ્રાચીનકાળમાં, પ્રિય વ્યક્તિ પ્રત્યે આદર-પ્રેમવ્યક્ત કરવા માનવી હર્ષોલ્લાસમાં આવી તે પ્રિયજન પાસે ગોળ કુંડાળું વાળી નાચ નાચતો. પોતાની ટોળીમાં કોઈ નેતા ચૂંટે અને તેને વચ્ચે બેસાડી એની આજુબાજુ ઘૂમે. આજે પણ આ પ્રક્રિયા તો ચૂંટણીના પરિણામવખતે જોવા મળે છે. નેતાને કેન્દ્રમાં રાખી લોકો આજુબાજુ ઘૂમે, આનંદ વ્યક્ત કરે.

સર્વોચ્ચ નેતા પરમાત્મા છે. એ જ કેન્દ્રબિંદુ છે. એમનો આદર કરવા એમના મેળાપનો હર્ષ વ્યક્ત કરવા, પરમાત્માને જ કેન્દ્રમાં રાખી માનવી ઘૂમે છે. ખાસ કરીને જમણો હાથ અંદર રહે તે રીતે ફરે છે તે જ પ્રદક્ષિણા.

જીવનના દરેક કાર્યમાં ભગવાનને કેન્દ્રમાં રાખીએ તો ક્યારેય વિઘ્ન નહીં આવે. જીવનની પ્રત્યેક ક્ષણમાં **ભગવાનને કેન્દ્રમાં રાખવાનો**, મુખ્ય રાખવાનો **નિર્દેશ કરતી ક્રિયા** તે જ **પ્રદક્ષિણા.**

મહાભારતમાં ભગવાન વેદવ્યાસે આ જ અર્થ સૂચિત કર્યો છે. જેણે જે સમયે જીવનમાં ભગવાનને મુખ્ય રાખ્યા તેને તે સમયે સફળતા મળી છે. પાંડવોએ જીવનના બધા પ્રસંગોમાં શ્રીકૃષ્ણને આગળ રાખ્યા, પણ જુગાર રમતી વેળાએ શ્રીકૃષ્ણની સલાહ ન લીધી તો પરિણામકેવું આવ્યું ? સર્વનાશ!

પ્રત્યેક પ્રદક્ષિણા વખતે પરમાત્માની મૂર્તિ પાસે થોડું અટકી, નીરખી પરમાત્માનાં દર્શન કરવાં. પ્રદક્ષિણા ધીરે ધીરે ફરવી પરંતુ ઉતાવળી ગતિએ નહિ. વળી, પ્રદક્ષિણા ફરતી વખતે આપણે ભગવાનને પ્રાર્થના પણ કરતા રહેવી કે 'હે પ્રભુ! આપ મારા જીવનની પ્રત્યેક ક્ષણે કેન્દ્રમાં રહેજો' અને સાથે આપણે પણ પ્રતિજ્ઞા દૃઢાવવાની કે હું ભગવાનને જ જીવનમાં મુખ્ય રાખીશ.

પ્રદક્ષિણા માળા-મંત્રજાપ કરતાં કરતાં આપણા જમણા હાથ તરફ ઠાકોરજી રહે તે રીતે પ્રદક્ષિણા કરવી.

**દંડવત્**

શ્રીજીમહારાજ **'શ્રીહરિચરિત્રામૃતસાગર'**માં કહે છે : "ભગવાનના ભક્ત પુરુષોએ ભગવાનને આઠ અંગે સહિત વંદન કરવું. તે **આઠ અંગ** - પગ, હાથ, ઢીંચણ, મસ્તક, છાતી, દૃષ્ટિ, મન અને વચન જાણવાં. તે અંગો ભૂમિને અડે તેમ નમાવીને વંદન કરવું. સ્ત્રીભક્તોએ પાંચ અંગથી નમસ્કાર કરવા. **પાંચ અંગ**માં હાથ, મસ્તક, મન, વચન અને દૃષ્ટિ એટલાં કહેવાય છે." (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧/૬૭)

ભગવાન પાસે અત્યંત દાસભાવ પ્રગટ કરવા ભક્ત દંડવત્ પ્રણામ કરે છે. પરમાત્માનાં ચરણોમાં દંડવત્ એટલે કે લાકડીની જેમપૃથ્વી પર શરીર પાથરી દેવું એ જ **દંડવત્ પ્રણામ.** આ પણ પૂજામાં આદર વ્યક્ત કરવાની એક ક્રિયા છે.

સાષ્ટાંગ દંડવત્ પ્રણામએટલે **આઠ અંગે સહિત પ્રણામ** કરવા. ૧. લલાટ (મસ્તક), ૨. આંખ, ૩. હાથ, ૪. વક્ષસ્થળ

(છાતી), ૫. પગ, ૬. ઘૂંટણ (જંઘા), ૭. વાણી અને ૮. મન - આમ, છ સ્થૂળ અંગો અને બે સૂક્ષ્મઅંગો સહિત કુલ આઠ અંગો ભળે છે. આથી એને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કહે છે.

આઠ અંગે યુક્ત એક જ દંડવત્ કરે તો તે પણ અક્ષય ફળદાયી છે. તેનું મહત્ત્વ **મહાભારત** અંતર્ગત **પાંડવગીતામાં** બતાવતાં કહે છે :

'एकोऽपि कृष्णस्य कृतः प्रणामो दशाश्वमेधावभृथेन तुल्यः ।
दशाश्वमेधी पुनरेति जन्म कृष्णप्रणामी न पुनर्भवाय ।।'

અર્થાત્ ભગવાન શ્રીકૃષ્ણને એક વાર પણ પ્રણામ કરવા એ **દસ અશ્વમેધ** યજ્ઞના **અવભૃથ-સ્નાન** તુલ્ય છે. અશ્વમેધ યજ્ઞ કરનારાઓને પુનર્જન્મની પ્રાપ્તિ થાય છે, પરંતુ ભગવાનને પ્રણામ કરવાવાળાને ફરી વાર જન્મ લેવો પડતો નથી.

સાષ્ટાંગ દંડવત્ પ્રણામએ પુરુષો માટે નિર્દિષ્ટ થયેલ છે, જ્યારે સ્ત્રીઓ માટે પંચાગ પ્રણામ શાસ્ત્રમાં કહેલા છે. હાથ, પગ, મસ્તક, વાણી અને મન. આમ, પાંચ અંગોની ગણના પંચાગ પ્રણામમાં થાય છે.

વાણી અને મન આઠ અંગોમાં શા માટે ગણાય છે ? તો માનવી શરીરથી, વાણીથી અને મનથી ત્રણ પ્રકારે કર્મ કરે છે. જીવનનાં પ્રત્યેક કર્મ ભગવાનનાં ચરણોમાં સમર્પિત કરવા ત્રણેયનો સમાવેશ કરવો જરૂરી છે. આથી જ સાષ્ટાંગ પ્રણામમાં વાણી અને મનનો પણ સમાવેશ કરી લેવામાં આવ્યો છે.

દંડવત્ પ્રણામના શા લાભ થાય છે ? તો દંડવત્ પ્રણામમાં ત્રણ યોગાસનોનો સુમેળ છે - નમસ્કારાસન, એકપાદ પ્રસરણાસન અને ભુજંગાસન. આનાથી ગળાનો દુખાવો, કેડનો દુખાવો મટે છે. કરોડરજ્જુની સ્થિતિસ્થાપકતા વધે છે. ગરદન, ખભા, છાતી અને પીઠના સ્નાયુઓને કસરત મળે છે. પાચનશક્તિ વધે છે. પેનક્રિયાસ અને એડ્રિનલ ગ્રંથિઓ કાર્યાન્વિત થતાં ડાયાબીટીસ દૂર થાય છે.

આ તો થઈ **શારીરિક લાભ**ની વાત. પણ **માનસિક લાભ** વિશેષ છે. **મેડિકલ લાભ** પણ વિશેષ છે. મેડિકલના અભ્યાસમાં એ વાત આવે છે કે આપણા શરીરની જુદી જુદી સ્થિતિમાં દા.ત. બેઠા હોઈએ, સૂતા હોઈએ, ચાલતા હોઈએ વગેરેમાં આપણા શરીરની અંતઃસ્રાવી ગ્રંથિઓ પર જુદી જુદી અસરો થતી હોય છે. વૈજ્ઞાનિકોએ જુદી જુદી સ્થિતિમાં વ્યક્તિના શરીરનું બ્લડપ્રેશર, માનસિક પરિસ્થિતિ, લોહીમાં હોરમોન્સનું પ્રમાણ વગેરે માપ્યાં તો દંડવત્ પ્રણામની મુદ્રામાં સૌથી શ્રેષ્ઠ અને સમતોલ પરિણામમળ્યાં. માણસ ક્રોધ કરે ત્યારે શરીરમાં એવી રાસાયણિક પ્રક્રિયાઓ થાય છે કે જે લોહીને બગાડે, જે મગજને - જ્ઞાનતંતુને નુકશાન પહોંચાડે છે. આ ક્રોધ માનને કારણે ઊપજે છે. દંડવત્ પ્રણામમાં નમ્રભાવ છે જેથી માન ન આવે અને પરિણામે ક્રોધ ન ઊપજે. આમ, માન અને ક્રોધરૂપી દુર્ગુણોથી બચી માનસિક શાંતિ અને આનુષંગિક શારીરિક **લાભ** વ્યક્તિને દંડવત્ પ્રણામથી પ્રાપ્ત થાય છે.

એક વખત ભગવાન શ્રીહરિ પોતાનું દેવાર્ચનાદિક નિત્યકર્મ તેને કરીને ઉત્તરાદે મુખે શ્રીકૃષ્ણભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામકરતા હવા. તે પ્રતિદિન જેટલા દંડવત્ કરતા તેથી તે દિવસે તો પોતે એક **દંડવત્ પ્રણામ** અધિક કર્યો તેને જોઈને શુકમુનિએ પૂછ્યું જે, "હે મહારાજ! આજ તમે એક પ્રણામ અધિક કેમ કર્યો?"

ત્યારે શ્રીજીમહારાજે બોલ્યા જે, "નિત્ય પ્રત્યે તો અમે શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર કરીને એમ કહેતા જે, 'હે મહારાજ ! આ દેહાદિકને વિષે અહંમમત્વ હોય તેને તમે ટાળજ્યો.' અને આજ તો અમને એવો વિચાર થયો જે, 'ભગવાનના ભક્તનો મને, વચને અને દેહે કરીને જે કાંઈક જાણે અજાણે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ થાય છે તેવું બીજે કોઈ પાપે કરીને થતું નથી' માટે જાણે-અજાણે, મને, વચને, દેહે કરીને જે કાંઈ ભગવાનના ભક્તનો દ્રોહ બની આવ્યો હોય તેનો **દોષ નિવારણ** કરાવ્યા સારું એક પ્રણામ **અધિક** કર્યો."

**પ્રાર્થના**

પ્રાર્થના એટલે અંતરના ઊંડાણમાંથી ઉત્પન્ન થતો પરમાત્મા સાથેનો નીરવ સંવાદ, ભાવાત્મક વાર્તાલાપ. ક્યારેક તેને વ્યક્ત કરવા આપણે શબ્દોનો આશ્રય લઈએ છીએ. યુગોથી માનવી પ્રાર્થનાથી જ પરમાત્મા સાથે તાર



જોડતો આવ્યો છે. **પ્રાર્થના એટલે પ્રભુ પ્રત્યે પ્રેમનો સ્વીકાર;** જેમાં સંપૂર્ણ **સમર્પણ ભાવ** હોય, દાસત્વ ભાવ હોય, ઊંચે ઊઠવાનો ભાવ ન હોય, પરમાત્મા સાથેના **મિલનની ઝંખના** હોય.

હિન્દુ શાસ્ત્રો પ્રમાણે તો એક પશુ - હાથી પણ અંતરના આર્તનાદથી પરમાત્મા સાથે જોડાણ સાધી શકે છે, અવતરણ કરાવી શકે છે. ગજના ઉદ્ધાર માટે ભગવાને હરિ અવતાર ધારણ કર્યો એ જાણીતો પ્રસંગ છે. તેથી સ.ગુ પ્રેમાનંદ સ્વામી લખેછે કેઃ- **'ગરુડ તજીને પાળા પધાર્યા, ગજ સારૂં મહારાજ'** એ હાથીએ કઈ ભાષામાં પ્રાર્થના કરી હશે !!

આપણે એક પ્રસંગ જોઈએ કે પ્રાર્થનામાં **વાક્યરચના** યા શબ્દ જોડણી તે વિદ્વત્તાપૂર્વક કરવી જરૂરીછે કે નહિ ?

એક પાદરી ચર્ચમાં પ્રાર્થના કરતા હતા. તેમને જોઈને એક નાનો બાળક પણ મનમાં કંઈક ગણગણવા લાગ્યો. આથી, પાદરીએ પૂછયુંઃ બેટા ! હું તો પ્રભુને પ્રાર્થના કરું છું ને બાઈબલના મંત્રો બોલું છું, પણ તુ શું કરે છે ? પછી બાળક કહે : હું પણ પ્રાર્થના જ કરું છું. ત્યારે પાદરી બોલ્યા : તને કઈ પ્રાર્થના આવડે છે ? બાળકે કહ્યું : મને **એ.બી.સી.ડીની પ્રાર્થના** આવડે છે.

પાદરીએ મજાકમાં કહ્યું : એ કાંઈ પ્રાર્થના કહેવાય ! આ સાંભળી નિર્દોષ બાળક કહે : તેની મને કાંઈ ખબર નથી, પણ તમારી પ્રાર્થનામાં અને મારી એ.બી.સી.ડીમાં છવ્વીસ અક્ષરોથી વધારે એક પણ અક્ષર નહિ હોય. ફરક માત્ર એટલો જ છે કે તમે અક્ષરોને ગોઠવીને પ્રાર્થના બોલો છો. અને હું ભગવાનને કહું છું કે, તને જેમ ઠીક લાગે તેમ અક્ષરોને ગોઠવી લેજે.

આ સાંભળી પાદરી આભા જ બની ગયા. તેમને મનમાં થયું કે, વાહ ! આવા નિર્દોષ બાળકની પ્રાર્થના જરૂર પરમાત્મા સાંભળે છે.

પ્રાર્થનામાં કઈ કઈ બાબતો વણી લેવી જોઈએ ? પ્રાર્થનાનો અર્થ સમજ્યા હોઈએ તો આ પ્રશ્ન જ ન થાય. અંતરના ઊંડાણમાંથી પરમાત્મા પ્રત્યે પ્રેમ, દાસત્વભાવ વ્યક્ત કરતી બધી જ ભાવનાઓ પ્રાર્થના છે, અને તે યોગ્ય જ છે. છતાં ઘણી વખત, પૂર્વે સંતો-ભક્તો વડે ઉચ્ચારાયેલી પ્રાર્થના આપણા ભાવોને પણ વ્યક્ત કરે છે અને શુદ્ધ કરે છે.

શ્રીજીમહારાજ પાસે સારંગપુર ગામે **પુષ્પદોલોત્સવ પ્રસંગે** સ્ત્રીભક્તોએ ફગવાની પ્રસાદીની માગણીરૂપે કરેલી પ્રાર્થના **'મહાબળવંત માયા તમારી....'**(ભક્ત ચિંતામણી પ્ર.૬૪) પણ આપણા ભાવો દૃઢ બનાવે છે. ઉપરાંત ગ.પ્ર. ૪૮મા વચનામૃતમાં શ્રીજી મહારાજે પણ પ્રાર્થના કેવી કરવી એ બતાવતાં કહ્યું છે કેઃ- 'હે મહારાજ ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા અને દેહાભિમાન એ આદિક જે અંતઃશત્રુ તે થકી રક્ષા કરજ્યો અને નિત્ય તમારા ભક્તનો સમાગમ દેજ્યો. તથા હે મહારાજ ! હે સ્વામિન્ ! હે કૃપાસિંધો ! હે શરણાગત પ્રતિપાળક ! કુસંગી થકી મારી રક્ષા કરજ્યો.' તથા ગ. અં. ૩૯મા વચનામૃતમાં કહ્યું છે કે :- 'અહં મમત્વરૂપ માયા થકી રક્ષા કરજ્યો અને તમારે વિષે પ્રીતિ થજો અને એ માયાને તર્યા હોય અને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા સાધુ તેનો સંગ થજ્યો અને સાધુને વિષે હેત ને મમત્વ થજ્યો.

**પ્રાર્થના શા માટે કરવી જોઈએ ?** તો પ્રાર્થના અભ્યુદય અને આત્યંતિક કલ્યાણ માટે કરવી જોઈએ. કોઈ સાથે ઈર્ષ્યા-ઘૃણા-દ્વેષથી પ્રેરાઈને તેના અહિત માટે કરાયેલી પ્રાર્થના ભગવાન સાંભળે છે ત્યારે એ ઈર્ષ્યાળુને અવશ્ય ચેતવે છે. છતાં પણ એવી જ હીન માંગણી કરતો હોય તો ભગવાન તેનું ફળ તેને આપે છે. એટલે જ કહ્યું છે કે ભગવાન ભક્તના છે પણ અભક્તના નથી.

**બાઈબલ**માં લખ્યું છે : 'તમે માગો છો છતાં તમને નથી મળતું તો તેનું **કારણ** એ છે કે તમે કોઈ **ગલત માંગણી** કરી રહ્યા છો.'

પ્રાર્થના **હૃદયનો વિષય** છે. પ્રભુ પ્રત્યે પ્રેમ, ભક્તિ, લાગણી, ભાવના, ઊર્મિવગેરે વહાવવાનું **અનેરું માધ્યમ** પ્રાર્થના છે. સાધના માર્ગે ડગ માંડતો સાધક ક્યારેક સંસાર-મોહમાં લપસે ત્યારે પ્રાર્થના એને ચેતનવંતો કરે છે, બળ પૂરે છે. સાધકને પણ આત્મામાં પ્રતીતિ આવે છે કે પ્રભુએ મારું કાંડું ઝાલ્યું છે. મને બચાવ્યો છે, નિષ્પાપ કર્યો છે. પ્રાર્થનામાં હૃદય, મન, વાણી અને ઈન્દ્રિયો-અંતઃકરણ સહિત આત્મા સામેલ થાયછે ત્યારે એને ઉત્કૃષ્ટ-અનુભૂતિ પણ થાયછે.

પ્રાર્થના **સાકાર-ઉપાસનાની દ્યોતક** છે, કારણ કે ભગવાન સાંભળે છે અર્થાત્ એમને કાન છે, ભગવાન જુએ છે એમને આંખો છે. ભગવાન જવાબ આપે છે, એમને જીભ છે, વાણી છે. આમ, પ્રતીતિપૂર્વકની **પ્રાર્થના** પરમાત્માની એક **આરાધના-**ઉપાસના બની રહે છે.

**સ્વામી વિવેકાનંદ** કહેતા : 'જ્ઞાન માટે અને સત્યના પ્રકાશ માટે પરમેશ્વરને અવશ્ય **પ્રાર્થના** કરવી જોઈએ, પરંતુ વિનાશી પદાર્થ માટે ક્યારેય પ્રાર્થના ન કરવી.'

માગ્યા વિના પણ ભગવાને ઘણું ઘણું આપ્યું છે, અમૂલ્ય છતાં સાવ મફત-ભેટ એની **કદર કરવી તે પણ** એમની **પ્રાર્થના** છે, પૂજા છે.

ભગવાન પાસે **કેવી પ્રાર્થના ન કરવી** જોઈએ ?

'सालोक्य सार्ष्टिसामीप्य सारूप्यै कत्वमप्युत ।

दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः ॥'

( भागवत : ३/२९-१३ )

ભગવાન કહે છે :- મારી સેવા વિના, મેં ભગવાને બળાત્કારે આપેલી સાલોક્યાદિ મુક્તિને પણ મારી નિષ્કામ ભક્તિવાળા ભક્તજનો ગ્રહણ કરતા નથી, તો સાંસારિક ફળને ન ગ્રહણ કરે તેમાં શું કહેવું ? તન, મન, ધન ભગવાનને અર્પણ કર્યા પછી ભગવાનની ઈચ્છા એ જ પોતાનું પ્રારબ્ધ માને. સુખદુઃખ ભગવાનની ઈચ્છાથી જ આવે છે એમ માની હંમેશા આનંદમાં રહી ભક્તિ કરે. કારણ, ઉત્તમ ભક્ત માટે તો સાધ્ય કેવળ ભગવાન જ છે, લૌકિક પદાર્થ નહિ કે લૌકિક સુખ નહિ. તેમછતાં આ લોકનાં ત્રિવિધ દુઃખોમાં માણસ ક્યારેક ધીરજ ગુમાવી બેસે તો અન્ય કોઈ ખોટા માર્ગે ન ચડી જતાં પોતાના સ્વામી, ઈષ્ટદેવ પાસે જ એમની પ્રાર્થના કરવી એમાં કોઈ દોષ નથી. (વચ.વર.૫), પરંતુ પ્રાર્થનાનો ઉત્તર પોતાની ઈચ્છા પ્રમાણે જ આવે એવો આગ્રહ ન સેવવો. પ્રાર્થના કર્યા પછી ભગવાનની ઈચ્છા હોય તે સ્વીકારવા તત્પરતા રાખવી જરૂરી છે.

**પ્રાર્થનાના લાભ શા ?**

પ્રાર્થનાથી **પરમાત્મા પ્રત્યેનો પ્રેમ** દૃઢ થાય છે, **શુભ ભાવનાઓ** અંતરમાં ઘૂંટાય છે. પ્રેમ હંમેશા આપતાં શીખ્યો છે, માગતાં નહીં. આવો શુદ્ધ પ્રેમઅંતરમાં પ્રગટ થતો જાય તેમતેમ**વસુધૈવ કુટુમ્બકમ્**ની **ભાવના,** સર્વત્ર **આત્મીય ભાવના** જાગૃત થાય છે. વ્યક્તિના આંતરિક માન, ઈર્ષ્યા, રાગ-દ્વેષ વગેરે દોષોનું શમન થાય છે. આથી આંતરિક શાંતિ તો મળે જ છે, પરંતુ આંતરિક સંઘર્ષોને કારણે થતા શારીરિક રોગોનું પણ નિવારણ સહેજે થઈ જાય છે.

પ્રાર્થનાથી અંતરના દોષો દૂર થાય છે, અંતરમાં શાંતિ પ્રસરાય છે, શારીરિક રોગો મટે છે, મન શાંત થતાં કૌટુંબિક વ્યવહારિક ઝઘડાઓ ઉત્પન્ન થતા જ નથી, વ્યક્તિ સુધરતાં **સામાજિક લાભ** થાય છે, વૈશ્વિક શાંતિના **બીજ** વવાય છે, ભગવત્પ્રેમ ઉત્કટ બને છે.

સંકટ સમયે અણીના પ્રસંગમાં **પ્રભુને પ્રાર્થના કરનાર ભક્તો**માં કુંડાળ્યના કલાભક્ત, પ્રાંતિજના કાનજી ભગત, અમદાવાદના ડોસાભાઈ, કમઢિયાના કાચા સંધી, સૂપેડીના ડાયાભક્ત, પીઠવાજાળના ખીમા ડોબરીયા, ભેંશજાળના ચાંદાબા, નાગનેશનાં અમરતબેન, જેતપુરના કડવીબાઈ, મેંગણીના નાનુબા, હળિયાદના રૂકમાઈ બાઈ, જામનગરના ઝવેરબાઈ વગેરે ભક્તોની **રક્ષા** સ્વયં ભગવાન શ્રીહરિએ કરી છે તેવા સંપ્રદાયમાં અનેક ઈતિહાસો પ્રસિદ્ધ છે.

**અનુસંધાન પેજ ૩૪નું ચાલું...**

લખ્યું છે માટે **એ ત્રણમાંથી જેને ફેર પડે તેને એક ઉપવાસ કરવો** એમઅમારી આજ્ઞા છે." એવી રીતે જે શ્રીજીમહારાજની આજ્ઞા તેને પાળવાનો નિયમએ સર્વેએ ધાર્યો જે, "હે મહારાજ ! જેમતમે કહો છો તેમઅમે સર્વે પાળીશું," તેને સાંભળીને શ્રીજીમહારાજ અતિશય પ્રસન્ન થઈને સર્વે સાધુ ને સર્વે બ્રહ્મચારીને મળતા હવા અને સર્વે સત્સંગીઓના હૃદયને વિષે પોતાના ચરણારવિંદ આપતા હવા.

આ વિધિનિષેધને એક વખત સમજી લીધા પછી દરરોજ વાંચવાની શી જરૂર ? પરંતુ શિક્ષાપત્રી એ ધર્મગ્રંથ છે. ધર્મ એ આચરણની વસ્તુ છે અને આચરણ એ ઘણું જ કપરું ચઢાણ છે. આસક્તિવશ માનવી એ માર્ગેથી ઘણી વખત જાણવા છતાં લપસી પડે છે. એનું **પ્રતિદિન વાંચન, શ્રવણ-મનન** કરવાથી જ આ આચરણની યથાર્થ દૃઢતા જીવનમાં શક્ય બને છે અને પછી આચરણ શક્ય બને છે. જેના જીવનમાં ધર્મનો સાક્ષાત્કાર થઈ જાય એવા પુરુષો પણ અન્યની શિક્ષા માટે આ નિત્યવાંચનરૂપી નિયમનો ત્યાગ કરતા નથી. શિક્ષાપત્રીનું નિયમિત વાંચન કરવાથી નિયમ-પાલનનું જાણપણું રહે છે. પરિણામે, **દુર્ગણો ટળે** છે અને ભક્તિના માર્ગે આગળ વધવાનું બળ મળતાં અંતરમાં **શાંતિ રહે** છે.

ગઢપુરમાં દાદાખાચરના પુત્ર અમરાખાચરે પોતાને ઘેર ઠાકોરજીનો થાળ વગેરે સેવા માટે એક બ્રાહ્મણને રસોયા તરીકે રાખ્યા હતા તેમણે એકવાર શિક્ષાપત્રીને પુંઠું ચડાવવા આપી હોવાથી એક દિવસ પાઠ કર્યો ન હતો. તે વાત અમરાખાચરના જાણવામાં આવી તો તેણે તે ભૂદેવને પાસે બેસારીને કારણ પૂછતાં ઉપરોક્ત કારણ બતાવ્યું ત્યારે અમરાખાચરે તેમને કહ્યું કે, આજે તો હું જ **તમારા વતી ઉપવાસ** કરું છું, પરંતુ હવે પછી જો આ પ્રમાણે ગાફલાઈથી પાઠ નહિ કરો તો તમારે જ ઉપવાસ કરવો પડશે. આ પ્રમાણે અમરાખાચર પોતાના સેવકોને પણ શિક્ષાપત્રીનો પાઠ કરાવવાનો ખટકો રાખતા હતાં. આ ઉપરથી સહેજે જાણી શકાય કે આ **શિક્ષાપત્રીનાં પાઠ**નો કેટલો **મહિમા** હશે!!

शिक्षापत्र्याः प्रतिदिनं पाठोऽस्या मदुपाश्रितैः ।



# અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્ય પ્રત્યે પાઠ કરવો...

- પાર્ષદ સર્વમંગલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

શિક્ષાપત્રી આપણા જીવનની નિયમાવલી છે. દરેક વસ્તુની ચોક્કસ નિયમાવલી હોય છે. એ નિયમો ન જાણતા હોઈએ તો મુશ્કેલી થઈ જાય. રસ્તામાં આપણે ચાલતા હોઈએ અને ટ્રાફિકના નિયમો ન જાણતા હોઈએ તો ? અકસ્માત સર્જાય. આપણા જીવનમાં અકસ્માતો ન થાય એ માટે શ્રીજી મહારાજે નિયમો ઘડી આપ્યા છે. **જીવનમાં ક્યાં અને ક્યારે શું કરવું, શું ન કરવું એની સ્પષ્ટતા કરતો સ્મૃતિગ્રંથ**, ધર્મગ્રંથ એટલે જ **શિક્ષાપત્રી**. આથી જ એનું **વાંચન** જરૂરી છે.

સર્વજીવ હિતાવહ ભગવાન શ્રીહરિ સ્વરૂપ **શિક્ષાપત્રીનો પાઠ** યથાશક્તિ યથાસમય કરવો. અને પાઠ કરતા એવી ભાવના વ્યક્ત કરવી કે, શ્રીજીમહારાજ પોતે જ મને કહે છે ને હું સાંભળું છું.

'शिक्षापत्र्याः प्रतिदिनं पाठोऽस्या मदुपाश्रितैः ।

कर्तव्योऽनक्षरज्ञैस्तु श्रवणं कार्यमादरात् ॥'

અને અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્યપ્રત્યે પાઠ કરવો અને જેને ભણતા આવડતું ન હોય તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું. (શિક્ષાપત્રી : શ્લોક - ૨૦૮)

'वक्त्रभावे तु पूजैव कार्याऽस्याः प्रतिवासरम् ।

मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ॥'

અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી; અને આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે. એ રીતે પરમઆદર થકી માનવી. (શિક્ષાપત્રી : શ્લોક - ૨૦૯)

આ જ વાત ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં શિક્ષાપત્રીનો **નિત્ય પાઠ** કરવાની **આજ્ઞા** કરતા કહે છે : "અમારી લખેલી જે શિક્ષાપત્રી તેનો **પાઠ** અમારા આશ્રિત જે ત્યાગી, સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ ભાઈ સર્વે તેમણે કરવો અને જેને ભણતાં ન આવડતું હોય તેને નિત્યે **શ્રવણ** કરવું અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની **પૂજા** કરવી. એવી રીતે અમે શિક્ષાપત્રીમાં જ



અનુસંધાન પેજ - ૩૩ પર...

# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા સ્વામી ધર્મવલ્લભદાસજી - રઘુવીરવાડી



જામકા(તા.ઉના)ને આંગણે યોજાયેલ કથા-પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



ચારોડીયા(તા. ગારીયાધાર)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં સત્સંગ સભા



રાણસીકીને આંગણે યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૧૮-૩-૨૦૦૯)



પુના (મહારાષ્ટ્ર)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય નિશ્રામાં યોજાયેલ 'ત્રિમાસિક સત્સંગ સભા'(તા. ૨૮-૩-૨૦૦૯)



કાંદિવલી(મુંબઈ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ દ્વિમાસિક સત્સંગ સભા (તા. ૨૯-૩-૨૦૦૯)



આખા(પીપલાણા)ને આંગણે યોજાયેલ કથા-પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૩૧-૩-૨૦૦૯)



નવી હળિયાદ(તા. બગસરા)ને આંગણે યોજાયેલ સત્સંગ સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રી (૩૧-૩-૨૦૦૯)



વડતાલ રઘુવીરવાડીને આંગણે ઉજવાયેલ ભગવાન શ્રી સ્વામિનારાયણનો '૨૨૮મો પ્રાકટોત્સવ'(તા. ૩-૪-૨૦૦૯)



સરધારને આંગણે ઉજવાયેલ ભગવાન શ્રી સ્વામિનારાયણનો '૨૨૮મો પ્રાકટોત્સવ'(તા. ૩-૪-૨૦૦૯)



માવા ડુંગર (શાંતિનગર)ને આંગણે યોજાયેલ કથા પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૪-૪-૨૦૦૯)



બિલા(તા.મહુવા)ને આંગણે યોજાયેલ સત્સંગ સભામાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૪-૪-૨૦૦૯)




ચાંગાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ વાર્ષિક પાટોત્સવ (તા. ૭-૪-૨૦૦૯)



ભૂપગઢને આંગણે યોજાયેલ શ્રી કષ્ટભંજન દેવનો છઠ્ઠો વાર્ષિક પાટોત્સવ (તા. ૮-૪-૨૦૦૯)

## અક્ષરનિવાસી ભક્તજનોને ભાવભીની શ્રદ્ધાંજલિ



સાવરકુંડલા નિવાસી પ.ભ. શ્રી ધરમશીભાઈ શામજીભાઈ લાતીવાળા (ઉંમર વર્ષ - ૭૭) તા. ૨-૪-૨૦૦૯ ચૈત્ર સુદ - ૮ના પવિત્ર દિવસે શ્રીજીમહારાજનું સ્મરણ કરતા કરતા બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજની જન્મભૂમિછપૈયા ધામમાં (સાવરકુંડલાથી છપૈયા સુધીની ૪૫ દિવસની પદયાત્રા સંઘ દરમ્યાન) અક્ષરવાસી થયા છે. તેઓ ભગવાન શ્રીહરિના અનન્ય આશ્રિત, ધર્મનિષ્ઠ, કર્મનિષ્ઠ, સેવાભાવી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી - પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ સાચા સંતોનો દૃઢ મનોબળથી સાથે પક્ષ રાખતા હતા. આવા ભક્તરાજના અક્ષરધામગમનથી સત્સંગ સમાજને અતિ ખોટ પડી છે. પરંતુ ભગવાન શ્રીહરિને ગમ્યું તે ખરું તે ન્યાયે તેઓશ્રીના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખને સહન કરવાની શક્તિ-બળ આપે અને તેઓ ભગવાન શ્રીહરિના મૂર્તિના સુખે સુખીયા થાય તેવી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં પ્રાર્થના...

**અમદાવાદ** :- મુળ વેળાવદરના શ્રી સાકરબેન નાગજીભાઈ રાખોલીયા (ઉંમર વર્ષ - ૭૫) ભગવાન શ્રીહરિનું સ્મરણ અને ભક્ત ચિંતામણીનું શ્રવણ કરતાં કરતાં અક્ષરનિવાસી થયા છે. તેઓ ભગવાન શ્રીહરિના મૂર્તિના સુખે સુખીયા થાય તેવી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં પ્રાર્થના...

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

# :: અભયદાન સત્સંગ સભા ::

**સરધાર** : તા. ૦૩-૦૫-૨૦૦૯, વૈશાખ સુદ - ૯ **સમય** :- સવારે ૯ થી ૧

**રાજકોટ** :- તા. ૨૫-૦૪-૦૯, ચૈત્ર વદ -૩૦, શનિવાર **સમય** :- રાત્રે ૯ થી ૧૧

**સરનામું** :- શ્રી મુકેશભાઈ ટાંક, ૧૭ કરણપરા - રાજકોટ. મો. ૯૪૨૭૯૨૪૫૮૧૨

**સંપર્ક** :- શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા - મો. ૯૪૨૬૨૨૯૫૫૮ ★ શ્રી કરશનભાઈ ઢાંકેચા - મો. ૯૪૨૬૭૮૧૧૭૯

**ચાલો ડોંબીવલી...** ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ **પધારો ડોંબીવલી...**

પ.પૂ. સનાતન પ.પૂ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલીનો ભવ્ય



# પંચમ વાર્ષિક પાટોત્સવ

## શ્રી પુરુષોત્તમપ્રકાશ કથા પારાયણ



પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

**તારીખ :- ૨૭-૫-૦૯ થી ૨-૬-૦૮ સુધી**

વક્તા :- પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી - સરધાર

આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ

**સ્થળ :- શ્રી સ્વા. મંદિર, રાજાજી રોડ, રેલ્વે બ્રીજની બાજુમાં, ડોંબીવલી (ઈસ્ટ) ફો.નં. ૨૪૫૩૮૭૫**

---

**ચાલો મીરારોડ...** ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ **પધારો મીરારોડ...**

પ.પૂ. સનાતન પ.પૂ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે મીરારોડને આંગણે ભવ્ય

# દ્વિમાસિક સત્સંગ સભા



**તારીખ :- ૦૨-૦૫-૨૦૦૯, વૈશાખ સુદ - ૮**

**સમય :- સાંજે ૪.૦૦ થી ૮.૦૦**

નિમંત્રક :- ધર્મકુળ આશ્રિત બૃહદ મુંબઈ પરાવિસ્તાર

શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ વતી મીરારોડ સત્સંગ સમાજ


સ્થળ :- સ્થળ :- 'પૂનમ સાગર હોલ' એસ્સેલવર્લ્ડની સામે, બાપા સીતારામનું મંદિર, મીરારોડ(ઈ) 'પૂનમ સાગર હોલ' એસ્સેલવર્લ્ડની સામે, બાપા સીતારામનું મંદિર, મીરારોડ(ઈ)

સંપર્ક : બાબુભાઈ ટાંક - મો. ૦૯૮૨૦૪૬૭૯૫૯, નાગાભાઈ મીરારોડ - મો. ૯૮૬૯૯૩૯૦૧૭, મનસુખભા દહિસર - મો. ૯૮૩૩૫૧૫૧૭૨


---

**ચાલો વણાદરા...** ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ **પધારો વણાદરા...**

પ.પૂ. સનાતન પ.પૂ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - વણાદરાનો ભવ્ય



# મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ



**તારીખ :- ૨૬ થી ૨૭ એપ્રિલ - ૨૦૦૯**

આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર તથા સમસ્ત ગામસત્સંગ સમાજ - વણાદરા

**સ્થળ :- શ્રી સ્વાનારાયણ મંદિર, મુ. વણાદરા, તા. ડભોઈ, જી. વડોદરા**

સંપર્ક : રામદાસભાઈ - મો. ૯૯૭૪૦૩૯૯૨૫, નવિનભાઈ - મો. ૯૯૦૯૯૪૦૧૮૧, રમેશભાઈ - મો. ૯૬૬૨૭૯૩૫૦૪

---

વક્તા :- પૂ. સ્વામી શ્રી નિષ્કામસ્વરૂપદાસજી

## મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તથા પરચા પ્રકરણ કથા પારાયણ

તારીખ :- ૪, ૫, ૬ મે - ૨૦૦૯

મહોત્સવ સ્થળ :- શ્રી સ્વા. મંદિર - યમુનાનગર સોસા. આઈટીઆઈની પાછળ, આંકલીયા. બીલીમોરા. મો. ૦૯૮૨૪૪૪૮૫૬૦



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
શ્રીજીમહારાજનું મહાન પ્રસાદિભૂત તીર્થધામ
સરધાર પધારો...બાળયુવા ધન બચાવો...
- હિંદુ ધર્મ તેમજ દેશ માટે બાળ-યુવાધનને સાચવવું અને તેને સાચો રાહ બતાવી સદ્ધર્મને માર્ગે વાળવા માટે...
- બાળકો અને યુવાનોને જીવનનો એક અજોડ રાહ મળે અને જીવનમાં એક નવો જ ઉત્સાહ પ્રગટ થાય તે માટે
- પોતાના પરિવાર અને ઘરને મંદિર સ્વરૂપી બનાવવા માટે...
શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ
પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી
પ.પૂ. લાલજી મહારાજશ્રી
પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)
તારીખ :- ૨૧ થી ૨૪ મે - ૨૦૦૮
ખાસ નોંધ :- આ મહોત્સવમાં ૧૫ થી ૪૫ વર્ષના તમામ પુરુષ તથા સ્ત્રીભક્તો એમબંને લાભ લઈ શકશે.
સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ મંદિર' સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩



મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ
શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ તથા શ્રીહરિયાગ યજ્ઞ
તારીખ :- ૨૬ એપ્રિલ થી ૨ મે - ૨૦૦૯
આયોજક :-
મહોત્સવ સ્થળ :- મું. ધોરા, તા.ઉમરેઠ, જી. આણંદ




चालो बोरिवली...
पधारिए बोरिवली...
श्री स्वामिनारायण महोत्सव
पंचम वार्षिक पाटोत्सव एवं श्रीमद सत्संगिजीवन ज्ञानयज्ञ
प्रवक्ता :- पू. स.गु. स्वामी श्री नित्यस्वरुपदासजी - सरधार (गुजरात)
दिनांक : 11 से 19 मे - 2009
कथा समय : दोपहर ३-३० से ६-३०, रात्रे ८-०० से १०-३०




ચાલો સલડી...
પધારો સલડી...
મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તથા
શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ
વક્તા :- પૂ. શા. કો. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી - ગઢપુર
તારીખ :- ૨૬-૪-૦૯ થી ૨-૫-૦૮ સુધી
નિમંત્રક :- શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ વતી કો. સ્વામી વિશ્વવલ્લભદાસજી
મહોત્સવ સ્થળ :- મુ. સલડી, તા. લીલીયા, જી. અમરેલી. ફો.નં. ૯૪૨૬૮૦૪૧૦૯

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



**ભારત દેશના મુખ્ય તીર્થસ્થાન રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રિનાથ અને દ્વારિકા આદિર ચારધામોની**

પ.પૂ. સનાતન પ.પૂ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત છઠ્ઠી

# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા-૨૦૦૯

**પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)**

## તારીખ :- ૧-૮-૨૦૦૯ થી ૩૦-૮-૨૦૦૯ સુધી

**ટીકીટ દર :- રૂા. ૧૯,૫૦૦/-** **કુલ દિવસ :- ૩૦ (ત્રીસ)**

ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીના શ્લોક ૮૩માં કહ્યું છે કે, 'कर्तव्या द्वारिका मुख्य तीर्थयात्रा यथाविधि ।' 'સર્વે જે અમારા આશ્રિત તેમણે દ્વારિકા આદિક જે તીર્થ તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિએ કરીને કરવી.' તેમજ વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમપ્રકાશમાં લખે છે : **'ભાગ્ય મોટા એ ભૂમિનાં, જીયાં હર્યા ફર્યા હરિ આપ; પાવન થઈ એ પૃથ્વી, હરિચરણને પ્રતાપ.'** આવા શુભ હેતુથી સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અને પ.પૂ. સનાતન પ.પૂ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્ય સ્થાન છપૈયા અને નીલકંઠ વર્ણીરૂપે શ્રીજીમહારાજે જ્યાં વનવિચરણ કર્યું છે તેમજ ભારત દેશના મુખ્ય તીર્થસ્થાન ગણાતા એવા રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રિનાથ અને દ્વારિકા આદિક પવિત્ર ચારધામોની શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા છઠ્ઠી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'નું તા. ૦૧-૦૮-૦૯ શ્રાવણ સુદ - ૧૧ થી તા. ૦૩૦-૦૮-૦૮ ભાદરવા સુદ - ૧૦ સુધી આયોજન કરવામાં આવ્યું છે. તો આ યાત્રામાં પવિત્ર બ્રહ્મનિષ્ઠ સંતોના સાંનિધ્યમાં સંપન્ન કરી જીવનને ધન્યભાગી બનાવવાનો સોનેરી અવસર રખેને ચૂકાય ન જાય !!!

**નોંધ :- આ ટ્રેનયાત્રામાં પુરુષ ભક્તો અને સ્ત્રીભક્તો એમ બંને લાભ લઈ શકશે.**

### દર્શનીય પવિત્ર તીર્થસ્થળો

**નાસિક, ત્ર્યબંકેશ્વર, પંઢરપુર, રામેશ્વર, ત્રીચીનાપલ્લી, શ્રીરંગક્ષેત્ર, શિવકાંચી-વિષ્ણુકાંચી (કાંચીપૂરમ્), સુવર્ણ મંદિર - વેલુર, ભૂતપુરી, તિરૂપતિ બાલાજી, જગન્નાથપુરી, ભૂવનેશ્વર, સાક્ષીગોપાલ, ગયાજી, બૌદ્ધગયા, કાશી(વારાણસી), પ્રયાગરાજ-અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, હરિદ્વાર, ઋષિકેશ, કેદારનાથ, બદ્રિનાથ, મથુરા, વૃંદાવન, ગોકુળ, વડતાલ, રાજકોટ**

### બુકિંગ માટે સંપર્ક

**૧. શ્રી સ્વા.મંદિર - સરધાર,** ફો. ૦૨૮૧-૨૭૮૧૨૧૧, ૯૮૭૯૭ ૫૮૫૦૩. **૨. શ્રી સ્વા.મંદિર - ડોંબીવલી,** ફો. ૦૨૫૧-૨૪૫૩૮૭૫, ૨૪૨૦૬૮૦. . **૩. શ્રી સ્વા.મંદિર - બગસરા-ખોપાળા,** ફો. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧, ૦૨૮૪૭ - ૨૮૨૦૩૭. **૪. શ્રી સ્વા.મંદિર - જેતપુર,** ફો. ૦૨૮૨૩ - ૨૨૦૦૭૪ **૫. શ્રી સ્વા.મંદિર - શ્રીજીનગર - સુરત,** ફો. ૯૮૭૯૭ ૫૮૫૧૩. **૬. શ્રી સ્વા.મંદિર - બોરીવલી,** ફો. ૦૨૨ ૨૮૯૦૩૭૧૭. **૭. શ્રી સ્વા.મંદિર - વરજાંગ જાળિયા,** ફો. ૯૮૭૯૬ ૯૧૮૯૬. **૮. ધર્મવલ્લભ સ્વામી - વડતાલ,** ફો. ૯૮૨૫૧ ૩૪૧૦૮. **૯. મનસુખભાઈ દહિસર,** ફો. ૦૯૮૩૩૫ ૧૫૧૭૨. **૧૦. ઈશ્વરભાઈ - અમદાવાદ,** ફો. ૯૯૨૫૦ ૪૪૧૦૮. **૧૧. દુર્લભજીભાઈ - નવસારી,** ફો. ૯૩૨૮૦૧૬૪૨૧. **૧૨. અશોકભાઈ વિદ્યાનગર,** ફો. ૯૮૨૪૪૯૩૩૮૭. **૧૩. કાંતિભાઈ - પુના,** ફો. ૦૯૯૨૧૨૨૫૫૮૮

|| શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ||

# ૮ મો વાર્ષિક પાટોત્સવ

અંતર્ગત

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ

## તથા ભવ્ય સાંસ્કૃતિક પ્રદર્શન

**વક્તા :-** પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ - સરધાર)

:: મહોત્સવ પ્રારંભ ::

તા. ૩-૫-૨૦૦૯, વૈશાખ સુદ - ૯

:: મહોત્સવ પૂર્ણાહુતિ ::

તા. ૯-૫-૨૦૦૯, વૈશાખ સુદ - ૧૫



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી





પ.પૂ. લાલજી મહારાજશ્રી

**કથા સમય :-** બપોરે ૩.૦૦ થી ૬-૦૦ રાત્રે ૮-૦૦ થી ૧૧-૦૦

-: આયોજક :-

શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ-શ્રીજીનગર

મો. ૯૮૭૯૭૫૮૫૧૩

-: નિમંત્રક :-

શ્રી મગનભાઈ તથા નાગજીભાઈ તથા લાલજીભાઈ

ખીમજીભાઈ રાખોલીયા (વેળાવદર)

**મહોત્સવ સ્થળ :-** યોગી ચોક, ચોપાટી સામે, વરાછા રોડ, સુરત.

સંપર્ક : નાગજીભાઈ - મો. ૯૯૭૯૪૨૨૧૦૦, જયંતિભાઈ - મો. ૯૮૨૫૪૨૩૩૭૫,

દલસુખભાઈ - મો. ૯૮૨૫૩૫૮૨૫૮, ચિરાગભાઈ - ૯૯૦૯૬૫૨૨૦૦, ઘનશ્યામભાઈ - ૯૮૨૫૭૦૪૬૧૦

**આ મહોત્સવનું 'રીયલ નેટવર્ક' પર લાઈવ પ્રસારણ કરવામાં આવશે.**

Shree Swaminarayan Chintan, April - 2009 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે ભગવાન શ્રીહરિના પ્રસાદીક ગામ ભોયરા (જૂનાગઢ)ને આંગણે યોજાયેલો મંદિરનો ભવ્ય '૨૫મો વાર્ષિક પાટોત્સવ' (તા. ૧૭ થી ૨૫ એપ્રિલ - ૦૯)

- છબીકલા : શ્રીહરિ ડિજીટલ સ્ટુડિયો - જુનાગઢ, મો. ૯૮૨૫૫૦૩૦૧૫૦, પરેશ ભાલાળા - જુના. મો. ૯૮૨૫૭૫૦૮૮૪

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji